# અજાતશત્રુની અમરવાણી

— લેખક —


પરમપૂજ્ય પરમશાસનપ્રભાવક
આચાર્યદેવ શ્રીમદ્ વિજય
રામચંદ્રસૂરીશ્વરજી મ૦ નાં શિષ્યરત્ન
અજાતશત્રુ અણગાર
સ્વ૦
પૂ. પં. શ્રી. ભદ્રંકરવિજયજી ગણિવર


— પ્રકાશક —


પ્રકાશચંદ્ર વિજાપુરવાળા
જયંતિલાલ પાટણવાળા


: સંપાદક :


પૂ. મુનિશ્રી પૂર્ણચંદ્રવિજયજી મહારાજ

— પ્રાપ્તિ સ્થાન —

શા. જયંતિલાલ મણીલાલ
૮૭, વાલકેશ્વર રોડ,
ફ્લેટ નં. ૯, ત્રીજે માળે,
મુંબઈ – ૪૦૦ ૦૦૬.

મૂલ્ય :

વાંચીને બીજાને વાંચન માટે આપો.

મુદ્રક :—
ચંપકલાલ મગનલાલ પટેલ

મુદ્રણાલય :-
અંબિકા આર્ટ પ્રિન્ટરી
હિંગળાચાચર,
પાટણ. (ઉ ગુ)
૩૮૪ ૨૬૫

श्री नमस्कार महामंत्र

णमो अरिहंताणं
णमो सिद्धाणं
णमो आयरियाणं
णमो उवज्झायाणं
णमो लोए सव्वसाहूणं
एसो पंचनमुक्कारो
सव्वपावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं॥



નામ પારસમણિ છે, તેમન
રૂપી લોખંડને સુવર્ણ બનાવે છે
નમસ્કાર અચિન્ત્ય ચિન્તામણિ
છે, તે આત્મા રૂપી સુવર્ણને પાર-
સ બનાવે છે. નામ પરિચય કરાવે
છે નમસ્કાર સમર્પણ કરાવે છે.
નામ એ દર્શન છે, નમસ્કાર એ
ક્રિયા છે. નામ રૂપી વિજ્ઞાન વડે ન-
મસ્કાર રૂપી પરિણતિ થાય છે.
નામ એ વસ્તુતંત્ર છે, નમસ્કાર
એ પુરુષતંત્ર છે. નામ થી વસ્તુનો
બોધ થાય છે નમસ્કાર થી આત્માની
પરિણતિ પલટાય છે.

પૂ.પં.શ્રી. ભદ્રંકર વિજયજી ગણીવર્ય ના હસ્તાક્ષરો

# 卐 વંદના 卐

## સ્વર્ગત પૂ. પંન્યાસજી મહારાજ
## શ્રી ભદ્રંકર વિજયજી ગણિવર!

વિકરાળ એવા કલિકાળમાં જન્મીને આપે જીવનને જીવી જાણ્યુ. સમતા અને શક્તિના તેજ:પુંજ સમા આપે મૈત્રી-ભાવનાનો મર્મ સમજાવ્યો અને 'શિવમસ્તુ સર્વજગત:'ની ભાવનાની ભવ્યતા ખુલ્લી કરીને આપે સ્વ-પરોપકારની એક ગંગોત્રી વહાવી. જ્ઞાન-દર્શન-ચારિત્રની આપની સાધના અગાધ હતી. આપનું સાધના-પૂત સાહિત્ય આજે પણ અનેક જીવો માટે માર્ગદર્શક બનીને ઉપકારક બની રહ્યું છે. આપની દૃષ્ટિમાંથી એવુ વાત્સલ્ય નીતરતું હતું કે એકવાર પણ આપના દર્શન પામનારી વ્યક્તિ જીવનભર એની ધન્યતા અનુભવી શકતી.

'જેના મનમાં શ્રીનવકાર, તેને શું કરશે સંસાર?' ની ઉક્તિ આપે કવન દ્વારા પ્રસિદ્ધ કરી અને જીવન દ્વારા સિદ્ધ કરી બતાવી! આપના ચરણારવિંદમાં અમારી ભાવી ભીની અગણિત વંદનાવલિ!

— પ્રકાશચંદ્ર વિજાપુરવાળા
— જયંતિલાલ પાટણવાળા

## પ. પૂ. અધ્યાત્મમૂર્તિ સૂક્ષ્મતત્ત્વચિંતક

## પંન્યાસશ્રી ભદ્રંકર વિજયજી ગણીવર



જન્મ : વિ. સં. ૧૯૫૯ માગશર શુદ ૩ પાટણ

દીક્ષા : વિ. સં. ૧૯૮૭ કારતક વદ ૩ મુંબઈ-ભાયખલા

પન્યાસપદ : વિ. સં ૨૦૦૭ મહા શુદ ૧૨ પાલીતાણા

સ્વર્ગવાસ : વિ. સં. ૨૦૩૬ વૈશાખ શુદ ૧૪ પાટણ

## પ્રસ્તાવના......

# મંગળ પ્રકાશ

વર્તમાન વિષમકાળના પ્રભાવે સાચી તત્ત્વજિજ્ઞાસા–અધ્યાત્મરુચિ દોહ્યલી બની રહી છે. સંત કોટિના તત્ત્વચિંતકો અને તત્ત્વચિંતન સભર સાહિત્ય અતિ અલ્પ પ્રમાણમાં જોવા મળે છે ત્યારે–

અહિંસા, સંયમ અને તપની પવિત્રતમ આરાધનામાં ઓતપ્રોત, મંત્રાધિરાજ શ્રી નવકારના અનન્ય ઉપાસક શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતો સાથે એકાકારતા સિદ્ધ કરનાર પ્રશમરસનિધિ પૂજ્યપાદ પંન્યાસ પ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મહારાજની આ કૃતિ ભૂખ્યાને ઘેબરના ભોજન જેવી, તરસ્યાને અમૃતના પાન સમી પ્રતીત થાય છે.

આ પુસ્તક અંગે પ્રસ્તાવનારૂપે કંઈક લખી આપવાની માગણી આવી ત્યારે શું લખવું ? એ એક સવાલ બની જાય છે. અમૃતમાં સાકર ભેળવવા જેવું કે ચંદ્રમાને ધવલિમા લગાડવા જેવું લાગે છે, છતાં ભક્તિથી પ્રેરાઈને કંઈક લખવા પ્રેરાયો છું.

આ પુસ્તકમાં પીરસાયેલી વિવિધ ચિંતન–મનનની અમૃત રસધારાનું જે કોઈ તત્ત્વપિપાસુ રસપૂર્વક પાન કરશે, તેના આત્માના પ્રદેશે–પ્રદેશે વ્યાપી ગયેલા અજ્ઞાન, મોહ અને અવિવેકના ઝેરી રજકણોની ઉગ્રતા શાંત–પ્રશાન્ત થયા વિના નહિ રહે.

કર્ણમાં મણ જેવા આ અમૃતમય વચનો કેવાં રસાળ, કામણગારા અને ચેતનવંતા છે, તે જાણવા અને તેને આસ્વાદ માણવા આ પુસ્તકનું વિહંગાવલોકન કરીએ.

સૂર્યના પહેલા કિરણ જેવા પુસ્તકના પહેલાં પાના પરનું લખાણ પ્રકાશરૂપે કહે છે કે–

"ધર્મ એ સર્વોત્કૃષ્ટ મંગળ છે. તે ધર્મની સ્તુતિ અને પ્રશંસા શ્રી તીર્થંકર ભગવંતો અને શ્રી ગણધર ભગવંતો પણ કરે છે. કારણ કે તે ધર્મનો મહિમા તેમણે સાક્ષાત્ જોયો છે, અનુભવ્યો છે, સ્વયં સ્વીકાર્યો છે અને અન્ય સર્વને તેનો સ્વીકાર કરાવવા માટે તેઓ ઉપદેશ આદિ આપવા સતત પ્રયત્નશીલ રહે છે.

ધર્મના માહાત્મ્યનો શ્રદ્ધાપૂર્વક સ્વીકાર કર્યા વિના ધર્મનું પાલન થઈ શકતું નથી, અને જીવનમાં ધર્મના પાલન વિના તેનો વાસ્તવિક લાભ મેળવી શકાતો નથી."

ન ઇચ્છવા છતાં આ ચંચળ ચિત્ત વારંવાર રાગ, દ્વેષ અને મોહને વશ બની આર્ત્ત–રૌદ્ર ધ્યાનમાં ચડી જાય છે. તેના પરિહાર માટે વસ્તુના સ્વભાવનો વિચાર કેટલો ઉપકારક છે, તે નીચેના લખાણમાં છે.

"વસ્તુના બે ધર્મો ઉત્પાદ અને વ્યય અનુક્રમે રાગ અને દ્વેષ ઉત્પન્ન કરે છે, પરંતુ વસ્તુમાં રહેલો ધ્રૌવ્ય–ધર્મ રાગ–દ્વેષના પ્રસંગમાં પણ મધ્યસ્થ પરિણામ પેદા કરે છે. પણ જો એકલો ધ્રૌવ્ય–ધર્મ જ માનવામાં આવે તો મોહ–મૂર્છા

ઉત્પન્ન થાય. તેને નિવારવાનું સામર્થ્ય, ઉત્પાદ અને વ્યય ધર્મોમાં છે.

આ રીતે ત્રિધર્મયુક્ત વસ્તુ–સ્વભાવ પરમ ઔદાસીન્ય ભાવ પેદા કરે છે.

ધર્મનું અંતિમ લક્ષણ "વત્થુ સહાવો ધમ્મો" કહેલું છે. વસ્તુનો સ્વભાવ એજ ધર્મ છે.

જડ કે ચેતન વસ્તુ માત્રમાં તે ધર્મ પોતાનું કાર્ય કરે છે એવું જ્ઞાન થવું, તેની શ્રદ્ધા થવી એટલે કે હૈયાથી સ્વીકાર કરવો અને સ્વીકાર મુજબ આચરણ કરવું એજ મોક્ષનો માર્ગ છે."

ખળખળ વહેતા નિર્મળ ઝરણાં જેવા આ પુસ્તકના પ્રવાહમાં શ્રદ્ધા અને ભક્તિના સુમેળની વાત કેવી આલ્હાદક છે તે જોઈએ.

"ક્રિયાનું મૂળ શ્રદ્ધા, શ્રદ્ધાનું મૂળ ભક્તિ, ભક્તિનું મૂળ ભગવાનના અતીન્દ્રિય સામર્થ્યનું જ્ઞાન અને જ્ઞાનનું મૂળ આત્મદ્રવ્ય છે, માટે જ તેને ઓળખાવનાર પરમાત્મ તત્ત્વ પ્રત્યે ભક્તિ જાગે છે. ભક્તિ સમ્યક્ક્રિયા તરફ આદર પેદા કરે છે. આદર સુપ્રયત્નમાં પરિણમે છે.

પ્રભુના અનુગ્રહથી જ આત્મજ્ઞાન, સતશ્રદ્ધા અને સત્ક્રિયા વગેરે ઉત્પન્ન થાય છે, એવો દઢ નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ જીવને અવશ્ય હોય છે."

મનનીય આ જ પુસ્તકમાં **આત્મ–સાક્ષાત્કારનો** ઉપાય વર્ણવ્યો છે તે જોઈએ.

" શુદ્ધ ધર્મ એટલે નિર્વિચાર ચૈતન્યમાં થયેલો બોધ. વિચાર મનમાં થાય છે, નિર્વિચાર ચૈતન્ય અતીન્દ્રિય છે. નિર્વિચાર અવસ્થા ચરમબિંદુએ પહોંચે છે, ત્યારે આત્મ–સાક્ષાત્કાર થાય છે.

ઇન્દ્રિયો અને વિચારને સીમા હોય છે. અસીમ એવા આત્માને જાણવા માટે તેનાથી ઉપર ઉઠવું પડશે.

આત્માને જોવાની આંખ અનોખી જ હોય છે. તે આંખને 'સમાધિયોગ' કહેવાય. ચિત્તવૃત્તિઓના વિસર્જનથી જ્યારે એ બંધ આંખો ઉઘડે છે, ત્યારે આપણું સમગ્ર જીવન અનુભવ–અમૃતના સિંચનથી પાવન બને છે. દિવ્ય પ્રકાશથી પ્રકાશિત બને છે. તે સમયે વિચાર નહિ, પણ માત્ર દર્શન હોય છે."

હવે જોઈએ કરૂણા વિષે. કરૂણાગુણ જાત અને જગત માટે કેવો અનન્ય ઉપકારક ગુણ છે! શ્રી તીર્થંકર પરમાત્મા જેવા અસાધારણ લોકોત્તમ પુરુષ શ્રેષ્ઠની જગતને ભેટ ધરનાર આ કરૂણાગુણ છે.

**રસાધિરાજ કરૂણારસ** વિષે પૂજ્ય શ્રી આ પુસ્તકમાં ફરમાવે છે કે–

" જીવરૂપી તામ્રને સુવર્ણ બનાવનાર કરૂણારસ છે. શ્રી જિનેશ્વર પરમાત્માની મૂર્તિમાં કરૂણાનો સાગર ઉભરાતો

દેખાય છે, એનું કારણ એ છે કે તેઓમાં ગત ત્રીજા ભવમાં સર્વ જીવરાશિ પ્રત્યે પરમોત્કૃષ્ટ કરૂણાનો પ્રવાહ નિરંતર વહે છે. જે ભાવ કરૂણારસના પ્રભાવે શ્રી તીર્થંકર ભગવંતોમાં પરમ તારક તીર્થની સ્થાપના કરવાનું સામર્થ્ય પ્રગટે છે.

જીવમાત્રમાં એ કરૂણારસ પ્રચ્છન્નપણે રહેલો છે. તેને પ્રગટ કરવા માટે આલંબન અને ઉદ્દીપન જોઇએ. તેમાં આલંબનરૂપે જગતના દુઃખી જીવો છે અને ઉદ્દીપનરૂપે તેમની યાતનાઓ છે. તે યાતનાઓને જોતાં જ કરૂણા રસ ઉછળી પડે છે.

કેવળજ્ઞાન અને અવ્યાબાધ સુખ, એ અનુભવ કરનારને આનંદ આપે છે, પરંતુ કરૂણારસ તો સ્વ–પર ઉભયને સુખકારક–આનંદદાયક નીવડે છે. ધર્મનું ધર્મત્વ કરૂણામાં છે. ધર્મ કરૂણામય–દયામય છે.

પ્રભુની આજ્ઞા એજ મોક્ષ છે. અહીં કારણમાં કાર્યનો ઉપચાર થયો છે. પ્રભુની કરૂણા પ્રભુઆજ્ઞા છે, પણ પ્રભુની આજ્ઞાનું કારણ, પ્રભુમાં રહેલી ભાવ કરૂણા છે.

આપણે પણ પ્રભુની આજ્ઞાનું યથાર્થ પાલન ત્યારે જ કરી શકીએ, જ્યારે સર્વ જીવોને આત્મતુલ્ય માનીને તેઓના દુઃખને દૂર કરવા પ્રયત્નશીલ બનીએ.

સ્વયંભૂરમણ સમુદ્ર કરતાં પણ અતિશય વિશાળ કરૂણારસના સિંધુ સમા શ્રી તીર્થંકર પરમાત્માની કરૂણા

એજ સર્વ જગજીવકલ્યાણકારિણી અને ભવજલતારિણી શક્તિ છે."

અત્યંત દુર્લભ એવા આત્મતત્ત્વના દર્શન માટે જીવનમાં કયો અભ્યાસ જરૂરી છે? અનાદિના અશુદ્ધ આત્મ-તત્ત્વના શુદ્ધિકરણના મૂળમાં કઇ વસ્તુ અગત્યની છે? અને ધર્મની મંગલમયતા કોને આભારી છે? આ જિજ્ઞાસાને સંતોષવા વિચારો આ આત્મૌપમ્યની ભાવના.

"વ્યવહારથી સમ્યગ્ દર્શન ગુણની પ્રાપ્તિ તો જૈનકુળમાં જન્મ્યા ત્યારથી કહી શકાય. પરંતુ નિશ્ચયથી સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ તો પ્રબળ પુરુષાર્થથી ગ્રન્થિભેદ થવાથી જ થઇ શકે. તેની પ્રાપ્તિ વખતે અપૂર્વ આનંદ અનુભવાય છે. સમ્યગ્ દર્શન, તત્ત્વરૂચિરૂપ છે.

તત્ત્વમાં પણ આત્મતત્ત્વ મુખ્ય છે. આત્મા વડે આત્મતત્ત્વનું દર્શન થવું દુર્લભ છે. આપણને જીવોના વિશેષ પ્રકારનો બોધ છે, પણ સામાન્યથી જીવત્વરૂપે સર્વ જીવો એક પણ છે, એવો અભેદ બોધ થતો નથી, તેથી આપણો ધર્મ મૈત્ર્યાદિભાવ સંયુક્ત બનતો નથી.

ધર્મને મૈત્ર્યાદિ સંયુક્ત બનાવવા માટે આત્મૌપમ્ય અભેદભાવનો અભ્યાસ અત્યંત આવશ્યક છે.

અભેદની દૃષ્ટિ, પ્રાણી માત્ર પ્રત્યે મૈત્રીભાવ કેળવવાથી પુષ્ટ બને છે. એવો મૈત્રીભાવ કેળવાય તો જ દુઃખીના દુઃખને દૂર કરવાની કરૂણાવૃત્તિ, ગુણાધિક પ્રત્યે પ્રમોદવૃત્તિ અને જડ એવા અપાત્ર પ્રત્યે માધ્યસ્થ્ય કે તટસ્થવૃત્તિ

સંભવી શકે.

એવી વૃત્તિ આવે તો જ અહિંસાદિ અને ક્ષમાદિ ધર્મો સાર્થક બની શકે.

જેમ જેમ સંક્લેશ દૂર થવાથી પરિણામની શુદ્ધિ થાય છે, તેમ તેમ બીજા જીવો સાથે આત્મૌપમ્ય ભાવ વધારે સ્પષ્ટ થતો જાય છે અને જીવનમાં ઉતરતો જાય છે.

સર્વ પ્રાણીઓને આત્મ સમાન જોવા, આત્મરૂપે જોવા, પોતાના જ અંગરૂપ માનવા–અનુભવવા એ ધર્મ છે, એ જ ઉત્કૃષ્ટ મંગળ છે.

આવી આત્મૌપમ્ય દૃષ્ટિમાંથી પરમ કૃપાળુ શ્રી તીર્થંકર પરમાત્માએ વિશ્વને અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મ આપ્યો છે. માટે આત્મૌપમ્ય દૃષ્ટિ ધર્મનું મૂળ છે. તેના જતનથી ધર્મનું જતન છે અને તેના વિજયથી ધર્મનો જ વિજય છે. તેના વિકાસથી ધર્મનો જ વિકાસ છે."

બીજાના સુખ અને બીજાની સિદ્ધિને પોતાના બનાવવા હોય તો ચિત્તમાં મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ આ ચાર ભાવનાઓને સદા રમતી રાખો. ચાર ભાવનાઓનો પ્રભાવ જાણવા વાંચો........!

"રાગદ્વેષાદિ દોષોને નિર્મૂળ કરવાનું સામર્થ્ય મૈત્ર્યાદિ ભાવનાઓમાં રહેલું છે. તે આ રીતે :–

**ધર્મનો રાગ** :– પુણ્યવાન પ્રત્યે અસૂયાને બદલે અનુરાગ પેદા કરે છે. (મૈત્રી)

**પાપનો દ્વેષ :-** પાપી પ્રત્યે તિરસ્કારને બદલે અનુકંપાયુક્ત માધ્યસ્થ્ય પેદા કરે છે.

પુણ્યવાન પ્રત્યે હર્ષ એ પ્રમોદરૂપ છે અને પાપી પ્રત્યે માધ્યસ્થ્ય એ ઉપેક્ષાભાવ છે.

જે વ્યક્તિના જીવનના મૂળમાં મૈત્રીભાવનાં અમી સિંચાએલાં હોય છે. તે પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થભાવની પાત્રતા પ્રગટાવીને સ્વ-પરને શ્રેયસ્કર જીવન જીવી જાય છે.

સારાંશ કે મૈત્ર્યાદિભાવો એ ધર્મમય જીવનનું જીવન છે. તેના સેવનમાં સ્વ-પરનું કલ્યાણ સમાએલું છે.

અહિંસા-દયા-મૈત્રી આ ત્રણેની શાબ્દિક ભિન્નતા છે, છતાં અર્થ-કાર્યરૂપે એકતા છે ”

“ શ્રમ થોડો અને ફળ ઘણું ” શ્રી જૈનશાસન દત્ત આ અનુપમ કળા સાધવા આપણે પ્રયત્નશીલ બનીએ.

આ રહ્યો તેનો ઉપાય **અનુમોદના-અનુબંધ**

“ આપણે જે પૂજા, જાપ, સામાયિક, વ્રત, નિયમ વગેરે અનુષ્ઠાનો કરીએ છીએ તેની અનુમોદના કરવી જોઇએ. તેમજ તે અનુષ્ઠાનો જ્યાં જ્યાં થતાં હોય તેની પણ વિશેષ ભાવપૂર્વક અનુમોદના કરવી જોઇએ.

એ રીતે ત્રણ કાળ અને ત્રણ લોકના ધર્મ (શ્રી જિનોક્ત અનુષ્ઠાન) ની અનુમોદના થવી જોઇએ. તે વિશેષ ફળદાયી બને છે. અનુમોદનાથી ધર્મના અનુબંધ પડે છે.

## અનુમોદનાનાં ચિન્હો :-

ઉત્તમ દૃશ્ય, પ્રસંગ ઉજવાતો જોઈ હૃદયમાંથી હર્ષના ઉદ્ગાર નીકળવા, આંખોમાં હર્ષના આંસુ આવવા, જબાનમાં મીઠાશ પેદા થવી, 'ધન્ય! ધન્ય! અહો! અહો! એવા આશ્ચર્યવાચી શબ્દો બોલવા વગેરે લક્ષણોથી જાણી શકીએ કે આ વ્યક્તિમાં અનુમોદના ગુણ ખીલી ઉઠયો છે."

આ રીતે મલિન જળને નિર્મળ કરતા કતકફળના ચૂર્ણની જેમ મલિન આત્માને નિર્મળ કરનારા અનેક ગુણો આ ગ્રંથ-રત્નમાં ઝળઝળે છે.

તેમાં અનેકાંતની આત્મહિતકર વાતો છે. દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદન અને ચતુઃશરણગમનનો અલૌકિક મહિમા છે. આજ્ઞાની આરાધનાનું જીવંત મહાગાન છે. દેવ-ગુરૂની અસીમ કૃપાનો અપાર પ્રભાવ છે.

ગાગરમાં સાગર સમા આ મનનીય ગ્રંથનું મન દઈને અધ્યયન કરવાથી જીવનમાં સાગરની ગંભીરતા અને અદ્ભુત ગુણ-રત્નોની આગવી ઝલક અનુભવવા મળે છે.

પરમ સામાયિક યોગની સાધનામાં આકંઠલીન પ. પૂ. પંન્યાસજી મહારાજનાં અમાપ ઉપકારોને કૃતજ્ઞભાવે પુનઃ પુનઃ નમસ્કાર........

લી.

આ. શ્રી કલાપૂર્ણસૂરિ.

મનફરા

શ્રા. સુ. ૧૫

-:*:-

# અજાતશત્રુની અમરવાણી



# (૧) ધર્મ સર્વોત્કૃષ્ટ મંગળ !

ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે. સર્વ કાર્યોની સિદ્ધિ ધર્મથી થાય છે.

ધર્મની સ્તુતિ અને પ્રશંસા શ્રી તીર્થંકર અને ગણધર ભગવંતો પણ કરે છે. આ જગતમાં ધર્મ ઉત્તમ અને શરણભૂત છે, એમ તેઓ ઉપદેશમાં ફરમાવે છે કારણ કે, તે ધર્મનો મહિમા તેમણે સાક્ષાત્ જોયો છે, અનુભવ્યો છે, સ્વયં સ્વીકાર્યો છે અને અન્ય સર્વને તેનો સ્વીકાર કરાવવા એ તારકો સતત પ્રયત્નશીલ રહે છે.

ધર્મ અચિંત્ય શક્તિ–સંપન્ન છે, અને તે પોતાનું કાર્ય પ્રતિસમય અટકયા વિના કર્યે જ જાય છે. પરંતુ જ્યાં સુધી તેના માહાત્મ્યનો શ્રદ્ધાપૂર્વક સ્વીકાર કરવામાં ન આવે, ત્યાં સુધી તેનો લાભ ઉઠાવીશકા તો નથી.

ધર્મ સિવાયની વસ્તુ અને તેનો પ્રભાવ, મનઃકલ્પિત છે, ધર્મનો પ્રભાવ તાત્ત્વિક છે. પરંતુ તે તાત્ત્વિક પ્રભાવને અનુભવવા માટે તેના સ્વીકારની આવશ્યકતા છે. એ સ્વીકાર શ્રી જિનવચનથી, પોતાની બુદ્ધિથી, ઉહાપોહ અને સ્વ–સંવેદનથી પણ થઈ શકે છે. ગમે તે પ્રકારે પણ ધર્મના પ્રભાવનો સ્વીકાર શ્રદ્ધાપૂર્વક થાય તો તરત જ જીવનું કલ્યાણ થાય ! એ ચોક્કસ વાત છે.

### ધર્મના બે પ્રકાર:

ધર્મ બે પ્રકારનો છે. એક શ્રુતરુપ અને બીજો ચારિત્રરુપ !

શ્રુતરુપધર્મ વસ્તુ-સ્વભાવને જણાવે છે.

ચારિત્રરુપધર્મ વસ્તુ-સ્વભાવના થયેલા જ્ઞાન મુજબ આચરણ કરવાનું કહે છે. એ આચરણ જ મોક્ષને આપનારું થાય છે.

જ્ઞાનરુપધર્મ વસ્તુના સ્વભાવને જણાવે છે. ચારિત્રરુપ-ધર્મ એ સ્વભાવ મુજબ આચરણ કરાવી, તેના ફળનો જીવને ભોક્તા બનાવે છે.

## વત્થુ સહાવો ધમ્મો :

વસ્તુના સ્વભાવરૂપ ધર્મ-ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે. વસ્તુ માત્ર પ્રતિસમય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી યુક્ત છે.

પૂર્વ-પર્યાયનો વ્યય, ઉત્તર-પર્યાયનો ઉત્પાદ અને વસ્તુરૂપે કાયમ હોવાપણું, એ વસ્તુનો ધર્મ છે. જેમ જડમાં તેમ ચેતનમાં પણ તે ધર્મ પ્રતિસમય પોતાનું કાર્ય કરી રહેલ છે એવું જ્ઞાન થવું, તેનો શ્રદ્ધામાં સ્વીકાર થવો અને એ સ્વીકાર મુજબ આચરણમાં ઉતારવું એ મુક્તિપ્રદાયક છે. અને એથી વિપરીત જ્ઞાન શ્રદ્ધા અને આચરણ ભવપ્રદાયક છે.

## ચેતનમાં પાંચ ભાવ :

જડનો ધર્મ જડ-સ્વરૂપ છે. ચેતનનો ધર્મ ચેતન-સ્વરૂપ છે.

**સુખ અને દુઃખ, પુણ્ય અને પાપ, બંધ અને મોક્ષ, જડને નહિ પણ ચેતનને છે.**

જડમાં માત્ર પારિણામિક અને ઔદયિકભાવ છે, જ્યારે ચેતનમાં પાંચ ભાવ છે.

પારિણામિક અને ઔદયિક ઉપરાંત ઔપશમિક ક્ષાયોપશમિક અને ક્ષાયિક ભાવો પણ જીવમાં રહેલા છે. કેમકે, જીવને કર્મની સાથે સંબંધમાં આવવાની યોગ્યતા છે, અને કર્મ-પુદ્ગલમાં પણ જીવની સાથે સંબંધમાં આવવાની યોગ્યતા છે. પરસ્પરની આવી યોગ્યતાને કારણે જીવમાં ઔદયિક ઉપરાંત ક્ષાયિકાદિભાવો ઉત્પન્ન થાય છે.

ઔદયિકભાવોમાંથી છૂટી ક્ષાયોપશમિક અને ક્ષાયિક ભાવોમાં જીવની ગતિ કરાવનાર વસ્તુ, એ સ્વભાવરૂપ ધર્મનું જ્ઞાન, ધર્મનું શ્રદ્ધાન અને એ જ્ઞાન તથા શ્રદ્ધાન મુજબનું આચરણ છે.

જીવ જ્યારે પ્રતિક્ષણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક પોતાનું સ્વરૂપ જાણે છે, સ્વીકારે છે ત્યારે તેનું આચરણ સ્વભાવોન્મુખ થાય છે અને એ આચરણ તેને મોક્ષહેતુક બને છે.

## ધર્મનું જ્ઞાન અને શ્રદ્ધાન :

વસ્તુના બે ધર્મો ઉત્પાદ અને વ્યય, અનુક્રમે રાગ અને દ્વેષનાં ઉત્પાદક છે.

ધ્રૌવ્યધર્મ રાગ અને દ્વેષમાં મધ્યસ્થ પરિણામ પ્રકટાવે છે. પરંતુ એકલો ધ્રૌવ્યધર્મ જ માનવામાં આવે, ને ઉત્પાદ તથા વ્યય ધર્મોને અંગીકાર કરવામાં ન આવે તો તે મોહોત્પાદક બને છે.

ધ્રૌવ્યધર્મથી ઉત્પન્ન થતા મોહમૂર્ચ્છાને નિવારણ કરવાનું સામર્થ્ય ઉત્પાદ–વ્યય ધર્મોમાં છે અને ઉત્પાદ–વ્યય ધર્મો વડે થતાં રાગદ્વેષનાં ભાવોનું નિવારણ કરવાનું સામર્થ્ય, વસ્તુના ધ્રૌવ્યધર્મમાં છે.

એ રીતે રાગદ્વેષ અને મોહ જે ચિત્તના સંકલેશકારક પરિણામો છે તે ત્રણેનું નિવારણ, ઉત્પાદ–વ્યય અને ધ્રૌવ્ય યુક્ત વસ્તુ–સ્વભાવના ચિંતનમાં રહેલું છે.

રાગ–દ્વેષ, રતિ–અરતિ, હર્ષ–શોકાદિ દ્વંદ્વોના ઉત્પાદક ઉત્પાદ–વ્યય ધર્મો છે. તેમાં ધ્રૌવ્ય ધર્મનું જ્ઞાન ભળવાથી તે દ્વંદ્વોમાં માધ્યસ્થ પેદા થાય છે અને એકલા ધ્રૌવ્ય ધર્મના સ્વીકારથી થતા મોહ અને મૂર્ચ્છાને નિવારવાનું સામર્થ્ય ઉત્પાદ–વ્યય ધર્મના ચિંતનમાં રહેલું છે.

ઔદાસિન્ય ભાવનો જનક આવો ત્રિધર્મ યુક્ત વસ્તુ–સ્વભાવ છે. તેથી જ ધર્મનું અંતિમ લક્ષણ 'વત્થુ સહાવો ધમ્મો' એ રીતે કહેલું છે. વસ્તુનો સ્વભાવ એ જ ધર્મ છે. ધર્મ એ વસ્તુ–સ્વભાવથી ભિન્ન નથી અને વસ્તુ–સ્વભાવ એ ધર્મથી ભિન્ન નથી.

ધર્મને નવો ઉત્પન્ન કરાતો નથી, તે તો અનાદિ સિદ્ધ, સહજ સ્વભાવરૂપ છે. તેના અજ્ઞાન અને અશ્રદ્ધાનથી જ જીવ પોતાના ઉપર બધો ભાર લઈને ભય, શોક, ચિંતા, ઉદ્વેગાદિ દ્વંદ્વોને આધીન થાય છે. તે બધાથી મુક્ત થવાનો ઉપાય વસ્તુ–સ્વભાવરૂપ ધર્મના સ્વીકારમાં રહેલો છે.

આ જાતનો સ્વીકાર કરવાથી જીવને કરવાનું કાંઈ રહેતું નથી, માત્ર જાણવાનું સ્વીકારવાનું, અને જાણી તથા

સ્વીકાર કરીને તે જ્ઞાન અને શ્રદ્ધામાં સ્થિર રહેવાનું છે. આ સ્થિરતા જ ચારિત્ર છે. વસ્તુના ધર્મનાં જ્ઞાન અને સ્વીકારથી, તે સ્થિરતા આપોઆપ ઉત્પન્ન થાય છે. જેટલા અંશે સ્થિરતા ઉત્પન્ન થાય, તેટલા અંશે ધર્મ છે; જેટલા અંશે અસ્થિરતા રહે તેટલા અંશે અધર્મ છે. અધર્મને ટાળવાનું અને ધર્મને પાળવાનું સાધન વસ્તુ–સ્વભાવના જ્ઞાન અને શ્રદ્ધાનમાં રહેલું છે.

## શ્રદ્ધાનું સ્વરૂપ :

પ્રયત્ન ફળદાયી છે એવી ખાત્રી તે ટેક છે, શ્રદ્ધા છે. કૃપા ફળદાયી છે એવી ખાત્રી તે નેક છે, ભક્તિ છે.

કૃપા એ ભગવાનના સામર્થ્યનો સૂચક શબ્દ છે. યત્ન એ ભક્તની શ્રદ્ધાનો સૂચક શબ્દ છે. શ્રદ્ધા ને ભક્તિ બે મળે તો કાર્યની સિદ્ધિ થાય છે.

ભક્તિના પ્રમાણમાં શ્રદ્ધા સ્ફુરે છે અને શ્રદ્ધાના પ્રમાણમાં જ ભક્તિ ફળે છે.

ચાલ્યા વિના ઈષ્ટ સ્થાને પહોંચાય નહિ, એ માન્યતા ચાલનારની શ્રદ્ધા સૂચવે છે. ઈષ્ટ સ્થળમાં ઈષ્ટત્વની બુદ્ધિ જ ન હોય તો ચાલવાની ક્રિયા થઈ જ કેમ શકે? ઈષ્ટત્વની બુદ્ધિમાં ઇષ્ટ સ્થળની પ્રધાનતા છે. પ્રધાન ઇષ્ટ સ્થળ ભક્તિ પેદા કરે છે. એ ભક્તિ ચાલવાની ક્રિયા કરાવે છે. ચાલવાની ક્રિયા કર્યા વિના ઇષ્ટ સ્થળે પહોંચી નહિ જ શકાય, એ જ્ઞાન ક્રિયાની મુખ્યતા કરાવે છે. આમ ક્રિયાનું મૂળ શ્રદ્ધા છે. શ્રદ્ધાનું મૂળ ભક્તિ છે, અને

ભક્તિનું મૂળ (ભગવાનના માહાત્મ્યનું) જ્ઞાન અને તેનું મૂળ આત્માનું માહાત્મ્ય છે.

## ભકિતનું સ્વરૂપ :

'આત્મા એ મહિમાશાળી દ્રવ્ય છે. તેથી જ તેને ઓળખાવનાર પરમાત્મા પ્રત્યે ભકિત જાગે છે, એ ભકિતક્રિયા તરફ આદર જગાડે છે, અને એ આદર પ્રયત્નમાં પરિણામ પામે છે.

ક્રિયા વિના ફળ નથી એવી શ્રદ્ધા જે જ્ઞાનની અપેક્ષા રાખે છે, તે જ્ઞાન આત્માનું તેમજ આત્માના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન છે; અને એ શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન થવાથી પરમાત્માની ભકિત જાગે છે.

પરમાત્માનાં નામસ્મરણથી શુદ્ધ આત્માનું સ્મરણ થાય છે અને પરમાત્માની મૂર્તિના દર્શનથી આત્માના શુદ્ધ સ્વરૂપનું દર્શન થાય છે.

આત્માના શુદ્ધ સ્વરૂપની પ્રતીતિ કરાવનાર પ્રભુના દર્શન અને સ્મરણ, પ્રભુની મૂર્તિ અને પ્રભુના નામથી થાય છે; તેથી તે થવામાં પ્રધાન અનુગ્રહ પ્રભુનો ગણાય છે. એ અનુગ્રહ કરવાની શકિત, પ્રભુ સિવાય બીજા કોઈમાં ન હોવાથી ભવ્ય પ્રાણીમાત્રને પ્રભુ સેવ્ય છે, ઉપાસ્ય છે, આરાધ્ય છે અને તેમનું વચન-આજ્ઞા શિરસાવંદ્ય છે, મસ્તકે ચઢાવવા યોગ્ય છે. પ્રભુના અનુગ્રહથી જ આત્મજ્ઞાન સત્‌ક્રિયા અને સત્‌શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. એવો નિર્ણય સમ્યગ્દૃષ્ટિ જીવને દૃઢ હોય છે. 卐



## (૨)

# 卐 ज्ञानक्रियाभ्यां मोक्षः 卐

જ્ઞાનની પ્રાપ્તિ, ધ્યાન અને ભક્તિની અપેક્ષા રાખે છે.

આજ્ઞાપાલન વિના મોક્ષ નથી એમ શ્રદ્ધા કહે છે.

આજ્ઞાકારના ધ્યાન વિના આજ્ઞાપાલન નથી એમ ભક્તિ કહે છે.

આજ્ઞાપાલકનો અનુરાગ અને આજ્ઞાકારકનો અનુગ્રહ એ બે મળીને મોક્ષમાર્ગ બને છે.

આત્માનું શુદ્ધ સ્વરૂપ તે મોક્ષ છે; તેની પ્રાપ્તિ ભક્તિ અને શ્રદ્ધા ઉભયની સમકાળે અપેક્ષા રાખે છે.

શ્રદ્ધા સાધનનિષ્ઠ છે અને ભક્તિ સાધ્યનિષ્ઠ છે.

ભક્તિમાં આરાધ્યની મુખ્યતા છે. સાધ્યની શ્રેષ્ઠતાનું જ્ઞાન ભક્તિવર્ધક છે.

સાધનની શ્રેષ્ઠતાનું જ્ઞાન શ્રદ્ધાવર્ધક છે.

શ્રદ્ધા સાધનમાં જોઇએ. ભક્તિ સાધ્યમાં જોઇએ. સાધ્ય પ્રત્યેની ભક્તિ જ સાધનમાં શ્રદ્ધા પેદા કરે છે. સાધન પ્રત્યેની શ્રદ્ધા જ સાધ્યની સિદ્ધિ કરી આપે છે.

મનુષ્યનો યત્ન, શ્રદ્ધા અને ટેક એ એક જ વસ્તુ છે.

ઈશ્વર કૃપા ભક્તિ અને નેક એ પણ એક જ વસ્તુ છે.

પ્રયત્ન ફળદાયી છે એવી ખાત્રી એ ટેક છે, શ્રદ્ધા

છે. કૃપા ફળદાયી છે એવી ખાત્રી એ નેક છે, ભક્તિ છે. કૃપા એ ભગવાનના સામર્થ્યનો સૂચક શબ્દ છે; યત્ન એ ભક્તની એકનિષ્ઠા સૂચક શબ્દ છે.

ભક્તિના પ્રમાણમાં જ શ્રદ્ધા સ્ફુરે છે અને શ્રદ્ધાના પ્રમાણમાં જ ભક્તિ ફળે છે.

ક્રિયાનું મૂળ શ્રદ્ધા, શ્રદ્ધાનું મૂળ ભક્તિ, ભક્તિનું મૂળ ભગવાનના અચિન્ત્ય સામર્થ્યનું જ્ઞાન, અને એનું મૂળ આત્મદ્રવ્ય છે.

આત્મતત્ત્વ દ્રવ્યની કિંમત છે, માટે તેને ઓળખાવનાર પરમાત્મતત્ત્વ પ્રત્યે ભક્તિ જાગે છે. એ ભક્તિક્રિયા તરફ આદર જગાડે છે અને એ આદર પ્રયત્નમાં પરિણમે છે.

પ્રભુના અનુગ્રહથી જ આત્મજ્ઞાન, સત્ક્રિયા અને સત્શ્રદ્ધા વગેરે ઉત્પન્ન થાય છે, એવો નિર્ણય સમ્યગ્ દૃષ્ટિ જીવને દૃઢ હોય છે.

## આત્મામાં અવસ્થાન :

આત્મામાં સ્થિર થવાથી જીવ એવા સ્થળમાં સ્થિત થાય છે, કે જે સ્થળે 'સૂર્ય' ચંદ્ર કે અગ્નિના પ્રકાશની આવશ્યકતા જ રહેતી નથી.

આત્મામાં અવસ્થાન એ મુક્તિનું શિખર છે, એ શિખરે સ્થિત મનુષ્યના આત્માના વૈભવ આગળ ત્રણ લોકનો વૈભવ તુચ્છ છે. આ સ્થળને કરોડોમાંથી કોઈક જ શોધે છે અને પ્રયત્ન કરનાર કરોડોમાંથી કોઈક જ તેને પ્રાપ્ત કરી શકે

છે. તે ગુપ્ત અને કઠણુ છે માટે નહિ પણુ તેને માટે પ્રયત્ન કરનાર અને એમાં વિશ્વાસ ધરાવનાર વિરલ છે માટે કોઈકને જ એ પ્રાપ્ત થાય છે. સર્વ સામર્થ્ય આપનાર તે સ્થળ છે. બૃહસ્પતિ જેવા ઉપદેશકોથી પણુ કેટલીક વખત તે અગમ્ય હોય છે.

તે રત્નની પેટી છે, કંચન-રત્નનો એ કરંડિયો છે.

તે પોતાનાં અમૂલ્ય રત્નો આજે જ તમને આપવા તૈયાર છે. તમારા ઉઘાડવાની જ તે રાહ જોવે છે.

જે થવા ઇચ્છતા હો, જે પામવા ઇચ્છતા હો, જે કરવા ઇચ્છતા હો, તે સર્વ કરવાનું સામર્થ્ય પૂર્ણુપણે તમારી સમીપે છે. તમારા પોતાના સ્વરૂપમાં, તમારા પોતાના આત્મામાં તમે પોતે છો. તમારી અશ્રદ્ધાને, તમારા અવિશ્વાસને, તમારા સંશયવિપર્યાસને તમારે જ જીતવાના છે.

સંશય એ બુદ્ધિનો સ્વચ્છંદ છે. અસંયમ એ ઇન્દ્રિયો અને મનનો સ્વચ્છંદ છે.

બ્રહ્મત્ત્વનો અનુભવ કરવાની તમન્નાવાળા સાધકે સર્વ અવસ્થામાં પોતાના જીવ ભાવનું સ્મરણુ ન કરતાં પોતાના બ્રહ્મ ભાવનું સ્મરણુ કરવું જોઇએ.

આ બ્રહ્મ ભાવનું સ્મરણુ વૃત્તિમાં સદૈવ જાગૃત રહે તે માટે ઇશ્વિર તત્ત્વની ભાવના કરાવનાર મંત્રપદને પોતાના હૃદયમાં સ્થાપવું જોઇએ. તે મંત્રપદ છે નમો અરિહંતાણું

# (૩)

# ધર્મનું માર્મિક સ્વરૂપ

## ધર્મ-બોધ :

ધર્મ એ તર્કનો વિષય નથી, કારણ કે, ધર્મ કોઈ વિચાર નથી. વળી ધર્મ વિચારની અનુભૂતિ પણ નથી, કિંતુ નિર્વિચાર-ચૈતન્યમાં થયેલો બોધ છે.

વિચાર ઇન્દ્રિયજન્ય છે. નિર્વિચાર-ચૈતન્ય, એ અતીન્દ્રિય છે. નિર્વિચાર-ચૈતન્ય જ્યારે ચરમબિંદુએ પહોંચે છે ત્યારે તેને આત્માનો સાક્ષાત્કાર થાય છે. આથી આત્માના સંબંધમાં કેવળ 'વિચારણા' વ્યર્થ છે; સાર્થક છે, તે સાધના, કે જે નિર્વિચારણા તરફ લઈ જાય!

વિચારની પાછળ પણ એક સભાનતા છે, બુદ્ધિ છે. વિચારમાં ગ્રસ્ત અને વ્યસ્ત માણસ એને (ધર્મને) જાણી શકતો નથી.

વિચાર પરાયા છે. જ્ઞાનનો અગ્નિ આપણો પોતાનો છે; વિચાર આપણી સીમા છે, ઇન્દ્રિયો આપણી સીમા છે. આથી એ બધા વડે જે જાણી શકાય તે સીમાવાળું જ હોય છે. અસીમને-અનંતને જાણવા માટે એનાથી ઉપર ઉઠવું પડશે. ઇન્દ્રિયોથી પર, ચિત્તની વિચારશૂન્ય અવસ્થામાં જેનો સાક્ષાત્કાર થાય છે તે જ અનંત-અસીમ-અનાદિ આત્મા છે.

આત્માને જાણવાની આંખ અનોખી જ છે તે જ સમાધિ છે અને તે જ યોગ છે. ચિત્તવૃત્તિઓના વિસર્જનથી એ બંધ આંખો ખૂલે છે અને આખુંયે જીવન અમૃત પ્રકાશથી આલોકિત અને રૂપાંતરિત થઈ જાય છે. ત્યાં વિચાર નથી, દર્શન છે.

જ્યાં વિચારવૃત્તિઓ અને ચિત્ત નથી ત્યાં દર્શન છે. શૂન્ય વડે પૂર્ણનું દર્શન થાય છે. બસ, 'માત્ર જોવું' એ બિંદુ પર સ્થિરત્વ આવતાં જ વિચાર ક્રમશઃ વિલીન થવા લાગે છે

પૂર્ણ થવાની જેને ચિંતા લાગી છે, તે ભૌતિકતાથી રિક્ત અને શૂન્ય બની જાય છે. જે શૂન્ય બને છે તે પૂર્ણને પામે છે; અને આધ્યાત્મિક રીતે પૂર્ણતા સિદ્ધ કરે છે.

ધર્મ એ મનુષ્ય જીવનનું ચરમ સાહસ છે, કારણકે તે પોતાની વિભાવ દશાને શૂન્ય અને વિસર્જિત કરવાનો માર્ગ છે. ધર્મ એ ભયભીત લોકો માટેની દિશા નથી, સ્વર્ગના લોભથી પિડાતા અને નરકના ભયથી કંપતા લોકો માટે ધર્મ પુરુષાર્થ નથી એ બધા પ્રલોભનો અને ભયો સ્વરૂપ ટીપાંઓ વડે જ બનેલી પોતાની જાતને મિટાવી દેવા માટે એ ટીપાંઓને મીટાવવાનાં છે, તેને મૃત્યુ આપવાનું છે. જેઓ એટલા નિર્ભય અને સાહસિક છે, તેઓ જ પૂર્ણ સ્વરૂપ સાગરના નિમંત્રણનો સહર્ષ સ્વીકાર કરી શકશે.

સારી વસ્તુ પકડવા માટે પણ હાથમાં રહેલી ખરાબ વસ્તુને છોડી દેવી પડે છે, તેમ પૂર્ણને પામવા માટે અપૂર્ણ, નાશવંત અને ચંચળ એવી સર્વ બાહ્ય વસ્તુ પ્રત્યેની આસક્તિઓનો સમૂળ ત્યાગ કરવો પડે.

'હું બિંદુ નહિ, પણ સિંધુ છું' એ સત્યને સાર્થક કરવા માટે આપણે પૂર્ણમાં વિલીન થવું પડશે, કારણ કે સાચો વિરામ પૂર્ણમાં છે.

આપણું આ શરીર એકી સાથે અનેક સ્વરૂપો ધરાવે છે. કુટણખાનું, કસાઈખાનું, જુગારખાનું, કેદખાનું અને પાયખાનું – આ બધાં ખાનાઓનો આપણાં શરીરમાં વાસ છે. શરીર દ્વારા અનેક પાપાચારોની લીલા રમાય છે, એથી એ કુટણખાનું છે. એ અનેક જીવોની હિંસા કરતું હોવાથી કતલખાનું છે. પાંચ ઇન્દ્રિયોના જુગાર શરીરમાં ચાલતા હોવાથી એ જુગારખાનું છે. સ્વતંત્રતાનો ઇજારો ધરાવતા આત્માને એણે કેદ કર્યો છે, એથી કેદખાનું તો છે જ અને અશુચિથી ભરેલું હોવાથી એના જેવું બીજું પાયખાનું મળવું શક્ય જ નથી.

# (૪)
# રસાધિરાજ કરુંણારસ

સુવર્ણસિદ્ધિ માટે જરૂરી રસની પ્રાપ્તિ આબુની આબોહવામાંથી સાધકને મળી આવે એમાં કાંઈ આશ્ચર્ય નથી. આબુની વનરાજીમાં રહેલી વનસ્પતિ વિવિધ પ્રકારની છે. તેને એકત્ર કરવાથી અને તેમાં રહેલો રસ ઉકાળવાથી સુવર્ણસિદ્ધિની પ્રાપ્તિ પૂર્વે અનેક પુણ્યવાન પુરુષોને પ્રાપ્ત થઈ છે, એમ ઇતિહાસ સાક્ષી પૂરે છે. પેથડ મંત્રી અને તેમના પિતા દેદાશાનું પ્રસિદ્ધ દૃષ્ટાંત છે.

આબુ ઉપર આવેલા દેલવાડાના દહેરાસરોમાં વિમલ વસહી મુખ્ય છે. તેની છતોમાં કંડારેલી કમળોની કારીગરી જોતાં જાણે કમળનું વન મહેંકી રહ્યું ન હોય તેવી પ્રતીતિ થાય છે. એ કમળ–વનની આકર્ષક કળા–કારીગરી અને દેવ–દેવીઓનાં વિવિધ પ્રકારનાં નૃત્ય–નાટક જોતાં નયનોને તૃપ્તિ થતી નથી.

ચારે બાજુ દેવાધિદેવોના બિંબો અને નેત્રો કરૂણારૂપી અમૃતરસના કચોળા સમાન દીપી રહ્યા છે. તે નિરખનારા નયનોને અનહદ આનંદ આપી રહ્યા છે. જાણે સર્વત્ર કરૂણા રસ છલકાઈ રહ્યો હોય તેવું સચોટ ભાન થાય છે.

બાહ્ય સુવર્ણસિદ્ધિની જેમ જીવરૂપી તામ્રને સુવર્ણ બનાવનાર અભ્યંતર સુવર્ણસિદ્ધિ આબુના બાહ્ય વનોમાં નહિ પણ દેલવાડાના દહેરાસરોમાં રહેલી છે, અને તે જો

પુણ્યવંત સાધક અને શોધકને પુણ્યનો ઉદય જાગે તો મળી આવે છે એ વાત પણ નિઃસંશય છે. વસ્તુપાળ, વીર ભામાશા, અનુપમા દેવી વગેરેને તે પ્રાપ્ત થઈ હતી. આજે પણ પુણ્યશાળી જીવોને તે અવશ્ય પ્રાપ્ત થાય છે.

એ રસસિદ્ધિનું નામ કરુણારસ, કૃપારસ, દયારસ છે, એમ શાસ્ત્રોમાં કહેવાયું છે. શ્રી તીર્થંકર દેવો કરુણારસની મૂર્તિ છે. તેમનો દયારસ તેમની મૂર્તિમાં ઉભરાતો દેખાય છે. દયારસ એ જીવરૂપી તામ્રને સુવર્ણ બનાવનાર સિદ્ધિરસ છે. એ રસ શાશ્વત છે. સર્વ જીવમાં તે રહેલો છે. અપ્રગટપણે રહેલા એ રસને પ્રગટ કરવા માટે આલંબન અને ઉદ્દીપન જોઇએ. આલંબન રૂપે જગતના જીવો છે. ઉદ્દીપન રૂપે તેમની યાતનાઓ છે. તેને જોતાં જ કરુણારસ ઉછળી આવે છે.

એ કરુણારસ, શ્રી તીર્થંકર દેવોના આત્માઓમાં ઉત્કૃષ્ટપણે ઉછળે છે. તેમાંથી સંવેગ, વૈરાગ્ય, સંયમ, તપ અને ઘોર પરિષહો અને ઉપસર્ગોને સહવાનું બળ પ્રગટે છે. તેના પ્રતાપે એક બાજુ કર્મના ક્ષયની, અને બીજી બાજુ પુણ્યની પુષ્ટિની પરંપરા સર્જાય છે. પુણ્યમાંથી તીર્થ અને કર્મના ક્ષયમાંથી અવ્યાબાધ સુખ સ્વરુપ–મોક્ષ પ્રાપ્ત થાય છે. શ્રી જિનપૂજાનું ફળ ચિત્તની પ્રસન્નતા કહી છે અને એ પ્રસન્નતાથી પૂજા અખંડિત બને છે. તેનું તાત્પર્ય કરુણારસ છે. એ કરુણારસ જ એવો છે કે જેના ઉપર તે વર્ષે છે તેનું અને તે વર્ષાવનારનું ચિત્ત પ્રસન્ન કરે છે અને ચિત્તની

પ્રસન્નતા જ રસને સાનુબંધ બનાવે છે.

જે કાર્ય કરવાથી ચિત્ત પ્રસન્ન થાય તે કાર્ય કરવાનું મન વારંવાર થાય છે, એવો સર્વ જીવોનો એકસરખો અનુભવ છે. જ્ઞાન અને સુખ તેનો અનુભવ કરનારને સુખકારક થાય છે. જ્યારે એક કરુણારસ જ એવો છે કે જે આપનાર અને લેનાર (ઝીલનાર) ઉભયને સુખકારક થાય છે.

ધર્મને ઉત્કૃષ્ટ મંગળ કહ્યો છે તે આ દૃષ્ટિએ યથાર્થ ઠરે છે. એ ધર્મ કરુણા સ્વરૂપ છે, દયા સ્વરૂપ છે, કૃપા સ્વરૂપ છે, 'પરદુઃખપ્રહાણેચ્છા' એ કૃપાનું લક્ષણ છે, એ ઇચ્છાપૂર્વક થતું કોઇપણ અનુષ્ઠાન એ ધર્મ છે. આ ઇચ્છારહિત ગમે તેવું શુભ અનુષ્ઠાન પણ ધર્મ સ્વરૂપ બનતું નથી. અને મોહનો ક્ષય કરનાર નિવડતું નથી. ઉપરથી એ મોહની વૃદ્ધિમાં જ હેતુભૂત બને છે

અધ્યાત્મ વિવર્જિત શાસ્ત્રને પણ 'સંસાર' કહ્યો છે. યોગરહિત–મોક્ષાભિલાષરહિત શુભાનુષ્ઠાનને પણ વિષ ગરલ અનુષ્ઠાન કહ્યાં છે. યોગ–વિશુદ્ધિ અને અધ્યાત્મ–વિશુદ્ધિ સહિતનાં ધર્માનુષ્ઠાનને જ શાસ્ત્રોમાં ધર્મ ગણેલ છે એ એમ બતાવે છે કે, 'ધર્મનું ધર્મત્વ કરુણામાં છે! કરુણા જ એક એવો રસ છે કે જે જીવરૂપી તામ્રને સુવર્ણ બનાવી શકે.

એ કરુણારસ પ્રગટ કરવા માટેનું આલંબન એ પોતાનો આત્મા છે. પોતાનું કેવળ દુઃખ નથી પણ સર્વ જગતનાં

જંતુઓ અને તેમનું અસંખ્ય પ્રકારનું દુઃખ છે. તેથી જ શાસ્ત્રકાર ભગવંતો, ચાર ગતિ, પાંચ ગતિ, ચોર્યાસિ લક્ષ યોનિ અને જીવોને જનમવા અને મરવાના અસંખ્ય સ્થાનો રૂપ ભવ સ્વરૂપનું ચિંતન કરવાનું ફરમાવે છે. એનાં કારણ રૂપ કર્મ સ્વરૂપનું ધ્યાન કરવાનું કહે છે. અને એ ધ્યાન આત્મામાં રહેલાં કરુણારસને જગાડે છે.

કરુણારસનું સર્વ રસમાં ઉત્કૃષ્ટ સ્થાન છે એમ બતાવવા માટે કરુણારસથી પૂર્ણ એવાં શ્રી તીર્થંકર દેવોને પ્રથમ પરમેષ્ઠિ અને તેમનાં દ્રવ્યભાવ ઉભય પ્રકારના તીર્થોને ભવસાગર તારનારા, અને ધર્મધામ માનવામાં આવ્યા છે. પ્રભુનાં દ્રવ્ય તીર્થો પણ ઊંચામાં ઊંચા ગિરિશૃંગો પર સ્થાપન કરવામાં આવ્યા છે. તેનું કારણ પણ કરુણારસ એ સર્વ રસોમાં શ્રેષ્ઠ છે એવી પ્રતીતિ કરાવવા માટે છે. ભવ્ય અને ઉત્તુંગ જિનાલયો ઉભા કરવામાં આવે છે તેની પાછળ પણ કરુણારસની ભવ્યતાનું સચોટ પ્રતિપાદન છે.

'પ્રભુની આજ્ઞા એ જ મોક્ષ!' અહિ જેમ કારણમાં કાર્યનો ઉપચાર છે તેમ 'પ્રભુની કરુણા એ આજ્ઞા!' એમાં કારણમાં કાર્યનો ઉપચાર છે.

લાખો યોજનનો સ્વયંભૂ રમણ સમુદ્ર પણ જેની હરિફાઈ નથી કરી શકતો એ 'દેવાધિદેવની કરુણા સાચે જ કલ્યાણકારિણી છે ભવજલતારિણી છે.

ભીષણ ભવ-વનમાં ભટકતા જીવોને જોઇને જીવત્વ

જાતિની તુલ્યતાના નાતે, આપણા દિલમાં કરુણા જાગવી જોઇએ જો ન જાગે તો સ્વીકારવું પડે કે હજુ આપણે સ્વાર્થાંધ છીએ, મોહાંધ છીએ.

'આ સ્વાર્થ અને મોહ તો જીવના જ્યોતિ સ્વરૂપના કટ્ટર શત્રુ છે' એવું કહેનારાં આપણે શ્રી જિનરાજનાં દર્શનમાં હૃદય પરોવીને કરુણાભીના હૃદયવાળા જરૂર બની શકીશું.

જ્યાં જિનરાજનો વાસ હોય છે ત્યાં દયાની સુવાસ અને કરુણાનો વાસ અવશ્ય હોય છે.

પાણી પત્થરને કોરી નાખે છે તેમ કરુણારૂપી જળ હૃદયની નિષ્ઠુરતાને પીગાળીને દયામય બનાવી શકે છે; તે માટે આપણે કરુણારસના સાગર શ્રી જિનેશ્વરદેવની ભક્તિમાં ઓતપ્રોત બનીએ.

卐

સામાયિકની ૪૮ મિનિટમાં તમે જે લાભ કમાઇ શકો છો, એનો કદિ વિચાર કર્યો છે ખરો ? એક-એક મિનિટે તમે લગભગ બે બે ક્રોડ પલ્યોપમનું દેવાયુ પામી શકો છો. આધ્યાત્મિક-કમાણીનું તો લેખું જ લગાવી શકાય એમ નથી. પણ આ બધું ક્યારે ? જ્યારે તમે સામાયિકમાં પુણિયા-શ્રાવક જેવી સમતા ધારણ કરી જાણો, ત્યારે !

(૫)

# ધર્મની સત્યતાનો આધાર

ધર્મનો સંબંધ સર્વની સાથે છે. તેનું પ્રમાણ એ છે કે પ્રત્યેક વિધાયક કે નિષેધક આજ્ઞા, ત્રણ યોગ અને ત્રણ કરણ વડે પાળવામાં આવે ત્યારે જ, એ પૂર્ણ બને છે.

દા. ત. : શ્રી જિનપૂજા કરવી જોઈએ.
શ્રી નવકાર ગણવો જોઈએ.

તે વિધાયક અનુષ્ઠાન ત્રણ યોગ એટલે મનથી, વચનથી અને કાયાથી તથા ત્રણ કરણ એટલે કરવાથી, કરાવવાથી અને અનુમોદવાથી થાય ત્યારે તે પૂજા કે નમસ્કાર, વાસ્તવિક પૂજા કે વાસ્તવિક નમસ્કાર બને છે.

મનથી કરે અને વચનથી નિષેધ અથવા મનથી અને વચનથી કરે, પણ કાયાથી નિષેધે તેણે પૂજા કરી ન કહેવાય પણ મશ્કરી કરી કહેવાય.

એ રીતે પોતે કરે, પણ બીજા ન કરતા હોય તે કરે એવો વિચાર મનથી પણ ન હોય, તેણે પૂજા કરી ન કહેવાય; અથવા જેઓ કરતા હોય તે સારું કરે છે એવી અનુમોદના ન હોય તો તેણે પૂજા સારી માની છે અને કરે છે એવું સાબિત ન થાય.

એટલે જે વસ્તુ ઉપાદેય, સારી કે (કર્તવ્ય) કરવા યોગ્ય માની હોય તે વસ્તુ, ત્રણે યોગ અને ત્રણે કરણથી

તેવી માની છે કે નહિ તેના ઉપર જ તેની સત્યતાનો કે પૂર્ણતાનો આધાર છે, તે જ તેની કસોટી છે.

## પ્રતિજ્ઞાની પૂર્ણતાનો આધાર :

નિષેધાત્મક આજ્ઞા પણ ત્રણ કરણ અને ત્રણ યોગથી થાય તો જ પૂર્ણ બને છે. દા. ત. કોઈ પણ જીવની હિંસા ન કરવી, ન કરાવવી અને કરતાને સારી ન માનવી.

કરતા હોય તે 'ન કરો' એમ મનથી ચિંતવવું અને કરતાં હોય તેનું મનથી અનુમોદન ન કરવું. એ રીતે વચનથી પણ ન કરવાની સાથે 'ન કરો' અને કરતાને 'સારાં નથી' એમ કહેવું તથા કાયાથી પણ ન કરવાની સાથે કરતા હોય તેને રોકવા, અને કરતા હોય તેને સારા ન માનવાથી જીવહિંસા ન કરવાની નિષેધાત્મક પ્રતિજ્ઞા પૂર્ણ થાય છે.

વિષયસુખો સમુદ્રના પાણી જેવા છે. સમુદ્રનું પાણી પીવાથી જેમ તરસ વધે, પેટ ફુલે અને ઝાડા થાય; એમ વિષયોનું ખારૂં પાણી પીવાથી વિષયની તૃષ્ણા વધે છે, પાપનો ફુગાવો થાય છે અને દુઃખ–દુર્ગતિ રૂપ ઝાડા થાય છે. સંસાર સમુદ્ર છે. સાધુ ખલાસી છે. ધર્મ વહાણના સ્થાને છે. આગમો દીવાદાંડી છે.

# (૬)

# ધર્મ અને ધાર્મિકતા

ધર્મ એટલે ભગવાનની શોધ! માનવથી પર કોઈ અનંત સત્સ્વરૂપ રહેલું છે એની ખોજ! ભગવાન અને માનવ વચ્ચે સંબંધનો સેતુ સ્થાપવો એ ધર્મનો મુખ્ય હેતુ છે.

ધર્મનો પ્રદેશ કેવળ બુદ્ધિગમ્ય નથી. ધર્મના સ્વરૂપમાં વિવેક કલ્પના તર્ક નિર્ણય વગેરેને સ્થાન છે; પણ તે ગૌણ છે.

ધર્મનું મૂળ સ્વરૂપ જાણવા માટેનું પ્રધાન સાધન અપરોક્ષ અનુભૂતિ છે અથવા શ્રુતિ પ્રેરણા દૃષ્ટિ શ્રદ્ધા વગેરે છે.

ધર્મને જીવન વ્યવહારમાં ઉતારવા જતાં વચ્ચે આચાર પરંપરા વિધિ વગેરે માધ્યમની જરૂર પડે છે અને તે પણ ધર્મના નામથી જ ઓળખાય છે.

ધર્મને સક્રિય બનાવનાર પ્રધાન શક્તિ શ્રદ્ધા છે. માનવના ચૈતન્યથી પર જે સક્રિય શક્તિઓ છે, તેને પાર્થિવ ભૂમિકામાં પ્રગટ થવાની શક્યતા શ્રદ્ધાને લીધે પ્રાપ્ત થાય છે. એવી શ્રદ્ધા ધારણ કર્યા વિના એ શક્તિઓનો આવિર્ભાવ લગભગ અસંભવિત બની જાય છે. બુદ્ધિની બધી શંકાઓને ઉત્તર આપવાની શ્રદ્ધા 'ના' પાડે છે. એથી સાબિત થાય

છે કે બુદ્ધિથી અજ્ઞેય એવી કોઈ સત્યની આંતર–પ્રતીતિનું નામ જ શ્રદ્ધા છે.

ધર્મ અને તેનું વ્યક્ત સ્વરૂપ ધાર્મિકતા એ બંને જુદા હોવા છતાં એકબીજાથી સર્વથા અલગ રહી શકતા નથી.

માનવ–પ્રકૃતિમાં જે નિમ્ન ભૂમિકાનાં કરણો રહેલાં છે તેની એક પ્રકારની શુદ્ધિ ધાર્મિકતાથી થાય જ છે. માનવના સ્વભાવમાં રહેલી કેટલીક પાશવતાઓ ધાર્મિકતા વડે નિવારી શકાય છે અને તેને જ્ઞાનજ્યોતિ વડે પ્રગટ કરી શકાય છે.

ધર્મનું વ્યક્ત સ્વરૂપ 'અપૂર્ણ છે માટે ધતિંગ છે' એવી દલીલ બાલીશ છે. ધર્મ એટલે કેવળ વિધિ નથી અને વિધિ માત્ર હાનિકારક છે એમ પણ માની લેવાની જરૂર નથી.

માનવીના હાથે ભૌતિકશાસ્ત્રની શોધખોળોનો દુરુપયોગ થઈ રહ્યો છે. તેથી સ્થૂલ જગતનું તેણે મેળવેલું જ્ઞાન અસત્ય ઠરતું નથી, તેમ કોઈપણ સિદ્ધાંતનો અનુયાયી અપૂર્ણ હોય તેથી તે સિદ્ધાંત ખોટો ઠરતો નથી.

સત્ય કોઈપણ વ્યક્ત સ્વરૂપમાં સંપૂર્ણપણે પ્રગટ થઈ શકે નહિ કારણ કે તે (સત્ય) અનંત છે.

# (૭)

# આત્મદર્શન અને આત્મપ્રેમ

તત્ત્વજ્ઞાન સાધકને પરમાત્માના દર્શનનો અધિકારી બનાવે છે. દુન્યવી તમામ જ્ઞાન દેહ, મન અને ક્વચિત્ હૃદયને તૃપ્તિ આપતાંર બને પણ આત્માની પરિતૃપ્તિ તેથી થતી નથી. અનંત અને નિત્ય એવાં આત્મજ્ઞાનથી જ તે પરિતૃપ્તિ થાય છે.

માનવના સમગ્ર વ્યક્તિત્વમાં દેહ, મન, હૃદય અને આત્મા સમાવિષ્ટ છે. આત્મતૃપ્તિનું સાધન આત્માનું સાક્ષાત્ દર્શન છે.

સંસારમાં જે જીવો આત્મકામ હોય છે, આત્માના રહસ્યમય જ્ઞાન માટે જે તલશે છે તે આત્મજ્ઞાનીનાં ચરણોમાં શિર ઝુકાવે છે. સમત્વપૂર્વક આત્મજ્ઞાનની સાધના કરતા ઋષિ–મુનિઓનાં ચરણોમાં સંસારની સમૃદ્ધિઓના સમ્રાટના મસ્તકેના મુકુટો નમી પડે છે, એ એમ બતાવે છે કે સાચી પરિતૃપ્તિ બાહ્ય સંપત્તિથી નહિ પરંતુ યથાર્થ આત્મદર્શનથી થાય છે, આત્માના યથાર્થ સ્વરૂપના જ્ઞાનથી થાય છે. પછી ‘હું આત્મા છું’ એ બોલવાની માત્ર વાત કે વાણી નથી રહેતી પણ જીવતી–જાગતી હકીકત બની જાય છે અને તેના અનુભવનો આનંદ તો તેનો અનુભવી જ પૂરો જાણી શકે, માણી શકે.

માટે માનવભવ પામ્યા પછી આપણા દરેકનું પ્રધાન કર્તવ્ય આત્માને ઓળખવાનું, આત્મદર્શનનું હોવું જોઇએ.

## આત્મપ્રેમ :

વિચારને સુધારવા માટે 'અર્હં' નું ધ્યાન કરો, વાચાને સુધારવા માટે સ્યાદ્વાદનો ઉપયોગ કરો. સ્યાદ્વાદ એ અહિંસક વાણી છે. આચારને સુધારવા માટે તપ કરો.

સુખ માટે અપરિગ્રહ વ્રત છે, તેથી સંતોષ પ્રગટે છે, અને સંતોષમાં જ ખરું સુખ છે. શાંતિદાયક સુખ સંતોષમાં છે, અપરિગ્રહમાં છે. અસંતોષ કે પરિગ્રહમાં નહિ.

આનંદ આત્મામાં છે માટે આત્માને મિત્ર બનાવો. સમૃદ્ધિ આત્મામાં છે માટે આત્મિક સ્વતંત્રતાને ચાહો. ધ્યાન, મૌન અને તપ તેનાં સાધન છે.

ધ્યાન રુપી જળ વડે, મૌન રુપી પ્રકાશ વડે અને તપ રુપી પવન વડે આત્મા નિર્મળ, ઉજ્જવળ અને શુદ્ધ બને છે.

દાનનું ફળ મેળવવાની મુખ્ય શક્તિ માનવ પાસે છે, દેવ પાસે એ નથી. દેવો રત્નોનું દાન કરીને જે ફળ મેળવી શકતા નથી, એ ફળ માનવ સુપાત્રે ખોબાભર પાણીનું દાન કરીને મેળવી શકે છે.

# (૮)

# બોધ : એક બળ

બુદ્ધિથી બોધ અને ભાવનાથી ભક્તિપ્રેમ ઉત્પન્ન થાય છે; બોધને પ્રેમનું રૂપ મળે છે, ભાવનાને ભક્તિનું રૂપ પ્રાપ્ત થાય છે.

બોધ સ્થિર થાય એટલે તે એટલો બધો ગમવા લાગે છે કે નિત્ય નિરંતર મન એમાં જ રમવા લાગે છે. એમ થતાં બોધનું રૂપાંતર પ્રેમમાં થાય છે તેથી ભાવનાનો અર્થ ભક્તિ પણ કરી શકાય.

બોધ પ્રેમનું રૂપ લે છે ત્યારે શાંતિ વધે છે; આપત્તિ પણ સંપત્તિનું રૂપ લે છે. બોધ વગર ભાવના કે ભક્તિ નથી. ભક્તિ વિના શાંતિ કે સુખ નથી. આમ બોધ પણ જીવન વિધાયક એક મહાન ધોધનું કામ કરે છે.

## સુખનું સ્વરૂપ :

શાન્તિનું, નિરૂપાધિકતાનું, અક્ષુબ્ધપણાનું, નિર્વિકારિ-પણાનું સુખ સામાન્ય સુખોથી જુદું છે.

તેને નિત્યસુખ, આત્મસુખ, ચિત્તસુખ કહે છે. તેને સત્યસુખ પણ કહેવાય છે. તેને ઓળખાવવા માટે સચ્ચિદાનંદ અથવા નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ પણ કહે છે. બોધ આત્મામાં સ્થિર થયો એટલે સુખ આવી મળે છે. તેથી તેની પ્રજ્ઞા સ્થિર થઈ ને તેનું જીવન સુખી થયું એમ કહ્યું છે.

## બુદ્ધિ વ્યાપાર :

સામાન્ય વ્યવહારમાં જે બુદ્ધિનો ઉપયોગ થાય છે, તે બુદ્ધિની એક શક્તિ છે. આત્મબોધ આત્મામાં જ રહેવો જોઇએ. અન્ય કોઈપણ વ્યવસાયમાં નહિ.

વ્યવહારમાં રહી આત્મબોધ ટકાવી રાખવો તે કાર્ય કઠીન જરૂર છે પણ અશક્ય નથી કેમકે તે કૃત્રિમ નથી કિંતુ સત્ય છે.

સદ્‌બુદ્ધિને અનુકૂળ મન અને મનને અનુકૂળ ઇન્દ્રિયો હોય તો જીવનનો વ્યવહાર આત્માને અનુકૂળ થાય છે; એથી વિપરીત ઇન્દ્રિયોની પાછળ મન અને મનની પાછળ બુદ્ધિ જાય તો અનર્થકારક થાય છે.

ઘોડેસ્વારના હાથમાં લગામ અને લગામને આધીન ઘોડો હોય તો મુકામ પર સહેલાઈથી પહોંચી શકાય છે; પણ ઘોડાના તાબામાં લગામ અને લગામના તાબામાં સવાર હોય તો મુકામે પહોંચવાની આશા રહેતી નથી.

ઇન્દ્રિયો ઘોડાને સ્થાને છે, મન લગામના અને બુદ્ધિ એ સવારના સ્થાને છે. બુદ્ધિ રૂપી સવાર, મન રૂપી લગામ અને ઇન્દ્રિયો રૂપી ઘોડાને જો મનુષ્ય વશ ન થાય તો પ્રગતિ અવશ્યમેવ થાય.

(૯)

# ભક્તિ વૈરાગ્ય અને જ્ઞાન

ભક્તિમાં વૈરાગ્ય અને જ્ઞાન છૂપાયેલાં છે. કેમકે, જેમની ભક્તિ કરવાની છે તેઓએ સંસારને નિઃસાર માન્યો છે અને મોક્ષને જ એક સારભૂત માન્યો છે તથા તે મોક્ષનો લાભ અને સંસારનો અંત આત્મજ્ઞાનથી જ કર્યો છે. તેથી મોક્ષે ગયેલા, મોક્ષે જનારા અને મોક્ષમાર્ગમાં રહેલાં જીવો ઉપરની ભક્તિ એ વૈરાગ્યની જ ભક્તિ છે અને આત્મજ્ઞાનની જ ઉપાસના છે.

ભક્તિશૂન્ય આત્માઓનો વૈરાગ્ય એ દુઃખગર્ભિત કે મોહગર્ભિત છે. જ્યારે ભક્તિમાન આત્માઓનો વૈરાગ્ય એ જ્ઞાનગર્ભિત હોય છે અથવા જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાન ભક્તિરહિત કદી પણ હોતા નથી. એ જ રીતે ભક્તિશૂન્ય આત્મજ્ઞાનીઓ પણ સાચા આત્મજ્ઞાનને પામેલા નથી.

આત્મજ્ઞાન અને તેનું અર્થીપણું અંશે પણ જેઓમાં હોય છે, તેઓ આત્મજ્ઞાન વડે સાધ્ય ભવ–વૈરાગ્ય અને મોક્ષરાગયુક્ત હોય છે તથા મુક્ત આત્માઓ પ્રત્યે ભક્તિ–ભાવથી ભરપુર તેઓની મનોવૃત્તિ હોય છે.

વૈરાગ્ય એ દશ્ય વસ્તુમાં રહેલો નથી પણ વસ્તુના વિચારમાં રહેલો છે. વિચારથી દોષદર્શન અને દોષદર્શનથી વૈરાગ્ય, એ ક્રમ છે.

વિચારહીનનો વૈરાગ્ય ક્ષણિક છે. વિચારવાનનો વૈરાગ્ય સ્થિર છે.

વૈરાગ્ય વિવેકજન્ય છે અને વિવેક બોધસ્વરૂપ છે. બોધને અને વૈરાગ્યને કાર્ય-કારણભાવનો સંબંધ છે. સંસારમાં બનતાં બનાવો ક્ષણે ક્ષણે બોધ આપનારાં છે અને વૈરાગ્યભાવને વિકસાવનારાં છે. એની પુષ્ટિ ભક્તિથી થાય છે

## ભગવાન અને ભગવાનની ભક્તિ :

જ્ઞાની હોય કે અજ્ઞાની, દુઃખ કોઈને છોડતું નથી. જ્ઞાનીઓ સુખદુઃખને જાણી શકે પણ તેમાં અંશ માત્ર ફેરફાર કરવાની તાકાત ભગવાનની પણ નથી. કેમકે કર્મનો નિયમ અટલ છે. તેના ઉપર સત્તા કેવળ ધર્મના નિયમની ચાલે છે.

ધર્મનો નિયમ જીવમૈત્રી અને પ્રભુભક્તિને આધીન છે. તેથી જે કાર્ય ભગવાનથી ન થાય, તે ભગવાનની ભક્તિથી થઈ શકે છે.

ભગવાનની ભક્તિથી જે કાર્ય થયું તેને ભગવાનથી જ થયું એમ માનવું એ વ્યવહાર નયનો સિદ્ધાંત છે. એ દૃષ્ટિએ કર્મના નિયમ ઉપર ભગવાનનું પ્રભુત્વ છે એમ કહી શકાય.

ભગવાનની આજ્ઞાના પાલનથી કર્મનો ક્ષય કરી શકાય છે. તેથી કર્મક્ષયમાં પ્રબળ હેતુ ભગવાનની આજ્ઞા છે. તે

આજ્ઞાનું પાલન કરવાપણું એ જીવનો ભાવ છે જ્યારે તેનું સ્વામીપણું ભગવાનનું છે.

ભગવાનના સ્વામીપણાથી જ ભગવાનની આજ્ઞા તેના પાલન કરનારનું હિત કરે છે તેથી ભગવાન વિશ્વનું હિત કરનારા છે એમ કહેવું યથાર્થ છે: માટે ભગવાનને આજ્ઞા રૂપે સર્વત્ર જોતો અપ્રમત્ત સાધક ક્યાંય પાપ કરી શકતો નથી. પાપ કરવાની વૃત્તિ આજ્ઞાના અંગીકારથી ઓગળી જાય છે.

જીવમૈત્રી અને જિનભક્તિ એ એના પ્રતાપે જીવ સંસારમુક્ત બની શકે છે એ, એ વાતનું ચુચોટ પ્રમાણ છે.

卐

ધર્મના રાજ્યમાં ઉપાશ્રયો પાર્લામેન્ટના સ્થાને છે. ચતુર્વિધ સંઘ મેમ્બરના સ્થાને છે. આચાર્યાદિ કેબીનેટ રૂપે છે. આગમો એ બંધારણના સ્થાને છે. માટે આ પાર્લામેન્ટમાં બંધારણ મુજબ જ કાયદા ઘડી શકાય. બીજી પાર્લામેન્ટમાં પૈસા કેમ કમાવાય? ભોગો કેમ ભોગવાય? આદિની વિચારણા થાય, જ્યારે ઉપાશ્રયની પાર્લામેન્ટ દાન, શીલ, તપ, ભાવની વૃદ્ધિ અંગે જ વિચારણા કરે!



# (૧૦)

# સુખનું સાચું સ્વરૂપ

સુખ બાહ્ય પદાર્થોનો ધર્મ નહિ, પણ અંતરના અનુભવની વસ્તુ છે. બાહ્ય ધનના ઢગલા હોય પણ ચિત્ત જો કોઈ ચિંતાથી સળગી રહ્યું હોય તો તે વ્યક્તિ સુખી કઈ રીતે કહી શકાય? ટૂંકી બુદ્ધિવાળા માને છે કે સુખ ધનમાં છે, સ્ત્રીમાં છે, મેવા–મિઠાઈમાં છે, માન–પાન અને સત્તા–સાહ્યબીમાં છે : પણ તે મિથ્યા છે.

સુખ એ બાહ્ય વસ્તુનો ધર્મ નથી. એ તો આત્માની ચીજ છે. અને એ ત્યારે જ અનુભવમાં આવે છે કે જ્યારે કોઈ ચિંતા ન હોય, ભય ન હોય, અજંપો ન હોય, પરંતુ નિશ્ચિંતતા, નિર્ભયતા અને શાતિ હોય.

વન–વગડાના અત્યંત ભૂખ્યા માણસને સૂકો રોટલો પણ મહાસુખ આપે છે તેવી રીતે ધર્માત્માને દુન્યવી સામાન્ય સંયોગોમાં પણ સંતોષ રહે છે. પુણીઆ શ્રાવકને રહેલા સંતોષનું દૃષ્ટાંત આની સાક્ષી પૂરે છે.

ધર્મ વડે પુણ્યના થોક સર્જાય છે. અને તે જન્માંતરમાં સારી ગતિ, કુળ, જાતિ, આરોગ્ય, ઋદ્ધિ–સમૃદ્ધિ અને ધર્મ–સામગ્રી આપે છે.

સુખ એ બજારમાંથી ખરીદી લેવાની ચીજ નથી, પણ આત્માના ઘરમાં વસવાટ કરવાથી તે પમાય છે. જેનો સ્વાદ શબ્દાતીત છે.

## સુખદુઃખનું દર્શન-ચિંતન :

પોતાનાથી અધિક દુઃખીને જોઇને તેનું દુઃખ દૂર કરવાની બુદ્ધિ રૂપી દયાથી પોતાનું દુઃખ, અને તેનાથી આવેલી દીનતા નષ્ટ થાય છે. પોતાથી અધિક સુખીનું સુખ જોઇને તેમાં હર્ષ ( પ્રમોદભાવ ) ધારણ કરવાથી પોતાના સુખનો ગર્વ ગળી જાય છે.

આ રીતે નિગોદના દુઃખનો અને સિદ્ધના સુખનો વિચાર અનુક્રમે દીનતા અને દર્પને નિવારવાનો સચોટ ઉપાય છે.

બધાં દુઃખી આત્માનાં દુઃખ કરતાં નરકનાં નારકીનું દુઃખ ચડી જાય છે. તેથી પણ અધિક દુઃખ નિગોદમાં છે. બધાં સુખી આત્માઓનાં સુખ કરતાં પણ એક સિદ્ધના આત્માનું સુખ અનંતગણું વધી જાય છે.

એક નિગોદનો જીવ જે દુઃખ ભોગવે છે, તે દુઃખની આગળ નિગોદ સિવાયના સર્વ જીવોનું દુઃખ એકત્ર થાય તો પણ કોઈ વિસાતમાં નથી.

એક સિદ્ધના જીવનું સુખ, દેવ અને મનુષ્યના ત્રણે કાળના સુખનો અનંત-અનંતવાર ગુણાકાર કરવામાં આવે તો પણ એની સરખામણીમાં ઘણું ઘણું વધારે છે.

એ રીતે દયા અને પ્રમોદ વડે દ્વેષ અને રાગ તથા મોહ એ ત્રણેય દોષોનો એક સામટો નિગ્રહ થાય છે.

નિગોદનાં જીવોના દુઃખોનું ચિંતન નિર્વેદભાવને જગાડે છે.

મોક્ષના જીવોનાં સુખનું ચિંતન સંવેગભાવને જગાડે છે. સંવેગ ( મોક્ષાભિલાષ ) = મુક્તિસુખનું વર્ણન સાંભળીને ચિત્તમાં થતો પ્રમોદ એ સંવેગનું લક્ષણ છે.

નિર્વેદ (ભવોદ્વેગ) = નરક નિગોદાદિના દુઃખોનું વર્ણન સાંભળીને થતો ચિત્તમાં ઉદ્વેગ કરુણા, દીનાનુગ્રહાદિ સાત્ત્વિક ભાવો એ નિર્વેદનું સ્વરૂપ છે.

દૈવસિક, રાઇ, પ્રતિક્રમણ એ રોજમેળ છે. પખ્ખી પ્રતિક્રમણ એ પંદર દિવસની ખતવણીનો ચોપડો છે. ચાતુર્માસિક અને સંવત્સરી પ્રતિક્રમણ એ ચાર મહિના અને બાર મહિનાનો ચોપડો છે. વેપારી પોતાના ચોપડા કેવા ચીવટથી તૈયાર રાખે છે! આપણે આપણા આવશ્યક-પ્રતિક્રમણ રૂપ ચોપડા કેવા તૈયાર રાખીએ છીએ?

## (૧૧)

# દયાનો મૂળાધાર કોણ ?

દયાનો મૂળાધાર પ્રેમતત્ત્વ છે. પ્રેમતત્ત્વ જીવન સાથે ઓતપ્રોત છે. પ્રેમ અને જીવન (Love & Life) એક અપેક્ષાએ પર્યાયરૂપ છે.

પ્રેમ કરવો ઝીલવો વિકસાવવો વિસ્તારવો, એ જીવનની જ પ્રક્રિયા છે. પ્રેમ દર્શાવ્યા સિવાય કે બીજાનો પ્રેમ ઝીલ્યા સિવાય જીવન એક બોજરૂપ બની જાય છે.

'પ્રિય' શબ્દ ઉપરથી 'પ્રેમ' શબ્દ ફલિત થયો છે.

પ્રેમ એ સચેતન છે. અપ્રેમ એ જડ-તત્ત્વનું જ નામાંતર છે.

સ્વાર્થ, ક્રોધ આદિ પ્રેમ તત્ત્વને વિકસાવવામાં આડે આવે છે. ક્રોધ અને લોભની ઉત્પત્તિ પણ અપેક્ષાએ કોઈ વસ્તુના પ્રેમમાંથી જ થયેલી હોય છે. વિરોધી વૃત્તિઓમાં પણ પ્રેમનો અંશ પડેલો હોય છે.

એક વસ્તુ પ્રત્યે પ્રેમ થયો તેને વધારે પડતી ત્વરાથી સિદ્ધ કરવાની ઉતાવળમાં, આડે આવતાં પરિબળો પ્રત્યે ક્રોધ થઈ આવે છે. આવે વખતે ધીરજ અને સમજણ કેળવવામાં આવે તો પ્રેમનો આવેગ ક્રોધ કે કટુતાનું રૂપ ન લેતાં પ્રેમરૂપ કે સમત્વરૂપમાં પલટાઈ જાય છે.

ક્રોધ, લોભ, દેહલિપ્સા જેવી વૃત્તિઓની સખત

કસોટીમાંથી ક્ષેમંકર રીતે પાર ઉતરવામાં જ પ્રેમનું પ્રેમત્વ છે. આકરી કસોટીમાંથી જ પ્રેમતત્ત્વનો વિકાસ અને વિસ્તાર થાય છે. દયાનો મૂળાધાર પણ પ્રેમ છે.

બધાં સદ્ગુણો એ પ્રેમરૂપી બીજના જ, અંકુર પલ્લવ અને પુષ્પો છે. એનો જીવન-ગત કે અનુભવ-સિદ્ધ અર્થ અહિંસા છે.

'હું સર્વત્ર સહુમાં છું, સહુ મારામાં છે, અમે બધાં સમાન છીએ' એ ભાવના કે ધારણા વિના અહિંસા સિદ્ધ થઈ શકતી નથી.

અહિંસાના આચાર વિનાનો બ્રહ્મવિચાર, કે આત્મવિચાર એ માત્ર શુષ્કવાદ છે; તેથી અહિંસાની સાધનાને, બ્રહ્મચર્યની સાધના, શાસ્ત્રોમાં કહી છે.

અહિંસા, બ્રહ્મ અને આત્મા એ બધાં પર્યાયવાચી શબ્દો છે. અહિંસા એ પ્રેમની નિષેધાત્મક બાજુ છે અને દયા એ પ્રેમની વિધેયાત્મક બાજુ છે.

સાચી અહિંસામાં દયા અને સાચી દયામાં અહિંસા સમાય છે.

※

પાઠશાળા બગીચો છે, અધ્યાપક માળી છે, વિદ્યાર્થી વૃક્ષો છે, સંસ્કારનું સિંચન પાણી છે, સદ્ગુણોની ખીલવણી એ પુષ્પો છે.

# (૧૨)
# ભક્તિની શક્તિ

અનંત અપરાધી અને અલ્પજ્ઞાની પણ વહેલાં મુક્તિ મેળવે છે અને અલ્પ અપરાધી અને મહાજ્ઞાની પણ અનંતકાળ રખડે છે. તેમાં કારણ ભક્તિ અને અભક્તિ સિવાય બીજું શું છે?

ભક્તિ આત્મસમર્પણ સ્વરૂપ છે તેથી અહંકાર ગળી જાય છે.

સર્વ પાપનું મૂળ અહંકાર છે, સર્વ ધર્મનું મૂળ, દયા 'દુઃખિત-દુઃખ-પ્રહાણેચ્છા' છે. તે ઇચ્છા જેઓમાં ટોચે પહોંચી છે તેઓને નમસ્કાર કરવો તે ભક્તિ છે. કેમકે, એ ઈચ્છા વડે જ જગતમાં અસદ્ વસ્તુઓનો અભાવ અને સદ્ વસ્તુઓનો સદ્ભાવ જણાય છે.

મહાપુરુષોની કરુણા, દયા અને 'વિશ્વ પ્રત્યે આત્મીયતાની લાગણી' જ અશુભનો હ્રાસ અને શુભની વૃદ્ધિ કરી રહેલ છે. તેથી તેમની કરુણાને સમર્પિત થવું એ કર્તવ્ય છે અને એનું જ નામ ભક્તિ છે. એ ભક્તિમાં અહંકારને લેશમાત્ર સ્થાન રહેતું નથી, તેથી તે પરમ વિરાગ સ્વરૂપ છે.

તપ, જપ, શ્રુત અને ક્રિયાનો અહંકાર લૌકિક અહંકારના નિવારણ માટે ઉપયોગી છે પણ લોકોત્તર માર્ગમાં

પ્રગતિ કરવામાં બાધક છે. ભક્તિ એ તપ, જપ અને ક્રિયાના અહંકારનો પણ નાશ કરે છે તેથી સર્વ સદ્‌ગુણોની પૂર્ણતા ભક્તિમાં થાય છે.

ભક્તિ વિના ચિત્તની શાંતિ પ્રાપ્ત થવી અશક્ય છે. કેમકે અશાંતિનું બીજ અહંકારમાં છે. તેથી તપ, જપ, શ્રુત અને ક્રિયા કરવાની બુદ્ધિ જેની કરુણાથી થાય છે તેને સતત સ્મૃતિમાં રાખવાથી અહંકારનું ઉત્થાન જ થતું નથી.

સંત પુરુષોની કરુણા વિશ્વ પર સદા વરસતી રહે છે અને સર્વ જીવોના ઉત્થાનમાં તે સહાય કરે છે, એમ માન્યા વિના ભક્તિ જાગતી જ નથી અને ભક્તિ વિના અહંકાર ટળતો નથી.

વિશ્વ પર પ્રભુત્વ પ્રભુની કરુણાનું છે અને તે કરુણા વિવિધ રૂપે પોતાનું કાર્ય સતત કર્યા કરે છે.

ભક્તને આધીન ભગવાન છે, તેનો અર્થ એટલો જ છે કે પ્રભુની કરુણાને હૃદયથી માન આપનાર ભક્તનું કલ્યાણ થયા સિવાય રહેતું નથી.

ભક્તિ એ મુક્તિની દૂતિ છે, એનો અર્થ એ છે કે ભક્તિ વિનાં અહંકાર દોષમાંથી કોઈ મુક્ત થઈ શકતું નથી. અહંકાર જાય તેને અન્ય દોષોમાંથી મુક્ત થવું દુષ્કર નથી.

દોષો બે પ્રકારના છે. (૧) અહંકાર રૂપ અને (૨) મમકાર રૂપ. મમકાર રૂપ દોષ વિષયોના દોષદર્શનથી દૂર થાય છે. અહંકાર રૂપ દોષ પોતાનાં દોષદર્શનથી દૂર થાય છે.

પોતાનામાં મોટામાં મોટો દોષ કૃતઘ્નતા અને સ્વાર્થપરતા છે. તેનું નિવારણ માત્ર ભકિતથી થઈ જાય છે કેમકે ભકિત કૃતજ્ઞતા અને પરાર્થતા રૂપ છે. ઉપકારને જાણવાથી કૃતજ્ઞતા અને ઉપકાર કરવાથી પરાર્થતા આવે છે.

ભકિતજન્ય શકિતથી સર્વ આસક્તિ ક્ષીણ થાય છે અને આત્મભાવ સશક્ત બને છે.

★

આહારની લાલસા અને ભોગની પિપાસાએ આપણું પુણ્યધન લૂંટી લીધું છે. ગુણધનનો એણે નાશ કર્યો છે. આ નાશને અટકાવવા માટે ઉપકારક આયંબિલનો તપ છે. આહારાદિની લાલસાથી કર્મ, કર્મથી શરીર, શરીરથી સ્વજનાદિ કુટુંબ પરિવાર અને સ્વજનથી રાગ દ્વેષાદિની ઉત્પત્તિ! આમ બધાનું મૂળ આહારની લાલસા છે. જેની થાળી લુખી, એના કર્મો ચીકાશ વિનાના અને દુઃખો લુખાં! એથી સંસાર પણ લુખો! જેની થાળી ચીકણી એના કર્મો, દુઃખો અને સંસાર પણ ચીકાશવાળો એમ એક અપેક્ષાએ કહી શકાય.

# ઉત્તમતાનો મૂલાધાર : ભાવપ્રાણ

દયા એ ધર્મનો સાર છે. પર દયા એ સ્વ દયાના લક્ષે કરવાની છે. તેથી સ્વ દયા એ દયાનો સાર છે. સ્વ દયા પોતાના ભાવપ્રાણની રક્ષા રૂપ છે. તેથી ભાવ રક્ષા એ સ્વ દયાનો સાર છે. ભાવ રક્ષા 'સર્વ જીવો સુખી થાવો અને સર્વ જીવોનું દુઃખ ટળો' એ વિચાર વડે થઈ શકે છે, તેથી આવો વિચાર એ ભાવ રક્ષાનો પણ સાર છે.

શ્રી તીર્થંકર દેવોનો ઉપદેશ દયાનો છે, કરૂણાનો છે. તેનો સાર ભાવ રક્ષાનો છે તેથી ધર્મનું લક્ષણ કૃપા છે અને કૃપા એ જ રત્નત્રયનું સ્વરૂપ છે. કૃપામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, એ ત્રણેનો એકત્ર સમાવેશ છે. કૃપામાં રત્નત્રયીની એકતા છે. પર આત્મામાં આત્મ સમાન જ્ઞાન, આત્મતુલ્ય દર્શન અને આત્મતુલ્ય વર્તન થયા વિના કૃપાધર્મ ફળતો નથી.

ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે એટલે દયા એ ઉત્કૃષ્ટ મંગળ છે. દયા એટલે ભાવ રક્ષા, એ ઉત્કૃષ્ટ મંગળ છે. શુભભાવની રક્ષા જ સ્વર્ગાપવર્ગનું કારણ છે અને ભયાનક ભવાટવીનું ઉલ્લંઘન કરવા માટે માર્ગદર્શક છે.

દયા એ શ્રી તીર્થંકરદેવોનો પ્રકાશ છે અને તીર્થંકરત્વનું મૂળ છે. તીર્થંકરત્વ એ મોક્ષમાર્ગનું મૂળ છે. એથી મોક્ષનું મૂળ એ શુભ ભાવની રક્ષા છે.

શુભભાવની રક્ષા સર્વ જીવો પ્રત્યે શુભ પરિણામ ધારણ કરવાથી થાય છે અને શુભ પરિણામનું ધારણ સર્વ જીવોને આત્મતુલ્ય જોવા જાણવા અને આચરવાથી થાય છે. એથી રાગ દ્વેષ અને મોહ શમે છે અને જ્ઞાન દર્શન તથા વીર્ય પ્રગટે છે. તેથી મોક્ષનો અનન્ય ઉપાય એક જ છે અને એ ભાવપ્રાણની રક્ષા ! બીજો બધો વ્યવહાર એ ભાવપ્રાણની રક્ષા માટે જ નિર્માયો છે.

પોતાનાં દ્રવ્ય પ્રાણોની રક્ષા માટે સચિંત અને સક્રિય માનવોને ભાવપ્રાણોની રક્ષા માટે પણ સચિંત અને સક્રિય બનાવનારી દયાને હૃદયમાં સ્થાપવા માટે દેવાધિદેવને હૃદયેશ્વર બનાવવા પડે છે.

તે પણ શુભભાવના અખંડ શ્રોતને જન્માવનારા ભાવપ્રાણો એક ક્ષણ માટે પણ તુચ્છભાવ, ક્ષુદ્રભાવ, સ્વાર્થભાવ, દેહભાવ, ઐહિકભાવ આદિ એઠવાડમાં મોં નાખતા નથી; પરંતુ દર્શન–જ્ઞાન–ચારિત્ર રૂપી રત્નત્રયીની સુરક્ષામાં સતત સક્રિય રહે છે.

ઉત્તમ કરણીની ઉત્તમતાનો મૂલાધાર આ શુભભાવ છે.

અશુભભાવના સઘળા અંધકારને શુભભાવ દૂર કરે છે તેમજ જગતના જીવો માટે નિર્મળ વાતાવરણ પેદા કરીને શુભની દિશામાં ગમન કરવાની જોગવાઈમાં વધારો કરે છે.

કલ્યાણનો ગ્રાહક, સર્વ કલ્યાણની ભાવનાના ઉદ્દગમ સ્થાન રૂપ ભાવપ્રાણોની રક્ષા કરતો રહે તે સ્વાભાવિક છે.

# (૧૪)

# મૂળ પ્રકૃતિના પરિવર્તનનો ઉપાય

મનની ઈચ્છા, સ્વ પ્રત્યેથી વાળીને સર્વ પ્રત્યે વાળવામાં આવે, તો સુ:ખદુ:ખ, રાગદ્વેષ, કામક્રોધની વૃત્તિઓનો અંત આવે છે. તેનું ઉત્પત્તિસ્થાન અસ્મિતા હતું તે રહેતું નથી. અસ્મિતાનું પ્રથમ રૂપ હું રહેતું નથી.

મનનો સંબંધ સ્વ – જીવાત્માની સાથે થાય, તો અસ્મિતા–અભિમાન જાગે, પણ સર્વાત્માની સાથે થાય, તો અસ્મિતા (હું પણું) ઉત્પન્ન થઈ શકતી નથી અને તેની સાથે સંબંધ રાખનારી વાસનાઓ પણ જાગતી નથી.

મૂળ પ્રકૃતિનું પરિવર્તન કરવાનો એકનો એક ઉપાય એ છે કે, મનનો સંબંધ સ્વ–જીવાત્મા સાથે ન થવા દેવો, અને સર્વાત્મા સાથે કરવો તે છે.

સર્વના સુખની ઈચ્છા જાગ્યા પછી, અહંકાર અને મમકારના સ્થાને સમર્પણ અને સેવાભાવ જ ઊભો રહે છે. પરમાત્મભાવને સમર્પણ અને જીવાત્મભાવની સેવા, એ તેનું ફળ છે.

### અહંભાવનો વિલય :

અહંભાવ સંસાર ભ્રમણનું કારણ છે, તેના 'હ–કાર' ની ઉપર જો 'ર–કાર' રૂપ અગ્નિબીજ સ્થાપન કરવામાં આવે, તો આરાધક, એ અગ્નિબીજ વડે અહંભાવનું દહન

કરી શકે, જેથી અહંભાવ ભસ્મિભૂત થાય અને એથી ‘અહંકાર’ની તત્ત્વમયતા સ્થાપિત થાય.

તત્ત્વ એટલે ધ્યેય અથવા રહસ્ય.

તત્ત્વવિત્ એટલે યથાર્થ જાણકાર.

સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે, સમાધિ તો યોગીઓ જ લગાવે. સમાધિમાં શરીર અને સ્થાન ભૂલી જવાય છે, તેવી અવસ્થાનો કેવળ યોગીઓ જ નહિ, પણ દરેક જીવ પોતાના રોજીંદા જીવનમાં અનુભવ કરતો હોય છે, ભલે એ સમાધિનો પ્રકાર અલગ હોય.

જીવનમાં જે કાર્ય અને જે વસ્તુ ઉપર પ્રીતિ હોય તેવા કાર્યમાં દરેક જીવ (ક્ષણિક) સમાધિનો અનુભવ કરતો હોય છે. એક પ્રેમી બીજા પ્રેમીની યાદમાં પોતાને શું નથી ભૂલી જતો?

આ રીતે વિશ્વના સર્વ જીવો સાથે જો પ્રેમ કેળવાય, તો વિશ્વપ્રેમી પરમાત્માની યાદમાં કેટલો આનંદ આવે?

## સમાધિસુખનો ઉપાય :

વિશ્વના સર્વ જીવોનું હિત ચિંતવનાર શ્રી અરિહંત પરમાત્માની યાદમાં આનંદ આવવા લાગે ત્યારે સમજવું કે, તમારો તેમની સાથે યોગ થઈ ગયો. એથી જે સમાધિ આવશે તેમાં શાશ્વત આનંદનો અનુભવ થશે.

તે યોગ અને સમાધિ સાધવા માટે મનને કેળવવું પડશે. 'જગતનાં સર્વ જીવોનું હિત થાય' અને સર્વ જીવોનું હિત ચાહનાર અને કરનાર 'શ્રી અરિહંત પરમાત્માનો વિજય થાય' એ ભાવનાને મનમાં વારંવાર લાવવી પડશે. એ ભાવનાના પુદ્ગલો ચૌદ રાજલોકમાં ફેલાઇને સર્વત્ર શાંતિનો પ્રસાર કરશે.

વિશ્વમાં 'શાંતિ પ્રસારનાર ભાવનાનો' અને 'શાંતિ વરસાવનાર શ્રી અરિહંત પરમાત્માનો' વિજય થાઓ. આ મહામંત્રનું જેઓ રટણ કરશે તેઓ ચિત્તની સમાધિ પામશે, સમાધિનું સુખ મેળવશે અને શાશ્વત શાંતિનો અનુભવ કરશે.

*

શબ્દની પાગલતામાંથી છુટવા અરિહંતપરમાત્માની વાણીરૂપ શબ્દ સાંભળવો પડશે. રૂપને જીતવા સિદ્ધના રૂપનું ધ્યાન ધરવું જરૂરી છે. ગંધને જીતવા આચાર્યના શીલરૂપ ગંધની સુગંધ લેવી પડશે. રસને જીતવા ઉપાધ્યાયજી ભગવંતના જ્ઞાનરસનો સ્વાદ લેવો પડશે. અને સ્પર્શને જીતવા સંયમી મુનિની વૈયાવચ્ચ દ્વારા એમની કાયાનો ચરણસ્પર્શ કરવો પડશે.

# (૧૫)

# પર્વાધિરાજનો પ્રભાવ

શ્રી પર્યુષણ પર્વમાં સમ્યક્ત્વ, વિરતિ, અપ્રમાદ ને અકષાયાદિ, મોક્ષના હેતુઓનું સેવન થાય છે, કૃપણ દાતાર બને છે, કુશીલ સુશીલ થાય છે, તપરહિત પણ તપસ્વી થાય છે, દયારહિત દયાળુ બને છે અને નિર્ધર્મી ધર્મી બને છે.

દાન, શીલ અને તપ. જ્ઞાન, દર્શન અને ચારિત્ર. આદિ ગુણોની આ મહાન દિવસોમાં પુષ્ટિ થાય છે. પર્વાધિરાજનો પુણ્ય પ્રસંગ પામીને, દેવ–ગુરુ–ધર્મમાં નિષ્ઠા વધુ દૃઢ બને છે. શ્રી સંઘ, સાધુ અને સાધર્મિકની ભક્તિનો પ્રવાહ પ્રાણવંતો બને છે. સામાયિક, પ્રતિક્રમણ અને પૌષધનું જોરદાર વાતાવરણ જામે છે; ક્ષમા, નમ્રતા અને સરળતા, સાચા રૂપમાં ખીલવા માંડે છે, શીલ સંતોષ અને બ્રહ્મચર્યાદિ ગુણોની પુષ્ટિ થાય છે અને આ પંચમકાળમાં પણ આ પર્વાધિરાજના પ્રભાવે પુણ્યાત્માઓ ચતુર્થકાળની સમાન આચરણ કરે છે.

શ્રી પર્યુષણ પર્વ એ ક્રોધાદિના નાશનો ઉત્સવ છે. મૈત્ર્યાદિ ભાવનાઓનો મહોત્સવ છે. આ સુપર્વના સુયોગે અનાદિ સંબંધી કષાયાદિનું મૃત્યુ થાય છે; તેથી મુનિઓ મુંડન કરાવે છે. મુનિઓ આને 'કેશ–લોચ' કહે છે એની પાછળ આવો અર્થ પણ ઘટાવી શકાય છે.

શ્રી પર્યુષણા પર્વમાં નવ પ્રકારના પુણ્યનું પોષણ થાય છે અને અઢાર પ્રકારના પાપનું શોષણ થાય છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાયાદિ બંધ–હેતુઓનો ત્યાગ થાય છે.

શ્રી પર્યુષણ પર્વના પ્રધાન કર્તવ્યો પાંચ છે :

(૧) પહેલું કર્તવ્ય છે, 'અમારિ પ્રવર્તન.' એનો સામાન્ય અર્થ છે, 'જીવદયાનું પાલન કરવું તેમજ કરાવવું' એ અને રહસ્યાર્થ છે 'સર્વથી પ્રિય વસ્તુનું દાન કરવું' એ.

સર્વથી પ્રિય વસ્તુના દાન દ્વારા એ પુરવાર કરી શકાય છે કે, 'પર્વાધિરાજ અમને સર્વથી અધિક પ્યારા છે.'

(૨) બીજું કર્તવ્ય છે 'સાધર્મિક વાત્સલ્ય.' જેનો સામાન્ય અર્થ છે, 'સાધર્મિક તરફ વાત્સલ્ય દાખવવું' તે, અને રહસ્યાર્થ છે, 'શ્રી જિનાજ્ઞા વત્સલતાને પાત્ર બનવું' એ. આજ્ઞાકારનું વાત્સલ્ય તેમની આજ્ઞા પ્રત્યે વાત્સલ્ય દર્શાવવા દ્વારા પામી શકાતું હોય છે, જેમાં સર્વ ધર્મનો સમાવેશ થઇ જાય છે.

(૩) ત્રીજું કર્તવ્ય છે, 'પરસ્પર ક્ષામણા' પરસ્પરને ત્રિવિધે ખમાવવા તે. જે ખમે તે નમે. જે ખમી શકે તે નમી શકે. જે ખમી શકે તે ખમાવી શકે. પાયાનું મહત્ત્વ ખમવામાં છે.

પર્વાધિરાજની આરાધનાનું અમૃત રગેરગમાં પરિણત

ત્યારે થાય કે, જ્યારે આરાધક આત્મા જગતના સર્વ જીવોને ખમવા-ખમાવવાના પરિણામ વડે પૂરેપૂરો રંગાઈ જાય !

(૪) ચોથું કર્તવ્ય છે, 'અઠ્ઠમનો તપ' સળંગ ત્રણ ઉપવાસના આ તપ પાપ-પંકને શોષવામાં મધ્યાહ્નના સૂર્યનું કામ કરે છે.

(૫) શ્રી પર્યુષણ પર્વનું પાંચમું કર્તવ્ય, 'ચૈત્ય-પરિપાટી' છે. ચૈત્યપરિપાટી એટલે નિજ-નગર સ્થિત શ્રી જિનચૈત્યોને વિધિ-બહુમાન પૂર્વક જુહારવાં ! શ્રી જિનેશ્વર દેવને ભાવથી ભેટવાનું આ કર્તવ્ય પાપને ભેટવાની અધમ વૃત્તિને ખંખેરી નાખવામાં પ્રચંડ પવનનું કામ કરે છે.

આ પાંચ કર્તવ્યોના પાલનથી દાન, શીલ, તપ અને ભાવ રૂપ ધર્મની આરાધનામાં અપૂર્વ વેગ આવે છે, ને શ્રી જિનાજ્ઞાના અમૃતને ઝીલવામાં આત્મા અપૂર્વ ઉલ્લાસ દાખવતો થાય છે.

પાણીમાં ત્રણ ગુણો છે. તૃષા છીપાવવાનો, દાહને દૂર કરવાનો અને મેલને કાપવાનો જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ ધર્મમાંય આવા ત્રણ ગુણો છે. આત્માને લાગુ પડેલા કષાયના દાહને જ્ઞાન દૂર કરે છે, દર્શન વિષયોની તૃષાને છીપાવે છે અને ચારિત્ર કર્મનો મેલ કાપે છે.

## (૧૬)

# અષ્ટપ્રકારી–પૂજાનું રહસ્ય

**અભિષેક–પૂજા :–** બ્રહ્મરંધ્રમાં હજાર પાંખડીવાળા કમળમાં સાકાર પરમાત્મા બિરાજે છે. તે સાકાર પરમાત્માના મસ્તક ભાગમાંથી અમૃત રસ ઝરે છે. તેના પ્રતીકરૂપે અભિષેક–પૂજા કરવામાં આવે છે.

'મેરુ શિખર ન્હવરાવે ઓ સુરપતિ.......' એટલે શરીરમાં મેરુદંડની ઉપરથી અમૃત રસ ઝરે છે.

**પુષ્પ–પૂજા :–** શરીરમાં ચક્રો હોય છે તે બીડાયેલાં કમળોના આકારે હોય છે. પરમાત્માની પુષ્પ–પૂજા દ્વારા તે ચક્રો (કમળો) વિકસ્વર થાય તેવી ભાવના કરવામાં આવે છે. તાજું ખીલેલું, પ્રફુલ્લ સુવાસિત પુષ્પ પ્રભુઅંગે પધરાવતાં વેંત પ્રગટતા ભાવોલ્લાસથી આ ચક્રો (કમળો) વિકસ્વર થાય છે.

**ગંધ–પૂજા :–** ચંદન કેસર આદિ સુગંધી દ્રવ્યો દ્વારા વિકસિત થયેલાં ચક્રો (કમળો)ની સુગંધનો અનુભવ લેવાનો છે. તેના પ્રતિકરૂપે ગંધ–પૂજા છે.

**ધુપ–પૂજા :–** આત્મા જ્યારે પોતાની અંદર પરમાત્મ–દશાનો અનુભવ કરે છે ત્યારે કર્મ બળે છે અને તેની ધુમાડા જેવી શિખા બ્રહ્મરંધ્રમાંથી નીકળે છે તેના પ્રતીકરૂપે ધૂપ–પૂજા કરવામાં આવે છે. 'ધૂપ ધ્યાન ઘટા અનુસરીયે રે....' હો મન માન્યા મોહનજી....' એ પંક્તિ તેની સૂચક છે.

**અક્ષત-પૂજા :-** આપણું અક્ષય-અખંડ જે સ્વરૂપ છે તેના પ્રતીક રૂપ અક્ષત-પૂજા છે. 'જે અક્ષત છે તેને હું પૂજું છું' એવો તેનો ભાવાર્થ છે. માટે પૂજામાં ક્ષતિરહિત અક્ષત વાપરવાનું વિધાન છે.

**ફળ-પૂજા :-** પરમાત્માની પૂજામાં જે ફળ મુકવામાં આવે છે તે શુભાશુભ કર્મફળના ત્યાગરૂપે છે. કર્મના શુભાશુભ ફળનો હું કર્તા કે ભોક્તા નથી અને હું કર્મફળથી ભિન્ન ચૈતન્ય સ્વરૂપ છું તેવી અનુભૂતિના પ્રતીક રૂપે ફળપૂજા કરવામાં આવે છે.

**નૈવેદ્ય-પૂજા :-** આ પૂજા આત્મનિવેદનરૂપ છે. સર્વ મિષ્ટ અને ઇષ્ટ પદાર્થોમાં મને કોઈ રસ નથી. રસ છે એક માત્ર ભગવાનમાં. આવી ભાવના નૈવેદ્ય ધરતાં ભાવવાની છે.

**આરતી :-** આરતી પાંચ જ્ઞાનનું પ્રતીક છે. મંગળ દીવો એ કેવળજ્ઞાનનું પ્રતીક છે. આ રીતે મંદિર અને મૂર્તિ-પૂજા એ ભારતીય દર્શનની સાધનામાં મુખ્ય અંગ છે.

પ્રભુને પૂજવામાં પ્રભુની પ્રભુતા પૂજ્ય છે, પરમ તારક છે, એ વિશ્વાસ દૃઢીભૂત કરવાનો છે. કે, જેથી વિષય-કષાય રૂપ સંસારને પૂજવાની મનની મિથ્યાગતિ, આપોઆપ અંકુશિત થઇને પ્રભુ તરફ ગતિ કરતી થાય અને આત્મા, આત્મામાં રમણુતા કરતો થાય.

## (૧૭)

# માન – દાનનો પ્રભાવ

માનવને માન–કષાયની અધિકતા છે, માટે અભિમાન મૂકીને, પૂજ્ય વ્યક્તિઓને નામ–ગ્રહણ પૂર્વક માન આપવામાં માનવજન્મની સાર્થકતા છે.

દેવ–ગુરુના નમસ્કારથી ધર્મનો પ્રારંભ થાય છે, તેના મધ્યમાં અને અંતમાં પણ નમસ્કાર વડે જ, માનરહિત અને જ્ઞાનસહિત થવાય છે. માટે જ શ્રી નવકાર પરમ મંગળકારી છે.

બીજાની જેમ જ આપ્તજનોની ડાહી વાતો માનવાની ટેવ પાડવાથી માન ઘસાય છે અને ધર્મનું મૂળ વિનય પુષ્ટ થાય છે. આધ્યાત્મિક સુખ અને શાંતિ મેળવવાનો ઉપાય, પોતાનું માનવાનો નહિ પણ બીજાનું માનવાનો છે.

દરેક ક્ષેત્રમાં માનવીનો વિકાસ, માનવીને માન આપવાથી થાય છે, માન માગવાથી નહિં! અર્થાત્ મન વચન અને કાયાથી બીજાને માન આપતાં શીખવું એ જ આત્મવિકાસનો સરળ અને નિશ્ચિત માર્ગ છે.

પ્રભુની આકૃતિના દર્શનથી સાલોક્ય મુક્તિ, પ્રભુના નામનું ગ્રહણ કરવાથી સામીપ્ય મુક્તિ, પ્રભુના આત્મદ્રવ્યના ચિંતનથી સારૂપ્ય મુક્તિ, અને પ્રભુના ભાવની સાથે તન્મય થવાથી સાયૂજ્ય મુક્તિ પ્રાપ્ત થાય છે. એ ચારે પ્રકારની મુક્તિ ‘માન’ મુક્તિના પર્યાયરૂપ મુક્તિ છે.

પૂજ્યોનાં નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવને ભક્તિપૂર્વક હૃદયમાં સ્થાન આપવાથી, માન-કષાયથી મુક્ત થવાય છે. 'માન-મુક્તિ'થી અન્ય કષાયોની મુક્તિ સુલભ બને છે. દાન પણ માન છોડવા માટે હોય તો જ ધર્મરૂપ બની શકે છે. પ્રત્યેક ધર્મક્રિયા મુખ્યત્વે માનવને માન-કષાય ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે વિહિત છે.

## પ્રસન્નતાનું દાન :

પ્રસન્નતાનું દાન જેમાં એક બદામ પણ ન બેસે એવું દાન છે અને છતાં, બીજું એવું એક પણ દાન નથી કે જે તેના દાતાને એના જેવું ફળ આપે.

જેના તેના પ્રતિ નિરંતર પ્રસન્ન દૃષ્ટિથી જોવું તે પ્રસન્નતાનું એટલે કે સન્માનનું દાન છે. પ્રત્યેક પ્રસન્નતા સંપત્તિને ઉત્પન્ન કરનાર છે, અર્થાત્ સંપત્તિની પૂર્વે દોડનાર ઘોડેસ્વાર છે, સંપત્તિની બિરદાવલી બોલનાર છડીદાર છે.

પ્રભુભક્તિમાંથી પ્રગટતી ચિત્તની પ્રસન્નતા, એ એક એવી ચુંબકીય શક્તિ છે કે જેના પ્રભાવે શત્રુ પણ મિત્ર બને છે. આપત્તિ સંપત્તિમાં ફેરવાઈ જાય છે અને કોઈપણ જાતના કંટાળાને પ્રાયઃ અવકાશ નથી રહેતો.

# (૧૮)

# હું નહિ, તું નહિ, તે

વિષમ સંયોગો ઉત્પન્ન થાય નહિ, તો જગત તરફ યથાર્થ વૈરાગ્ય ઉત્પન્ન થાય નહિ.

વ્યવહારિક દૃષ્ટિના જીવનમાં સમ-વિષમપણું અનુભવમાં આવ્યા સિવાય રહે જ નહિ, પણ જ્યારે અહંકાર કરવા 'હું' જ ન રહ્યો તો 'તું' પણ ન રહ્યો. જે કાંઈ રહ્યું તે 'તે' રહ્યું.

ઘડો પાણીમાં ડૂબેલો રહે ત્યાં સુધી પાણીમાં ને પાણીમાં તેને ગમે ત્યાં લઈ જાઓ પણ તેનું વજન લાગતું નથી. ઘડાને પાણીની બહાર કાઢો કે તરત જ વજન લાગવાનું. તેમ મનને જ્યાં સુધી પરમાત્મામાં (આત્મ-સ્વરૂપમાં) ડૂબેલું રાખીશું ત્યાં સુધી જગતનો બોજો લાગવાનો નથી.

પ્રભુને આપણાથી ભિન્ન જોયા કે દુઃખરૂપી બોજો લાગવાનો, તરત જ લાગવાનો. વસ્તુસ્થિતિ બધાની એમ જ થયા કરે છે.

માટે 'હું' નો પક્ષ છોડીને પ્રભુના જ પક્ષકાર બનવું જોઈએ. પ્રભુ પ્રેમના સમુદ્રરૂપે સર્વત્ર બિરાજે છે. મનને તેમાં નિમગ્ન રાખવાથી સઘળો રાગ વૈરાગ્યમાં બદલાઈ જાય છે અને અપૂર્વ શાંતિ અનુભવાય છે.

## શાંતિની ચાવી :

સાક્ષીભાવ રાખી, દેહ–ભાન જાણી જોઈને ભૂલી જવું એ શાંતિની ચાવી છે. આપણું ધન અગર બળ એ પ્રભુ ઉપરનો વિશ્વાસ છે. પ્રભુ એટલે સાક્ષી–ચેતન–આત્મા. તે સહુથી અધિક ધનવાન અને સહુથી અધિક બળવાન છે.

પ્રભુ–પરાયણ થવાનો આપણને વારસો મળ્યો છે, તેનું ગૌરવ હોવું જોઈએ. અન્ન–જળ સિવાય ચાલે, પણ પ્રભુ સિવાય ઘડીભર પણ જીવી શકીએ નહિ, પ્રભુ સિવાય બીજા કોઈનો પણ ડર રાખવાની જરૂર નથી.

પ્રભુ તરફનો પ્રેમ, અને એ માટે નામનું રટણ એ પ્રબળમાં પ્રબળ સાધન છે.

આપણું બધું કામ પ્રભુ કરી રહ્યા છે એનો અર્થ, એ છે કે આત્મતત્ત્વ કરી રહ્યું છે. એ દિવ્ય શક્તિ સિવાય કોઇથી કશું જ થઈ શકતું નથી.

ભગવાનની શક્તિ સિવાય સૂકું પાન પણ ચાલી શકતું નથી. એનો અર્થ, ક્રિયા માત્ર ચેતનની શક્તિથી થાય છે. ચેતનની દિવ્ય શક્તિ એ જ પ્રભુનું સામર્થ્ય છે.

अणुमात्रमपि तन्नास्ति, भूवनेऽत्र चराचरे ।
तदाज्ञानिरपेक्षं हि, यज्जायेत कदाचन ॥ १ ॥

પ્રભુ પર સંપૂર્ણ વિશ્વાસ રાખવાથી અખૂટ શાંતિ અનુભવી શકાય છે, કારણ કે, પ્રભુ પોતે પરમ સામર્થ્યવાન હોવા ઉપરાંત પરમ શાંતાકાર છે.

## ૫૧

## તમે કોણ છો? :

આપણા અને પરમાત્મા વચ્ચે આપણો ક્ષુલ્લક અહંકાર, એ જ અંતરાય છે.

બધો બોજો આત્મસાક્ષી ઉપર છે. બોજાને બાજુ પર રાખીને સમજવું કે બધો બોજો છે તેના પર જ છે. જરા પણ વિહ્વળતા થાય તો સમજવું કે અહંકારે ક્યાંક પ્રવેશ કર્યો છે. તમે કોણ છો એ સમજાયું એટલે બીજી બધી વાત સમજવામાં મુશ્કેલી નહિ આવે.

પ્રસૂતિની વેદના થયા પછી જ બાળક જન્મે, એ કુદરતી નિયમનું કોઈથી પણ ઉલ્લંઘન થઇ શકતું નથી. બધાં પ્રપંચોને ઉપાસના કરીને જ બોલાવ્યા છે. હવે એ પંચમહાભૂતની ઉપાસના છોડીને ચૈતન્યની ઉપાસના કરીએ એમ અનુભવ કહે છે, શિખવે છે અને ઉપાસના કરીને જેને આણ્યા છે તેનું ઋણ હસતે મુખડે ચૂકવીએ.

સાચી પ્રાર્થનામાં પોતે શુન્યવત બની જાય અને સર્વત્ર ચૈતન્યના દર્શન કરે. કાંઈ માગવાનું છે જ નહિ. બધે આપણી જ થાપણ છે. બોલવામાં નહિ પણ અનુભવવામાં જ મજા છે.

ન્યૂનતાનો અનુભવ એ પોતાના સ્વરૂપની પરિપૂર્ણતા વિષેનું અજ્ઞાન છે. આ અજ્ઞાન પ્રભુ પરના ભરોસાને ઢીલો પાડે છે અને માનવી જાતે દુઃખી થાય છે. પોતાની અસલ જાતને ઓળખી લીધા પછી બધાં દુઃખ નાશી જાય છે.

## જગતનો દેણદાર :

જ્યાં 'હું' મૂકવું જોઇએ ત્યાં મૂકાતું નથી, અને જ્યાં 'હું' ન મુકવું જોઇએ ત્યાં મુકાય છે. એટલે બધી અશાંતિ ઊભી થાય છે. એને નિવારવા માટે માણસે હંમેશાં યાદ રાખવું જોઇએ કે, તે કુટુંબનો, નાતનો, ગામનો, દેશનો અને દુનિયા આખીનો દેવાદાર છે. કોઇ પણ દિવસે તે લેણદાર નથી. પછી તેને અશાંતિનું કારણ રહેતું નથી. કારણ કે, લેવાની વૃત્તિમાંથી જ અશાંતિ અને ઉદ્વેગ જન્મે છે; પણ મારે તો દેવું ચૂકવવાનું છે. એવી સમજ આવી જતાં, સઘળી પ્રવૃત્તિ શાંતિવર્ધક બનવા માંડે છે.

આ સમાજના મૂળમાં જગતના બધા જીવો મારા ઉપકારી છે. એ ભાવ મુખ્યતયા કામ કરતો હોય છે. આ ભાવનો સ્વીકાર કરવાથી જ 'અહં' અને 'મમ'ના મૂળિયા ઢીલાં પડે છે અને જીવન પરમાર્થ–પરાયણ બની શાંતિનું ધામ બને છે.

હું ઉપકારી છું, એ સમજમાંથી જન્મતો અહંકાર જીવને જગતનો અધિક દેવાદાર બનાવીને બધું કંગાળ બનાવે છે. માટે પરના નાનામાં નાના ઉપકારને પણ પર્વત તુલ્ય માનવામાં સ્વશ્રેય છે અને તો જ વિનમ્રતા સચવાશે. ઋણમુક્તિની વૃત્તિ વિકસશે અને તેમાંથી ભવમુક્તિની યોગ્યતા આપોઆપ વિકાસ પામશે.



# (૧૯)

# શુભ સંકલ્પ કરીએ કે....

(૧) વર્તમાન શ્રી જૈન સંઘ પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રનો આરાધક બનો.

(૨) વર્તમાન શ્રી જૈન સંઘ મૈત્રી આદિ શુભ-ભાવનાઓથી વાસિત બનો.

(૩) વર્તમાન શ્રી જૈન સંઘ, શ્રી અરિહંત પરમાત્માની સર્વ કલ્યાણકારી ભાવના તથા તેના પ્રભાવે ઉત્પન્ન થયેલ, વિશ્વ કલ્યાણકારી તીર્થની સાચી ઓળખાણ આપો.

(૪) વિશ્વના જીવો શ્રી અરિહંત પરમાત્મા, તેમની આજ્ઞા, અને તે આજ્ઞાનું પાલન કરનાર શ્રી ચતુર્વિધ સંઘ, પ્રત્યે આદરવાળા બનો.

(૫) શ્રી અરિહંત પરમાત્માની ભાવના, એ ભાવનાના પરિપાકરૂપ આજ્ઞા, અને એ આજ્ઞાને પાળનાર શ્રી સંઘ વિશ્વ માત્રના હિતની વિશાળ દૃષ્ટિવાળો છે. એવી પ્રતીતિ બધાયને દૃઢપણે થાઓ.

શુભ સંકલ્પોમાં અસાધારણ બળ રહેલું છે, તે સંકલ્પને વારંવાર દોહરાવવાથી પોતાનાં મનનું સમગ્ર વલણ, એ જ ઢાળમાં ઢળવાની સાથોસાથ અશુભ વિચારોથી પર બને છે. પ્રભુશાસનના અમાપ ઉપકારોનું યત્કિંચિત્ પણ ઋણ અદા કરવા માટે આપણે આ સંકલ્પોને વારંવાર ઉચ્ચારવા રહ્યા.

## શિવમસ્તુ સર્વજગતઃ :

પોતાનું હિત વિશ્વના હિત સાથે સંકળાયેલું છે. અનાદિ ભવભ્રમણમાં સર્વ જીવો સાથે સર્વ પ્રકારનાં સંબંધો કર્યાં છે, પણ ધર્મસંબંધ કર્યો નથી, કર્યો છે તો બહુ ઓછો કર્યો છે, એવું શાસ્ત્રવચન છે.

એથી ફલિત થાય છે કે, અધર્મ સંબંધનાં કારણે ભવભ્રમણ છે. અધર્મ સંબંધ એટલે-પરસ્પરને પીડાકારક, અહિતકારક, અસુખકારક સંબંધ. આપણે એકબીજાને પીડા આપીને જીવ્યા છીએ, સુખ આપનાર તરફ કૃતજ્ઞતાનો ભાવ દાખવ્યો નથી, દુઃખ આપ્યા પછી ક્ષમા માંગી નથી, દુઃખ આપનારને ક્ષમા આપી નથી. દુઃખી પ્રત્યે દયા, સુખી પ્રત્યે અમી નજર, પુણ્યવાન પ્રત્યે પ્રમોદ અને પાપી પ્રત્યે સહનશીલતા દાખવી નથી. માત્ર પોતાના જ સુખની ચિંતા કરી છે અને બીજાં સર્વનાં સુખ-દુઃખ પ્રત્યે ઉપેક્ષાભાવ કે અનાદરભાવ જ દાખવ્યો છે. એનું જ બીજું નામ **મિથ્યાત્વનું સેવન છે અને અનંતાનુબંધી કષાયોનું રક્ષણ છે.**

જીવને અનંત સંસારમાં ભટકાવનાર આ બે જ મહા પાપ છે. તેનો પ્રતિકાર ન થાય ત્યાં સુધી કોઈ પણ સદ્‌ગુણનું સેવન, સાનુબંધ-ટકાઉ બનતું નથી. મિથ્યાત્વના આ મહા પાપરૂપી અંધકારમાંથી ઉગારી લેનાર અને સમ્યક્ત્વ રૂપી સૂર્ય પ્રગટાવનાર કોઇ ભાવના હોય તો તે 'શિવમસ્તુ સર્વજગતઃ' છે. માત્ર આ બે શબ્દોમાં જ શાસ્ત્રકાર મહર્ષિઓએ, એ ભાવના ફરમાવી છે.

કોઈ કહે છે કે, વિષયોના કારણે જીવ ભટકે છે. કોઇ કહે છે કે, કષાયોના કારણે જીવ ભટકે છે. કોઈ કહે છે કે, અશુભ યોગના કારણે તે ભટકે છે. તે બધાયમાં પ્રાણ પૂરનાર દોષ એક જ છે, અને તે છે મિથ્યાત્વનું સેવન.

**જીવમાં અજીવ જેવી બુદ્ધિ અને અજીવમાં જીવ જેવી બુદ્ધિ એ મિથ્યાત્વનો પાયો છે.**

બીજા જીવો પોતાના જેવાં જ જીવો છે, પોતાની જેમ સુખ–દુઃખની લાગણી અનુભવનારા છે; તેઓના તરફ દુર્લક્ષ્ય કરવું એ જ મિથ્યાત્વરૂપી અંધત્વ છે, અને તે બધા જીવો તરફ સમાન લાગણી ધરાવવી તે જ સમ્યક્ત્વરૂપી સૂર્યનો ઉદય છે.

**'બધાંને સુખ મળો, અને બધાંનું દુઃખ ટળો.'** એ વિચાર આજ પર્યંત, જીવે કદી કર્યો નથી. જો કર્યો હોત તો, તેનું ભવભ્રમણ હોત નહિ, કેમકે; એ વિચારમાં જ અનંત વિષયાભિલાષ નિવારવાનું સામર્થ્ય છે, અનંતાનુબંધી કષાયોને રોકવાનું બળ છે અને અત્યંત પ્રમાદ તેમજ અત્યંત અશુભ યોગને ન પ્રવર્તવા દેવાનું બળ છે.

સુખની ઈચ્છા, માત્ર પોતાને માટે હોવી અને બીજા કોઇ માટે ન હોવી, દુઃખ નિવારણ પણ, માત્ર પોતાનું થાય તો ઈષ્ટ માનવું અને બીજા કોઇનું પણ અંતરથી ન ઇચ્છવું એનું નામ ભાવઅંધાપો છે. મિથ્યાત્વનો ઘોર અંધકાર આ જ છે.

એ અંધકારને ટાળવાનું સામર્થ્ય, "સર્વ સુખી થાઓ, અને સર્વનાં દુઃખ ટળો." એ ભાવનામાં રહેલું છે. એ ભાવનાના બળે, પોતાના એકનાં જ સુખની અભિલાષારૂપ વિષયસુખની તીવ્ર આસક્તિ ટળી જાય છે, પ્રમાદનું જોર પણ હટી જાય છે અને અશુભ યોગોનું બળ પણ ક્ષીણ થાય છે.

પોતે, સર્વના સુખ–દુઃખનો આ રીતે યથાર્થ વિચાર કરે છે, તેનું પરિણામ ઉત્તમ આવે છે અને એ ઉત્તમતા અનુભવ્યા પછી 'એ વિચાર સહુ કોઈ કરે તો કેવું સારું!' એવી ભાવના સહેજે જાગે છે. તેથી સમ્યગ્દૃષ્ટિ જીવની બીજી ભાવના એ છે કે, '**परहितनिरता भवन्तु भूतगणाः ।**' (પ્રાણી માત્ર પરહિતમાં નિરત બનો.)

'સર્વ સુખી થાઓ અને સર્વનાં દુઃખ ટળો' એવી ભાવનાવાળા સહુ કોઇ બનો. એવી ભાવના ભાવવા છતાં ભવિતવ્યતાને યોગે કે કાળદોષથી કે સ્વભાવદોષથી કે અશુભ કર્મ (પૂર્વકૃત)ના ઉદયથી જે કોઈ તાત્કાલિક આ ભાવનાવાળા ન બની શકે તેમ હોય, તેઓના તે તે દોષ ટળો **दोषाः प्रयान्तु नाशम्** અને તેઓ પણ આ ભાવનાવાળા બનો. એવી ત્રીજી ભાવના સમ્યગ્દૃષ્ટિ જીવ ભાવે છે. અને એ ત્રણેય ભાવનાના એક સામટા બળથી, ચોથી '**सर्वत्र सुखीभवन्तु लोकाः ।**' એ ભાવના આપોઆપ પ્રગટે છે.

સર્વ દેશ અને સર્વકાળમાં 'સર્વ જીવો સુખી થાઓ' આ મુખ્ય ભાવના છે. એ ભાવના વડે આજ પર્યંત, જે

જીવોને દુઃખી કર્યાં છે, જે જીવોના સુખમાં વિઘ્નો નાખ્યાં છે. જે જીવોને કષ્ટ આપ્યા છે, ઈર્ષાભાવ, અસૂયાભાવ, ક્રોધભાવ અને દ્રોહભાવ વડે જેમને દૂભાવ્યા છે, તે સર્વનું માનસિક પ્રાયશ્ચિત આ ભાવનાથી થાય છે.

પાપો આચરીને મલિન બનેલું મન, આ ભાવનાઓથી નિર્મળ બને છે. મન, વચન અને કાયાના ત્રણેય દોષો સેવ્યા છતાં ત્રણેમાં પ્રધાનતા મનની જ રહી છે. તેથી તેની શુદ્ધિ માટે, પ્રથમ મન વડે જ સર્વનું સુખ ઈચ્છવાનું અને શક્ય સંયોગોમાં વચન અને કાયા વડે પણ જીવોના સુખ માટે અને દુઃખ નિવારણ માટે પ્રયત્ન કરવાનો. એ પ્રયત્ન કરવાનું બળ પેદા કરવા માટે પણ સૌથી પ્રથમ અને અનિવાર્ય વસ્તુ, 'शिवमस्तु सर्वजगतः।' એ છે. 'सर्वत्र सुखी भवतु लोकः।' એ ભાવનાને ભાવવાની છે.

આ રીતે મલિન મનને નિર્મળ બનાવીને, એ ભાવનાની પરાકાષ્ઠાએ પહોંચેલાં શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોનું ત્રિકાળ વિશુદ્ધભાવથી સ્મરણ કરવામાં આવે, તો તે સ્મરણમાં બાકીના કષાય, પ્રમાદ, અશુભ યોગ અને તુચ્છ વિષયો પ્રત્યેની આસક્તિનું નિવારણ કરવાનું જે અચિંત્ય સામર્થ્ય છૂપાયેલું છે એની પ્રતીતિ થાય.

ત્રણે કાળ (સવાર બપોર અને સાંજ) ત્રણ ત્રણ વખત 'शिवमस्तु सर्वजगतः।' એ ભાવનાપૂર્વક બાર બાર વાર શ્રી નવકાર ગણવાથી, ગણનાર વ્યક્તિની, સમૂહની, સંઘના સ્થાપક શ્રી જિનેશ્વર દેવના તીર્થની, એમની આજ્ઞાની અને

પ્રવચનની કેટલી મોટી ઉન્નતિ અને પ્રભાવની વૃદ્ધિ થાય! પરંપરાએ કેટલાંયે આત્માઓ બોધિ–બીજની પ્રાપ્તિ કરી સદ્ગતિની પરંપરાએ મુક્તિસુખના અધિકારી બને. એ હકીકત સહેલાઇથી સમજી શકાય એવી છે.

તાત્પર્ય એ છે કે મિથ્યાત્વ, પ્રમાદ, કષાય અને યોગ સાથેના ગાઢ માનસિક સંબંધમાં રહીને જીવ, જગતનાં સર્વ જીવોનું અહિત કરતો આવ્યો છે. અશુભ ચિંતવતો રહ્યો છે અને પોતાના સુખની ઘેલછામાં બીજાના સુખની ઉપેક્ષા કરતો રહ્યો છે. પાપ, અશાંતિ અને પરાધીનતાવર્ધક આ પ્રક્રિયાની પ્રબળ પકડમાંથી છૂટવા માટે આપણે, ચિત્તને સર્વથા કલ્યાણની ભાવના વડે વારંવાર વાસિત કરવું જ જોઇએ અને આ ભાવનાની પરાકાષ્ઠાએ પહોંચેલા શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોનું હંમેશાં ભાવપૂર્વક સ્મરણ કરવું જ જોઇએ.

આ ભગવંતો, નિત્ય સ્મરણીય એટલા માટે છે કે, આપણે આપણાં અસલ આત્મસ્વરૂપને સતત સ્મરણમાં રાખીને ત્રણ જગતના બધા આત્માઓને જોવા, જાણવા અને ચાહવા રૂપ ધર્મથી ભ્રષ્ટ થતા આપણે બચી જઇએ.

---

જિનેશ્વરદેવના દર્શનથી દર્શનશુદ્ધિ થાય અને ક્રોધ ઘટે. સદ્ગુરુના સમાગમથી જ્ઞાન થાય અને માન ઘટે. પ્રતિક્રમણથી ચારિત્રશુદ્ધિ થાય અને માયા ઘટે. તેમજ પચ્ચક્ખાણથી તપની વૃદ્ધિ થાય અને લોભ ઘટે.

(૨૦)

# ‘બાર’ના અંકનું મહત્ત્વ

અંતરિક્ષમાં બાર રાશિઓ છે. લગ્ન–કુંડળીમાં બાર સ્થાનો છે અને તેના જેવા જ ગુહ્યસ્થાનો, મનુષ્યના શરીરમાં પણ બાર છે.

દરેક ગણધર ભગવંત ત્રિપદી સાંભળતાંની સાથે જ દ્વાદશાંગીની રચના અંતર્મુહૂર્તમાં કરે છે. તે પણ એક સાંકેતિક ભાષાનો પ્રયોગ લાગે છે, વસ્તુમાત્રનો ઉત્પાદાદિ ત્રિસ્વભાવ, અંતઃકરણમાં સ્પર્શતાંની સાથે જ, પોતાનામાં રહેલી બારે પ્રકારની શક્તિઓ જાગ્રત થઈ જાય છે અને એ ગણધર ભગવંતોને જ દ્વાદશાંગીની રચના કરવાનું ઉચિત કર્તવ્ય લાગે છે. બાર શક્તિઓમાં શ્રદ્ધા ( Faith ), જ્ઞાન ( Knowledge ) અને ક્રિયા ( Doing ) આ ત્રણ શક્તિઓ મુખ્ય છે. અને તેનાં સ્થાન માનવદેહમાં ક્રમશઃ સહસ્રાર અથવા આજ્ઞાચક્ર, અનાહતચક્ર અને મણિપુરચક્ર મુખ્ય છે.

જે કોઈ શક્તિ પોતાનામાં નિર્બળ કે મંદ લાગે, તેને પ્રબળ વીર્યવંતી કરવા માટે, શરીરનાં તે તે સ્થાનોમાં ઉપયોગ મૂકી મંત્રાક્ષરોનો જાપ ધ્યાન કે ભાવનાદિ થાય, તો તે શક્તિઓ પ્રબળ બને.

સમવસરણમાં બાર પર્ષદા, બાર દરવાજા, અશોકવૃક્ષ બાર ગણું ઊંચું, કાળચક્રના બાર આરા, દિવસ–રાત્રિનાં બાર કલાક, બાર પ્રકારના તપ, બાર માસનું વર્ષ, રામનો

બાર વર્ષનો વનવાસ, 'બાર ગાઉએ બોલી બદલાય' એવી જુની કહેવત વગેરે વસ્તુઓનો વિચાર બારના આંકના મહત્ત્વને સ્પષ્ટ કરે છે.

ભિક્ષુની પડિમાની સંખ્યા ૧૨, શ્રાવકોનાં વ્રતની સંખ્યા ૧૨, શ્રી અરિહંતનાં ગુણોની સંખ્યા ૧૨, નિર્જરા અને તપનાં પ્રકારો પણ ૧૨.

જીવમાત્રમાં, બાર પ્રકારની શક્તિઓ પ્રચ્છન્નપણે રહેલી છે. તેને પ્રકટાવવા, વિકસાવવા અને પૂર્ણતાએ પહોચાડવા માટે ૧૨ વ્રતો, ૧૨ પડિમાઓ અને ૧૨ પ્રકારના તપનું યથાશક્તિ પાલન કરવું જરૂરી છે.

'બાર' સંખ્યાનો, માતૃકા-શાસ્ત્રની દૃષ્ટિએ વિચાર કરવાંથી (બા એટલે માતા અને ર એટલે પિતા) 'ર' એટલે રક્ષક. એક અક્ષર માતાના વાત્સલ્યાદિ કોમળ ભાવોને અને બીજો, પિતાના આજ્ઞાકારકાત્વાદિ ઉગ્ર ભાવોને વ્યક્ત કરે છે. એટલે આ 'બાર' શબ્દમાં માતાપિતાનાં ભાવો, સૂર્ય-ચંદ્રનાં ભાવો તથા મન અને આત્માના ભાવો પ્રકાશિત થાય છે.

ચંદ્ર સાથે 'મા' અક્ષર બોલાય છે; જેમકે, 'ચંદ્રમા' અને 'ર' એ અગ્નિબીજ છે એટલે તેમાં સૂર્ય કે પિતાનાં ભાવો પ્રકાશિત થાય છે.

જેમ 'નમો' પદમાં રહેલા બે અક્ષરો અનેક દૃષ્ટિએ મહત્ત્વ ધરાવે છે, તેમ 'બાર' ના અંકમાં રહેલા 'બા'

અને 'ર' એ બન્ને અક્ષરો પણ પોતાનું આગવું મહત્ત્વ ધરાવે છે.

પ્રાકૃત વ્યાકરણમાં 'द्वारादे र्वा' એ સૂત્રથી 'द्वार' શબ્દનું પ્રાકૃતરૂપ 'બાર'થી થાય છે. અર્થાત્ 'બાર'નો અર્થ દ્વાર, મોક્ષ કે ધર્મપ્રાસાદનું દ્વાર એવો પણ અર્થ થઈ શકે છે. આ અર્થ મુજબ જ જાણે વ્રતો ઉચ્ચરવા પહેલાં, દીક્ષાની, ઉપધાનની કે યોગની ક્રિયાની શરૂઆતમાં 'બાર' નવકાર ચારે દિશાએ ગણવાનો વિધિ કરવામાં આવે છે. અર્થાત્ બાર નવકાર ગણીને જ ધર્મપ્રાસાદમાં પ્રવેશ મળે છે. સમવસરણમાં પણ બાર જ દરવાજા હોય છે.

નારીશરીરનાં 'બાર' દ્વારો કહેવાય છે.

પુરુષદેહમાં પણ 'નવ' યા 'બાર' દ્વારો કલ્પ્યાં છે.

નાનો બાળક પ્રથમ જે શબ્દો બોલે છે તે 'બા' 'મા' 'પા' ઈત્યાદિ ઓષ્ઠ્ય વ્યંજનો હોય છે. 'ૐ કાર'ની જેમ આ વર્ણો સરળતાથી બોલાય છે.

'ર' વ્યંજન અગ્નિ ઉત્પાદક છે. 'બા' અને 'ર' એ બન્ને વર્ણો મળીને જળ અને અગ્નિ, શીતળતા અને ઉષ્ણતા, મા અને બાપની જેમ, તુષ્ટિ–પુષ્ટિ. અનિત્યત્વાદિ ભાવનાઓ પણ બાર પ્રકારની શક્તિને પોષક છે. આમ, બારનો અંક, પોતાની એક વિશિષ્ટતા ધરાવે છે.



# (૨૧)

# ભાવદયા

સાધુ-સંતો અજ્ઞાનીને જ્ઞાન, અશ્રદ્ધાળુને શ્રદ્ધા, ને આચારહીનને આચાર આપવા ઇચ્છે છે, તેથી તે ભાવદયા છે.

પ્રભુ શ્રી તીર્થંકર પરમાત્મા, શું આપવા ઇચ્છે છે? તો કે, તેઓશ્રી મિથ્યાદૃષ્ટિને-સમ્યગ્દર્શન, મિથ્યાજ્ઞાનીને-સમ્યગ્જ્ઞાન, અને મિથ્યાચારિત્રીને-સમ્યક્ચારિત્ર અર્પે છે. આ ત્રણ સાધનો વડે, સંસારમાં પરિભ્રમણશીલ જીવને-મોક્ષનાં અવ્યાબાધ સુખ આપવા ઇચ્છે છે. આનું નામ 'ઉત્કૃષ્ટ ભાવદયા' છે.

ભાવદયામાં પણ તારતમ્યતા હોય છે.

૧. શ્રી તીર્થંકર પરમાત્માનો ભાવ, સર્વને અને પ્રત્યેકને આત્મધન પ્રાપ્ત કરાવવાનો હોવાથી અને તેમનાં જેવો ઉત્કૃષ્ટ ભાવ બીજા કોઈમાં ન જાગતો હોવાથી, તેમનું આત્મદ્રવ્ય સર્વોત્કૃષ્ટ છે.

૨. જેઓનું આત્મદ્રવ્ય સર્વોત્કૃષ્ટ હોય, તેઓને ઓળખાવનારું નામ પણ, અચિંત્ય માહાત્મ્યવાળું હોય જ.

૩. જેમનું નામ અચિંત્ય માહાત્મ્યવાળું હોય, તેમનું રૂપ તેથી પણ વધારે મહિમાવાળું માનવું જોઇએ કારણ કે, એક રૂપમાં અનેક નામોનો સંગ્રહ છે.

૪. સમાન ભાવ અને સમાન દ્રવ્યને ધારણ કરનાર વ્યક્તિઓમાં ભેદ પાડવાની શક્તિ દેશકાળમાં નથી, તેથી તેઓનું એક સ્વરૂપ 'दिक्कालाद्यनवच्छिन्नानंतचिन्मात्रमूर्तिः।' કહેવાય છે.

૫. દેશકાળનો ભેદ કથંચિત્ બુદ્ધિ પ્રકલ્પિત છે. સાધનામાં એ ભેદ, પ્રયોજનભૂત નથી; તેથી તેને બાદ કરીને અવશેષ રહેનાર ભાવ અને દ્રવ્યને મુખ્ય કરાય છે. તે સર્વ, તીર્થંકર ભગવંતોમાં સ્વરૂપથી સમાન હોવાને કારણે, એકની પૂજામાં સર્વની પૂજા અને એકની હિલનામાં સર્વની હિલનાનો નિયમ સચવાય છે.

૬. શ્રી તીર્થંકર પરમાત્માના આત્મદ્રવ્યની પૂજા, પોતાના આત્મસ્વરૂપની પૂજા સ્વરૂપ છે. એમનું ધ્યાન એ પોતાના આત્માનું જ ધ્યાન છે અને તેથી કંઈક વિશેષ છે કેમકે તેમાં પોતાથી અધિકનું પણ ધ્યાન થાય છે.

૭. શ્રી તીર્થંકર પરમાત્માના ભાવનું બહુમાન એ પોતાના ભાવને ઊંચો લાવવાનું સાધન છે, ભાવથી ભાવ વધે છે. સજાતીયને સજાતીય મળવાથી બંનેની શક્તિ વધે છે. સજાતીયને વિજાતીય મળવાથી બંનેની શક્તિ ઘટે છે. શ્રી તીર્થંકર પરમાત્માના ધ્યાનથી સજાતીયતાના કારણે, આત્મા સબળ બને છે.

*

## (૨૨)

# સ્નેહપરિણામ

**દુઃખને દમવું, સુખને શમવું અને અપરાધને ખમવું એ સ્નેહનું કાર્ય છે.** સ્નેહનું પરિણામ અપરાધને ગળી જાય છે, દુઃખોને સહી લે છે, અને સુખને તજી શકે છે.

માતાના સ્નેહમાં રહેલું વાત્સલ્ય, પુત્રનાં સુખે સુખી, દુઃખે દુઃખી અને અપરાધ પ્રત્યે સહાનુભૂતિ દાખવી શકે છે. પુત્રનાં દુઃખને પોતાનું દુઃખ અને પુત્રના દોષને પોતાનો દોષ માની શકે છે.

સમ્યગ્દૃષ્ટિ જીવ પણ, બીજાનાં દુઃખ ઉપર દયાવાન, સુખ ઉપર પ્રમોદવાન અને પાપ ઉપર ક્ષમાવાન રહી શકે છે.

ધર્મ પૂર્ણપ્રેમમય હોવાથી એક સાથે માતાની, પિતાની, મિત્રની, બંધુની, સ્વામીની અને ગુરુની ઉપમાને પામી શકે છે.

**ધર્મ એ માત્ર જ્ઞાન કે ક્રિયાનું નામ નથી, પણ તેની પાછળ રહેલા સ્નેહનું નામ છે. જ્ઞાન અને ક્રિયા તો એ સ્નેહને પેદા કરવાનું અને અભિવ્યક્ત કરવાનું માત્ર સાધન છે.**

જે જ્ઞાન, સ્નેહ પરિણામને સર્વ પ્રત્યે પેદા કરી આપી શકે, અને જે ક્રિયા સર્વ પ્રત્યે સદ્‌વર્તન રખાવી શકે, તે

જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે, અને તે ક્રિયા સમ્યક્ક્રિયા છે.

આ જગતમાં સૌથી મૂલ્યવાન વસ્તુ સ્નેહપરિણામ છે. જ્ઞાન અને ક્રિયાનું મૂલ્ય પણ એક સ્નેહપરિણામનાં કારણ અને કાર્ય તરીકે વખણાય છે.

જે જ્ઞાન, સ્નેહપરિણામને ન વિકસાવી શકે તે જ્ઞાન અજ્ઞાન છે અને જે વૈર પરિણામ વિકસાવે તે અસત્ જ્ઞાન છે.

જે ક્રિયા સ્નેહપરિણામને અભિવ્યક્ત ન કરે, તે ક્રિયા અસત્ ક્રિયા છે.

**સ્નેહપરિણામ એ જ ધર્મનું મૂળ છે અને એ જ સમ્યગ્દર્શન છે.** અનાદિ ભવચક્રમાં તેની પ્રાપ્તિ ન થવાથી જ, જીવ ભવભ્રમણ કરે છે. મૈત્ર્યાદિનું સંવેદન અને ગુરુ-લાઘવ-વિજ્ઞાન જાગ્યા પછી જ તેનું જ્ઞાન, સમ્યગ્જ્ઞાનની ઉપમાને પામે છે અને તેની ક્રિયા સમ્યક્ક્રિયાની પ્રસિદ્ધિ મેળવે છે.

સ્નેહપરિણામને વિકસાવનારું જ્ઞાન ભણવું જોઇએ અને સ્નેહપરિણામને પુષ્ટ બનાવનારી ક્રિયા કરવી જોઇએ; તો જ 'જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ' એ સૂત્ર સાર્થક બને.

અતિ વિકટ ભવાટવીમાં સમ્યગ્જ્ઞાનને જીવની આંખ કહી છે અને સમ્યક્ક્રિયાને જીવના પગ કહ્યા છે, તે આ સ્નેહપરિણામના સંદર્ભમાં જ છે.

# (૨૩)

# પ્રેમની અભિલાષા

પ્રેમ આપણને સમગ્ર સાથે જોડે છે. પ્રેમના અભાવમાં આપણે અસ્તિત્વથી અલગ અને અટુલા થઈ જઈએ છીએ. પ્રેમ વિના ખરે જ દરેક જણ એકાકી છે.

પ્રેમ જ જીવન છે. પ્રેમ સિવાય કોઈ જીવન નથી. ભાષામાં સૌથી મૂલ્યવાન શબ્દ કયો ? 'પ્રેમ.' પ્રેમ એ જ પરમાત્મા છે. પ્રેમ એ જ આત્મા છે.

શરીર અને મનની પેલી પારના પ્રદેશમાંથી જે આવે છે, તે કિરણ પ્રેમનું છે. પ્રેમ એક અપાર્થિવ ઘટના છે. સત્યમાં જે નિકટતા નથી તે પ્રેમમાં છે. **સત્ય એ જાણવાની વાત છે. પ્રેમ એ બનવાની વાત છે.**

અસ્તિત્વ એક અને અવ્યય છે. સર્વના સ્વીકાર અને સહકારમાં પ્રેમ ફલિત થાય છે. એક વ્યક્તિ સાથે સંબંધ, પ્રેમના માધ્યમ દ્વારા બંધાય છે; મતલબ કે 'હું' ને **છોડી દેવો તે 'પ્રેમ' કહેવાય છે.**

જ્યારે સહુ કોઇની પ્રત્યે પોતાના 'હું' ને જે છોડી દે છે, તે ખુદ પોતે જ 'પ્રેમ' બની જાય છે. એવો પ્રેમ એ જ ભક્તિ છે.

પ્રેમમાં 'સ્વ' અને 'પર'નું અતિક્રમણ છે. જ્યાં 'સ્વ' કે 'પર' નથી ત્યાં જ સત્ય છે. સત્ય માટે જેમને

તૃષા છે, તેમણે પ્રેમ સાધવો પડશે. એ ક્ષણ સુધી, એ સાધના ચાલુ રાખવી પડશે કે જ્યાં પ્રેમી અને પ્રિય મટી જાય અને કેવળ પ્રેમ જ શેષ રહે

અહિંસા શું છે? આત્માને જાણી લેવો તે અહિંસા છે. હું, મને–પોતાને જાણવામાં સમર્થ બની જાઉં, તો સાથેસાથે સહુની અંદર જેનો વાસ છે તેને પણ જાણી લઈ શકીશ. આ ભાવનામાંથી પ્રેમ પ્રકટે છે અને પ્રેમ માટે કોઇને પણ દુઃખ દેવાનું અસંભવિત છે. કોઇને પણ દુઃખ દેવાની આ અસંભાવના એ અહિંસા છે.

આત્મ–અજ્ઞાનનું કેન્દ્રવર્તી લક્ષણ 'અહં' છે. આત્મ–જ્ઞાનનું કેન્દ્રીય લક્ષણ 'પ્રેમ' છે.

જ્યાં 'અહં' શુન્ય થાય છે ત્યાં 'પ્રેમ' પૂર્ણ બને છે. 'અહં' સંકીર્ણ છે, પ્રેમ વિરાટ છે. 'અહં' અણુસ્થિત છે, પ્રેમ બ્રહ્મ છે.

'અહં'નું કેન્દ્ર વ્યક્તિ છે; પ્રેમનું કેન્દ્ર સમષ્ટિ છે. 'અહં' પોતાને માટે જીવે છે, 'પ્રેમ' સહુને માટે જીવે છે. 'અહં' શોષણ છે, 'પ્રેમ' સેવા છે. અને **પ્રેમમાંથી સહજ રીતે પ્રવાહિત થતી સેવા એ જ અહિંસા છે.**

પ્રજ્ઞાનું સાધન સમાધિ છે, મતલબ કે સમાધિ સાધન છે, પ્રજ્ઞા સાધ્ય છે. પ્રેમ એ સિદ્ધિનું પરિણામ છે.

પ્રેમ કેવી રીતે મેળવવો? પ્રેમ સીધો મેળવી શકાતો નથી. એ તો પરિણામ છે. પ્રજ્ઞાને મેળવો તો એના

પરિશ્રમના વળતર તરીકે પ્રેમ મળી જાય છે.

પ્રજ્ઞા હોય, અને પ્રેમ ન હોય, એ સંભવિત નથી. જ્ઞાન હોય, ને અહિંસા ન હોય, એ શી રીતે બની શકે?

આથી જ અહિંસાને સાચા જ્ઞાનની કસોટી માનવામાં આવી છે, તે પરમ ધર્મ છે. પરમ પ્રેમ છે. કારણ કે, તે આત્યંતિક કસોટી છે. એની કસોટીમાં જે ખરો ઉતરે, તે જ ધર્મ ખરો સાબિત થાય છે.

પ્રજ્ઞા કેવી રીતે પ્રાપ્ત થાય? આપણામાં જે જ્ઞાન-શક્તિ છે, તે વિષયમુક્ત બની જાય, તો તે પ્રજ્ઞા બની જાય. વિષયના અભાવમાં જ્ઞાન પોતાને જ જાણે છે.

પોતાની દ્વારા પોતાનું જ્ઞાન એ જ પ્રજ્ઞા છે. એ જ્ઞાનમાં કોઈ જ્ઞાતા નથી, કોઈ જ્ઞેય નથી. માત્ર જ્ઞાનની શુદ્ધ શક્તિ જ હોય છે. એનું સ્વયં વડે સ્વયંનું પ્રકાશિત થવું તે પ્રજ્ઞા છે.

જ્ઞાનનું આ સ્વયં પરથી પાછા ફરવું, તે માનવચેતનાની સૌથી મોટી ક્રાંતિ છે. આ ક્રાંતિથી જ મનુષ્ય સ્વયં સાથે સંબંધિત થાય છે અને જીવનનું પ્રયોજન તથા જીવનની અર્થપૂર્ણતા તેની સમક્ષ ઉદ્‌ઘાટિત થાય છે.

આવી ક્રાંતિ સમાધિમાંથી ઉપલબ્ધ થાય છે. પ્રજ્ઞાનું સાધન સમાધિ છે. પ્રજ્ઞા સાધ્ય છે, પ્રેમ એ સિદ્ધિનું પરિણામ છે; પ્રેમ એ પરિવાર પણ છે. પરિવાર એ પ્રેમનું પહેલું પગથિયું છે. એ યાદ રહે કે, પ્રથમના અભાવમાં અંતિમનો કોઈ આધાર નથી.

પ્રેમ વડે પરિવાર બને છે. પ્રેમના વિકાસથી પરિવાર મોટો થતો જાય છે. પછી એ પરિવારની બહાર કોઈ રહેતું નથી ત્યારે તે 'પ્રભુ' બની જાય છે. 'વસુધૈવ કુટુંબકમ્.'

પ્રેમના અભાવમાં, મનુષ્ય નિજતામાં પૂરાઈ જાય છે. 'પર' સાથે તેનો કોઇ 'સેતુ' રહેતો નથી. એ ક્રમિક મૃત્યુ છે. **જીવન તો પારસ્પરિકતા છે. જીવન સંબંધોમાં છે.**

મનુષ્યમાં સર્વના પ્રતિ પ્રેમનો જન્મ ત્યારે થાય છે, કે જયારે પોતાની અંદર આનંદનો જન્મ થાય છે. મૂળ પ્રશ્ન આનંદાનુભૂતિનો છે. અંતરમાં આનંદ હોય તો આત્માનુભૂતિથી પ્રેમ ઉપજે છે.

જે પોતાના આત્યંતિક અસ્તિત્વથી અપરિચિત છે, તે કદી પણ આનંદને પ્રાપ્ત કરી શકતો નથી. 'સ્વરૂપમાં' પ્રતિષ્ઠા તે જ આનંદ છે. એ કારણે પોતાની જાતને જાણવી એ નૈતિક અને શુભ થવાનો માર્ગ છે.

પોતાને જાણતાં જ, આનંદનું સંગીત ગુંજવા માંડે છે, પછી જેના દર્શન પોતાની અંદર થાય છે, તેનાં જ દર્શન સમસ્તમાં થવા લાગે છે.

પોતાને જ સર્વમાં પામીને, પ્રેમનો જન્મ થાય છે. પ્રેમથી મોટી કોઈ પવિત્રતા નથી, અને પ્રાપ્તિ નથી. જે એને મેળવી લે છે, એ જીવનને મેળવી લે છે.

પ્રેમ એ રાગ નથી. રાગ એ પ્રેમનો અભાવ છે. તે ઘૃણાથી વિપરીત વસ્તુ છે. રાગ અને ઘૃણાની જોડી છે રાગ કોઇપણ સમયે ઘૃણામાં પરિવર્તિત થઇ શકે છે, પ્રેમ નહિ!

પ્રેમ એ ઘૃણા અને રાગથી જુદી વસ્તુ છે, તે ઉપેક્ષા પણ નથી. ઉપેક્ષા માત્ર અભાવ છે. પ્રેમ એક અત્યંત અભિનવ શક્તિનો સદ્ભાવ છે. તે શક્તિ પોતાનામાંથી સહુના પ્રત્યે વહે છે, બધાથી આકર્ષિત થઇને નહિ પણ પોતાનામાંથી સ્ફુરિત થઇને વહે છે.

પ્રેમ સંબંધમાં સીમિત હોય તો તે રાગ છે. તે અસંબંધ હોય તો અહિંસા છે. અસંબંધ, અસંગ, સ્વયં-સ્ફુરિત આ બધા એક જ અર્થ છે.

**પાડે તે પ્રેમ નહિ, પણ રાગ : તારે તે પ્રેમ!** પ્રેમમાં 'પડવાનું' હોય જ નહિ, ચઢવાનું હોય છે. આત્મા આત્માને ઓળખે, આવકારે અને અપનાવીને આલિંગે એ પ્રેમની પ્રક્રિયા છે. પ્રેમનો પરિઘ લોકવ્યાપી છે જ્યાં સુધી કોઈ એક પણ જીવ તરફનો દ્વેષ હૈયામાં હોય ત્યાં સુધી 'પ્રેમ' પૂરો પાંગર્યો ન કહેવાય. કારણ કે પ્રેમમાં દ્વેષને સ્થાન નથી હોતું, માટે જ પ્રભુપ્રેમ સર્વશ્રેષ્ઠ ગણાય છે. તે જ સાધ્ય છે, તે જ તારક છે.

વીતરાગ પરમાત્મા વિશ્વવાત્સલ્ય યુક્ત છે. એમની ભક્તિ દ્વારા આપણે પણ સાચા પ્રેમના પાત્ર બની શકીશું.

---

**દાન સ્નાનના સ્થાને છે. શીલ-તપ કપડાના સ્થાને છે અને ભાવ એ અલંકારોના સ્થાને છે. દાનરૂપ સ્નાનથી પરિગ્રહની મમતાનો મેલ દૂર કરવાનો છે. આ મેલ દૂર થાય પછી શીલ-તપના કપડા અને ભાવના અલંકારો શોભી શકે.**

# (૨૪)

# 'શિવ' શુભ સંકલ્પ

તમારો આનંદ તમારા પોતાની ઉપર નિર્ભર છે. અન્ય કશા પર નહિ.

આત્મ-મંથન અને આત્મ-સંશોધનથી માણસને સમજાય છે કે, પોતે કોણ છે, કેવો છે; તેમજ પોતાની ખામીઓ ને ખુબીઓને જોઈ-જાણી શકે છે.

જીવ પોતે જ બ્રહ્મ છે પણ એમ તે માનતો નથી. તેથી જ તે ક્ષુલ્લક બની રહે છે. કર્મબદ્ધ જીવ પોતે ક્ષુલ્લક છે છતાં પોતે પોતાને તેવો માનતો નથી, તેથી જ તે અભિમાનમાં રહે છે.

મનની બાંધી લીધેલી કલ્પના કે સંકલ્પ, કેટલાં બળવાન અને સામર્થ્યશાળી હોય છે, તે આ પરથી સ્હેજે સમજાય છે. તેથી જ મહાપુરુષો મનને શિવસંકલ્પવાળું કરવા કહે છે. (तन्मे मनः शिवसंकल्पमस्तु) ઉપનિષદ્. શિવસંકલ્પ એટલે કલ્યાણનો સંકલ્પ.

જાગ્રતપણે, દૃઢતાપૂર્વક, મનને વારંવાર આ સંસ્કારોથી વાસિત કરવાથી તે તેવું બનવા માંડે છે. મતલબ કે, સારા સંસ્કારોનું બળ વધતાં માઠાં સંસ્કારો હટી જાય છે, અને મન શિવસંકલ્પને માનતું થાય છે. આમ કરતાં કરતાં પ્રગતિ સધાય છે. અંતઃકરણ શુદ્ધ થતાં, શક્તિ અને સૂક્ષ્મતા પ્રાપ્ત થાય છે.

માનવ-મન 'નરમાંથી નારાયણ' બનવા માટે હોય છે. સાચું સુખ માનવના હૃદયમાં જે ઈશ્વરીય તત્ત્વરૂપ ઈશ્વર બેઠો છે તેની સાથેના મિલનથી જ અનુભવી શકાય છે.

અનેક જન્મોના ઉલટા સંસ્કારો અને ખોટાં મૂલ્યાંકનોને લીધે માણસ પોતાની દૃષ્ટિ પરમાત્મા તરફ ન રાખતાં, જગત તરફ જ રાખે છે. વિષયો પ્રત્યે મનનું આકર્ષણ મોળું પડતાં એક દિવસ એવો પણ આવે છે કે, જયારે જીવ આત્મા વડે જ આત્મામાં સંતુષ્ટ રહી શકે. તે વખતે તેને ખાત્રી થાય છે કે, તે પોતે જ બ્રહ્મ છે. કાચ અને હીરાની ઓળખાણ પડયા પછી કાચને કોણ વળગી રહે?

સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાત્મ ચૈતન્યનો આનંદમય અને પૂર્ણતાભર્યો સંકલ્પ સધાતાં, બીજી ચીજો તુચ્છ લાગે છે. ત્રણ લોકનું રાજ્ય પણ લુખ્ખું જણાય છે. અતીન્દ્રિય તત્ત્વનો આનંદ માત્ર આત્મામાંથી જ આત્માને મળ્યા પછી ઇન્દ્રિયો નકામી નીવડે છે.

પ્રયત્ન ફળદાયી છે, એવી ખાત્રી તે શ્રદ્ધા છે, કૃપા ફલદાયી છે, એવી ખાત્રી તે ભક્તિ છે. કૃપા એ ભગવાનના સામર્થ્યનો સૂચક શબ્દ છે, પ્રયત્ન એ ભક્તની શ્રદ્ધાનો સૂચક શબ્દ છે, ભક્તિના પ્રમાણમાં જ શ્રદ્ધા સ્ફુરે છે અને શ્રદ્ધાના પ્રમાણમાં જ ભક્તિ ફળે છે.

## (૨૫)

# પરોપકારની પ્રધાનતા

પરોપકાર માટે જ આ માનવશરીર મળેલું છે. શક્તિ-સંજોગ હોવા છતાં પરોપકાર વિનાનું જીવન જીવનારો મહાપાપી છે. પરોપકારના રંગથી રંગવામાં માનવજીવનની સફળતા છે. અન્ય પ્રાણીઓ અનિચ્છાએ પરોપકાર કરે છે. કોઈપણ સ્થિતિ કે સંયોગમાં પરોપકાર કરવો એ જ પ્રધાન કાર્ય છે.

દરેક જીવ, પારકાના ઉપકારમાં ફાળો આપવા બંધાયેલો છે જો ન આપે તો, તે વિશ્વવિધાનનો અપરાધી ઠરે છે. એ વિધાન બતાવનારનો દ્રોહ કરે છે. એના કટુ વિપાક એને ભોગવવા પડે છે. તેનાથી બચવા માટે 'પરોપકારના પ્રબળ નિયમને' આધીન રહેવું જોઇએ.

પરોપકારની રીત પશુ કરતાં માનવની, અને માનવ કરતાં મુનિઓની તથા ગૃહસ્થ કરતાં યોગીઓની જુદી જુદી હોય છે. તેના ક્રમનો પણ ભંગ ન થવો જોઇએ. અન્યથા પોતે ઉપકરણ બનવાને બદલે અધિકરણ બને છે. નાના બાળકને ઉપકાર કરવા માટે, ધાવણના સ્થાને અન્ન આપીએ તો ઉપકાર ન થાય. તેમ ગૃહસ્થનું કાર્ય સાધુ કરે અને સાધુનું કાર્ય ગૃહસ્થ કરે તો અનર્થ થાય.

ધનવાન ધનથી, બળવાન બળથી, અને મેધાવી મનથી પરોપકાર કરી શકે છે. બધાંની પાસે એક જ પ્રકારના સાધન હોવા અસંભવિત છે.

પાંચમા ગુણસ્થાનક સુધી પરોપકારમાં વસ્તુની પ્રધાનતા છે. છઠ્ઠા ગુણસ્થાનકથી અધ્યવસાય અને ભાવની પ્રધાનતા છે.

સાધુઓ પોતાના જીવનથી પ્રજાને સન્માર્ગે ચઢાવી સદાચારી બનાવી શકે છે. સાધુ–પુરુષોનો દેહ પરોપકારનો પિંડ, અને અહિંસાનો અવતાર મનાય છે.

સિદ્ધાવસ્થામાં સિદ્ધાત્મા, સ્વભાવસિદ્ધ સર્વોદયકારક છે. પરોપકારની પ્રક્રિયામાંથી અલગ રહેનાર તે માનવ પણ નથી, મુનિ પણ નથી, અને મહેશ્વર પણ નથી.

સિદ્ધાવસ્થાનો પરોપકાર સૂર્ય અને ચંદ્રના ઉપકારની જેમ સહજ છે.

'त्याग एको गुणः श्लाघ्यः किमन्यैर्गुणराशिभिः ।
त्यागाज्जगति पूज्यन्ते नूनं वारिद–पादपा' ॥

"ભાવાર્થ :– ત્યાગ નામનો એક ગુણ પ્રશંસનીય છે. આ ગુણ ગળી જાય પછી બીજા ગુણો હોય તો ય શું ? ન હોય તો ય શું ? ત્યાગને કારણે તો આ જગતમાં વરસાદ અને વૃક્ષો પૂજાતા હોય છે.

દાનવૃત્તિનું મૂળ ત્યાગવૃત્તિ છે અને ત્યાગવૃત્તિમાં મૂળ કૃતજ્ઞભાવ છે. કૃતજ્ઞભાવનું મૂળ પરોપકાર સ્વભાવ છે.

પરોપકારના પાયા પર અખિલ બ્રહ્માંડની રચના છે.

સિદ્ધાત્મા નિગોદના જીવને અકારણ ઉપકાર કરનારા

થાય છે અને શ્રી અરિહંત પરમાત્મા વિશ્વના સકળ જીવોને ઉદ્ધારનારા થાય છે. આચાર્યાદિ પણ પોતાના આચાર જ્ઞાન અને સાધના દ્વારા વિશ્વજંતુઓને અલૌકિક ઉપકાર કરનારા થાય છે.

સમગ્ર વિશ્વ પરોપકારમાં પ્રવૃત્ત છે એમ જાણનારા નમ્ર બને છે, કૃતજ્ઞ બને છે, ત્યાગ અને દાનને પોતાનો પરમ ધર્મ સમજે છે. એ ધર્મનું આચરણ નથી થતું ત્યારે મૂંઝવણ અનુભવે છે અને થાય છે ત્યારે પ્રસન્નતાનો અનુભવ કરે છે.

卐

'નમો અરિહંતાણં' આ પદમાં એક દૃષ્ટિએ આપણા માટે 'અરિહંતાણં' કરતાં ય 'નમો' ની મહત્તા વધારે છે. અરિહંત કરતાં ય નમોની મહત્તા વધુ કેમ? આવા પ્રશ્નના જવાબમાં કહી શકાય કે અરિહંતદેવો તો ભૂતકાળમાં અનંતા થઈ ગયા. એ બધાએ આપણા માટે ભાવદયા ભાવી. પણ આપણું હજી ઠેકાણું નથી પડ્યું, એમાં જો કોઈ મુખ્ય કારણ હોય, તો એ એ જ છે કે આપણામાં 'નમો' [ વિનયભાવ ] ન આવ્યું. અને એથી અરિહંતોની સાથે આપણો સંબંધ સ્થાપિત ન થયો. આજે મહાવિદેહમાં અનેક અરિહંતો સદેહે વિચરે છે ને ભરતમાં સ્થાપના નિક્ષેપે અનેક જિનબિંબો છે. આપણામાં 'નમો' આવે પછી જ એ તારકો આપણા માટે ઉપકારી બની શકે. અરિહંતો સંસાર-સમુદ્રની પેલે પાર છે, આપણે આ પાર છીએ. બન્ને વચ્ચે 'નમો' એ પૂલ છે. આ પૂલ પાકો જોઈશે. તો જ સામે પાર પહોંચી શકાશે. માટીનો પૂલ નહિ ચાલે, પથ્થરનો જોઈશે.

# આગમોનો અર્ક-નમામિ અને ખમામિ

'નમામિ' અને 'ખમામિ' આ બે શબ્દો શ્રી જિનશાસનનું અર્ક છે.

જીવનમાં રહેલું શુદ્ધત્વ એ નમનીય છે, અને અશુદ્ધત્વ એ ખમનીય છે. જીવત્વ એ આદરણીય છે, અને કર્મને કારણે આવેલું જડત્વ–ક્ષન્તવ્ય છે. જીવરાશિના બે વિભાગ છે. એક ધર્મ પામેલ અને બીજો નહિ પામેલ. ધર્મને પામેલ જીવોની સાથે 'नमामि' શબ્દપ્રયોગ સાર્થક છે. ધર્મ નહિ પામેલ જીવોની સાથે 'खमामि' શબ્દ પ્રયોગ સાર્થક છે.

'खमामि' એટલે પોતાના કરેલા અપરાધોની ક્ષમાપના અને તે જીવોના પોતાના પ્રત્યે થયેલા અપરાધોને પણ સહન કરવાની વૃત્તિ.

જીવમાત્ર પ્રત્યે, એક 'नमामि' અને બીજો 'खमामि' એ બે શબ્દોનો વ્યવહાર હોવો જોઈએ. શાસ્ત્રોક્ત આરાધક–ભાવ 'नमामि' અને 'खमामि' શબ્દોમાં રહેલો છે.

नमामि सव्व-जिणाणं, खमामि सव्व-जिवाणं ।

'नमामि' શબ્દ સુકૃતાનુમોદનાનાં અર્થમાં છે અને 'खमामि' શબ્દ દુષ્કૃતગર્હાના અર્થમાં છે.

દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદના પૂર્વક, ચતુઃશરણ–ગમન એ ભવ્યત્વ–પરિપાકનાં પરમ સાધન છે.

ઉપકારના બદલામાં 'नमामि' અને અપકારના બદલામાં 'खमामि' નો પ્રયોગ, સર્વ જીવો સાથે ઔચિત્યનું પાલન કરાવે છે. ઔચિત્ય ગુણના પાલનથી આત્મ કલ્યાણનો માર્ગ સુલભ બને છે.

આત્માનું સ્વરૂપ જોવા માટે શ્રી અરિહંતાદિ ચારનું આલંબન છે. તેમના સ્મરણથી આત્મસ્વરૂપનું સ્મરણ થાય છે અને આત્મ–સ્વરૂપનું સ્મરણ કલ્યાણ નિધાન બને છે.

આત્મ સ્વરૂપ સર્વ ગુણોની ખાણ છે અને સર્વ પ્રકારના શુભ પર્યાયોની ઉત્પત્તિનું નિધાન છે. સ્વરૂપ રમણતા એ મોક્ષનું અનન્ય કારણ છે. સ્વરૂપ રમણતાનું સાધન અરિહંતાદિ ચારનું સ્મરણ છે.

ભાવથી થતું શ્રી અરિહંતાદિ ચારનું સ્મરણ, એ જીવસ્વરૂપનું જ સ્મરણ હોવાથી જીવને વિશ્રાંતિનું પરમ સ્થાન છે. કહ્યું છે કે,–

**'जीयात्पुण्यांगजननी, पालनी–शोधनी च मे ।**
**हंस विश्राम कमल, श्रीः सदेष्टनमस्कृतिः ॥ १ ॥**

અર્થ :– પુણ્યરૂપી શરીરને પેદા કરનાર, પુણ્યરૂપી શરીરનું પાલન કરનાર અને પુણ્યરૂપી શરીરનું શોધન કરનાર તથા જીવરૂપી હંસને વિશ્રાંતિ આપવા માટે કમળના વનની શોભાને ધારણ કરનાર એવી, શ્રી પંચપરમેષ્ઠિની નમસ્કૃતિ સદા જયવંત વર્તો.

અહિં શ્રી પંચપરમેષ્ઠિની નમસ્કૃતિ એ જ ચતુઃ– શરણ–ગમન રૂપ છે, એ જ નિશ્ચયથી આત્મસ્વરૂપ રમણતા

છે અને એ જ મોક્ષનું અનંતર કારણ છે.

'નમામિ' એ પદમાં ત્રણ આવશ્યકો સમાયા છે. દર્શન-જ્ઞાન અને ચારિત્ર-ગુણનો વિકાસ કરનારા સામાયિક, ચઉવિસત્થો અને ગુરુવંદનનું આરાધન, એક 'નમામિ' પદમાં સમાઈ જાય છે. 'ખમામિ' એ પદમાં પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પચ્ચકખાણ આવશ્યક સમાઇ જાય છે.

**દોષોનું પ્રતિક્રમણ** :- પ્રતિક્રમણથી શુદ્ધ ન થયેલા દોષોની શુદ્ધિ માટે કાયોત્સર્ગ અને એ બન્નેથી શુદ્ધ ન થઈ શકે એવા દોષોની શુદ્ધિ માટે પચ્ચકખાણ આવશ્યક છે.

આ ત્રણ આવશ્યકોથી પણ દર્શન-જ્ઞાન-ચારિત્ર ગુણની આરાધના માટેના પાંચે આચારોનું સેવન થાય છે. 'નમામિ'માં ઉપકારી તત્ત્વો પ્રત્યે કૃતજ્ઞતા છે. 'ખમામિ'માં અપકારમાત્રની ક્ષમાપના છે.

'નમામિ' અને 'ખમામિ' જેના જીવનમાં નથી તેને શુભધ્યાનનો અભાવ છે. કૃતજ્ઞતાને સ્થાને કૃતઘ્નતા, અને પરોપકારને સ્થાને પરાપકારનું સેવન ચાલુ છે. તે બન્ને આર્તધ્યાનનાં જ નહિ કિન્તુ રૌદ્રધ્યાનના પણ ઉત્પાદક છે; તેથી બન્ને પ્રકારના અશુભધ્યાનને રોકી, બંને પ્રકારના શુભધ્યાનનું સેવન કરાવનાર છ એ પ્રકારના આવશ્યક, અને પાંચે પ્રકારના આચારના સંગ્રહરૂપ 'નમામિ' અને 'ખમામિ' એ બંને ગુણો ક્ષણે ક્ષણે આરાધ્ય છે.

卐

# (૨૭)

# પ્રભુ આજ્ઞાના બે પ્રકાર

પ્રભુની આજ્ઞા જે બે પદમાં સમાઈ જાય છે, તે બે પદ પૈકી એક છે આશ્રવને છોડવાનું, અને બીજું છે સંવરને આદરવાનું. आश्रवः सर्वथा हेय उपादेयश्च संवरः।

આશ્રવ ત્યાજ્ય છે અને સંવર ઉપાદેય છે. આથી પ્રભુની આજ્ઞા–નિશ્ચલ છે, સુપ્રતિષ્ઠિત છે, જીવલોકને હિતકારિણી છે. પરપીડા એ આશ્રવ છે. પરોપકાર એ સંવર છે; માટે જ પ્રભુની આજ્ઞા સર્વ જીવલોકને સુખ કરનારી છે.

પરોપકાર એ પરપીડાથી થતા આશ્રવને રોકનાર છે તેથી સંવરરૂપ છે. પરપીડા પરોપકારથી વિપરીત છે માટે આશ્રવ છે.

સર્વ પ્રયત્નથી આશ્રવ છોડવા યોગ્ય છે; અને સર્વ પ્રયત્નથી સંવર આદરવા યોગ્ય છે, માટે જ, જેણે આશ્રવોને તજ્યા છે અને જેઓ સર્વ સંવર સ્વરૂપ બન્યા છે, તેઓનું જ શરણ સ્વીકારવા લાયક છે. તેઓનું જ ધ્યાન ધરવા લાયક છે, તેઓનું જ વંદન પૂજન અર્ચન કરવા લાયક છે અને તેઓની જ આજ્ઞા શિર ઉપર ધરવા લાયક છે.

### સમ્યક્ત્વનું સ્વરૂપ :

સંસાર હેય છે, કેમકે તે પરપીડા સ્વરૂપ છે.
મોક્ષ ઉપાદેય છે કેમકે તે પરોપકાર સ્વરૂપ છે.

સંસાર પરપીડારૂપ છે માટે પાપરૂપ છે. અને પાપનાં જ ફળ સ્વરૂપ છે. મોક્ષ પરોપકાર સ્વરૂપ છે માટે પવિત્ર છે અને પવિત્ર એવા ધર્મારાધનના જ પરિણામરૂપ છે.

સંસારમાં 'મત્સ્ય ગલાગલ' ન્યાય ચાલી રહ્યો છે. તેમાંથી છુટવાની બુદ્ધિ, અને મોક્ષ એ જીવોને સુખના આલંબનરૂપ છે. તેથી તેને મેળવવાની બુદ્ધિ એ સમ્યગ્બુદ્ધિ છે, એ જ સાચી સમજણ છે. એ સમજણથી વિપરીત સમજણ સંસારમાં ભટકાવનારી છે.

પરોપકારના કારણે મોક્ષ ઉપાદેય છે અને પરપીડાને કારણે સંસાર હેય છે, એવી બુદ્ધિ થવી તે સમ્યગ્જ્ઞાન છે, એવી શ્રદ્ધા થવી તે સમ્યગ્દર્શન છે અને એવું વર્તન થવું તે સમ્યક્ચારિત્ર છે.

મોક્ષે ગયેલા અને મોક્ષે જવા માટે ઉદ્યત થયેલા જીવોનું શરણ સ્વીકારવું, તેમના ઉપર જ પ્રીતિ–ભક્તિને વિસ્તારવી, અને તેમની આજ્ઞાના પાલનને જ એક કર્તવ્ય માનવું એ સમ્યક્ત્વનું સ્વરૂપ છે.

## 'શરણ' એટલે શું ?

'શરણ' શબ્દ, આશ્રય–આધાર–આલંબન–ટેકો વગેરે એક જ અર્થને કહે છે.

શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોનું શરણ તેમનાં સ્મરણથી, આશ્રયથી, આધારથી, આલંબનથી, ટેકાથી લેવાય છે. શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોનું શરણ તે ધર્મનું જ શરણ છે.

ધર્મ એ પરોપકાર સ્વરૂપ, અને પરપીડાના પરિહાર-રૂપ છે તેથી ધર્મનું શરણુ સ્વીકારનારે તત્ત્વથી પરોપકારનું જ શરણુ સ્વીકાર્યું છે. પરોપકાર એ જ આ જગતમાં તરવાનો ઉપાય છે. એનું જ શરણુ લેવા લાયક છે, એ જ જીવનમાં આદરવા લાયક છે.

સાચો ઉપકાર મોક્ષમાર્ગને પામવો અને પમાડવો એ છે. મોક્ષમાર્ગ રત્નત્રય સ્વરૂપ છે. રત્નત્રય-જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર એ આત્માના મૂળ ગુણ છે.

સર્વ જીવોને સમાન રૂપે જાણવા, જોવા અને એવા વર્તનથી જ્ઞાનગુણ, દર્શનગુણ અને ચારિત્રગુણની ચરિતાર્થતા થાય છે.

એ ત્રણ ગુણની આરાધના જીવને કેવળજ્ઞાન, કેવળદર્શન અને પૂર્ણ ચારિત્ર તથા અવ્યાબાધ સુખ આપે છે.

## મુક્તિનો સાચો ઉપાય :

**परोपकारः पुण्याय पापाय परपीडनम्।**

પરને ઉપકાર, પુણ્ય માટે થાય છે.

પરને પીડા, પાપ માટે થાય છે.

પુણ્યથી સુખ અને પાપથી દુઃખ મળે છે. તેથી સુખના અર્થીએ પરોપકાર કરવો જોઈએ અને પરપીડાને પરિહરવી જોઈએ.

પરપીડાનો પરિહાર એ જો પાપથી મુક્ત થવાનો ઉપાય હોય, તો પુણ્યનો ઉપાય તેથી વિરુદ્ધ, પરને ઉપકાર કરવો તે જ હોઈ શકે. ઉપકાર પણ ન કરવો, અને પીડા

પણ ન કરવી, એવી ત્રીજી અવસ્થા. સંભવી શકતી નથી. કાં તો પરને પીડા અને કાં તો પરને ઉપકાર, એ બે જ અવસ્થા હોય ! તો સુખનું મૂળ ધર્મ તે પરોપકાર સ્વરૂપ બન્યો.

સુકૃત અનુમોદનામાં ધર્મનું અનુમોદન છે. ધર્મ એ સુકૃત છે; અને સુકૃત એ પરોપકારનું બીજું નામ છે. દુષ્કૃતની ગર્હા એ પાપની ગર્હા છે. પર પીડા એ પાપ છે, અને પાપ એ દુઃખનું મૂળ છે, તેથી પરપીડાની ગર્હા, અને પરોપકારનું અનુમોદન કરવા પૂર્વક શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોનું શરણ લેવું. તેમના સ્મરણમાં ધ્યાનલીન થવું તે જ મુક્તિનો ઉપાય છે.

પહેલા દ્રવ્યપૂજા કરવાનું વિધાન કેમ કર્યું ? એનું કારણ એ છે કે, ગૃહસ્થ મમતાવાળો છે. મમતા મૂક્યા સિવાય સમતા આવે નહિ, મમતા મૂકવાનું સાધન દ્રવ્યપૂજા છે. મમતા મૂકવા માટે દ્રવ્યસ્તવનું વિધાન છે. મમતા એક જાતનો મળ છે. પ્રભુપૂજન એરંડિયાના સ્થાને છે અને સામાયિક રસાયણ છે. આમાં પહેલું શું લેવું જોઇએ. એરંડિયું જ ને ! ધ્યેય રસાયણનું હોવા છતાં, મળ કાઢયા વિના એ લેવામાં આવે તો ફુટી નિકળ્યા વિના ન રહે. એમ અહીં પણ સામાયિકરૂપ રસાયણનું ધ્યેય હોવા છતાં, પહેલા દ્રવ્યસ્તવરૂપ એરંડિયાથી શુદ્ધિ કરવી જરૂરી છે.

(૨૮)

# ધર્મ માત્રનું મૂળ : નમ્રતા

નમસ્કાર—નમ્રતા એ આપણો આદર્શ છે. નિર્ભયતા એ આપણો અધિકાર છે.

ધર્મ પામવાનું પહેલું પગથીયું નમ્ર થવું તે છે. જે નમ્ર બની શકતો નથી, તે ધર્મને ઓળખી શકતો નથી.

ધર્મને ઓળખવા માટે કર્મને જાણવા જોઇએ, અને કર્મને જાણનારો નમ્ર બને છે.

નમ્ર બનીને સંયમી બનનારો નવા આવતાં કર્મને રોકે છે, અને જુના કર્મને વિખેરવા માટે તપ કરવા ઉલ્લસિત રહે છે.

ધર્મ કરીને પણ જે ગર્વ કરે છે, તે ધર્મ આભાસ માત્ર છે. કારણ, ધર્મનું મૂળ નમ્રતા—વંદના છે.

धर्मं प्रति मूलभूता वन्दना ।

### સત્ય ધર્મની પ્રાપ્તિ :

નમ્રતા એ પ્રકાશક જ્ઞાન છે.

તેમાંથી ફળીભૂત થતું સંયમ નવાં કર્મને રોકે છે અને તપ જુનાં કર્મને કાઢે છે.

પ્રકાશક જ્ઞાન વિના કર્મનાં કચરાને કાઢવાની કે રોકવાની વૃત્તિ થતી નથી.

કર્મના સ્વરૂપનું જ્ઞાન થતાંની સાથે જ જીવ નમ્ર બની જાય છે. એ નમ્રતા, જ્યાં સુધી જીવ કર્મથી સર્વથા

મુક્ત ન થાય ત્યાં સુધી ટકી રહે છે. મુક્તિ મળ્યા પછી તે આપોઆપ ચાલી જાય છે.

મુક્તિ પર્યંત નમ્રતા પેદા કરનાર તત્ત્વજ્ઞાન ન મળે તો, આત્મા કર્મનો ક્ષય કરનાર તાત્ત્વિક ધર્મને પામી શકતો નથી.

સત્ય ધર્મને પામવા માટે કર્મની સત્તા, ઉદય અને સંબંધને જાણવો જોઇએ. એ જ્ઞાન સર્વજ્ઞ વચનથી જ દૃઢ થાય છે.

## વિનય :

વિનય એ 'નમો'નો પર્યાય છે.

'અષ્ટ કર્મ વિનયન' એ વિનયની શક્તિ છે. એટલે અષ્ટ કર્મના કારણભૂત અષ્ટ મદને મૂળમાંથી નાશ કરવાની શક્તિ, વિનયગુણમાં (નમ્ર વૃત્તિમાં) છે.

'મારો આત્મા કર્મને કારણે સર્વથી નીચો છે.' એવું જ્ઞાન શ્રી જિનવચનથી થાય છે. તેથી તેનું જાતિ–કુલાદિ–કર્મકૃત ભાવોનું અભિમાન ગળી જાય છે અને તે સાચો નમ્ર બને છે.

'નાહં ન મમ' એવો મોહરાજાના મંત્રનો પ્રતિપક્ષી મંત્ર, તેને જ ફળે છે જે જાતિગત એકતા સમગ્ર જીવસૃષ્ટિ સાથે અનુભવે છે, અને એ એકતા તેને નમ્ર અને નિર્ભય બનાવે છે.

## (૨૯)

# અનન્ય ઉપકારી શ્રી તીર્થંકર ભગવંતો

આ જગતમાં જે કાંઈ સુખ છે, સુખનાં કારણભૂત જે કાંઈ શુભ પ્રવૃત્તિ થઈ રહી છે, તે બધું શ્રી તીર્થંકર-દેવોને લીધે જ છે. જગતના જીવો જે કાંઈ સુખ મેળવી રહ્યા છે, તેમાં ઉપકાર શ્રી તીર્થંકર ભગવંતોનો જ છે.

સુખ પુણ્યકર્મના ઉદયથી મળે છે, પુણ્યબંધ શુભ પ્રવૃત્તિથી થાય છે; શુભ પ્રવૃત્તિ શુભ અધ્યવસાયથી થાય છે. હવે વિચારવાનું એ રહે છે કે, જીવને એ શુભ અધ્યવસાય શાથી થાય છે?

અનાદિકાળના અસદ્ અભ્યાસથી, મલિન વાસનાઓના જોરથી જીવ પાપ કરવાની વૃત્તિવાળો થાય છે. એ સ્થિતિમાં એને શ્રેયસ્કર પ્રવૃત્તિ કરવાની વૃત્તિ સહજ રીતે જાગે એવી શકયતા તો લગભગ સાવ અસંભવિત છે!

નિસર્ગ સમ્યક્ત્વવાળાને પૂર્વ જન્મોમાં અધિગમ જોઇએ સમગ્ર ભવચક્રમાં એક પણ અધિગમ વિના જ સમ્યક્ત્વ પામીને મોક્ષે જનારા જીવોની સંખ્યા મરુદેવા માતાની જેમ વિરલ હોય છે, છતાં તેમને પણ સમવસરણની ઋદ્ધિના દર્શનરૂપી અધિગમ તો હતો જ! જીવ શ્રેયસ્કર પ્રવૃત્તિ કરવા 'અધિગમથી પ્રેરાય છે.

પાપ માટે આલંબનની જરૂર પડતી નથી અથવા પાપના આલંબનોથી તો જગત ભરેલું જ છે.

પુણ્ય ઉપદેશ વિના થતું નથી. ઉપદેશ માટે વચનની શક્તિ જોઇએ. સિદ્ધાંતો અશરીરી છે. એથી એ સ્વયં ઉપદેશ ન આપી શકે. ઉપદેશ તો મુખ્યત્વે શ્રી અરિહંત ભગવંતો જ આપે. તેઓ પોતાના વચનના અતિશયના કારણે અનેક જીવોને ઉપદેશ આપી સત્ય પ્રવૃત્તિમાં જોડી શકે.

જગતમાં મોક્ષમાર્ગ અને એ માર્ગનાં પ્રતીકો–દહેરાસર–મૂર્તિ–ઉપાશ્રય–શાસ્ત્રો–સંઘ વગેરે, શ્રી અરિહંત ભગવંતોના કારણે જ છે. માટે '**જગતમાં જે કાંઈ શુભ છે, તે શ્રી અરિહંત ભગવંતોના પ્રભાવને લીધે જ છે.**' અરિહંતપણાની પ્રાપ્તિની સામગ્રી પણ શ્રી તીર્થંકર ભગવંતો જ આપે છે.

તીર્થ અને તેનાં પ્રતીકો ઉપદેશ વિના સર્જાતાં નથી. ઉપદેશ આપવા માટે જે પુણ્યબળ જોઇએ, તે શ્રી તીર્થંકર ભગવંતો પાસે જ છે. માટે '**આજે આપણે જે કાંઈ સાધના કરી શકીએ છીએ તે બધાયમાં શ્રી તીર્થંકર ભગવંતોનો જ ઉપકાર છે.**' એ સદા સ્મૃતિપથમાં રહેવું જોઇએ.

આવડો મોટો જેમનો ઉપકાર છે તેમને ભૂલી જઇને કે એનો સ્વીકાર ન કરીને કોઈ પણ આત્મા, ઉન્નતિના પંથે ગતિ કરી શકતો નથી. આત્મવિકાસના માર્ગે આગળ વધવા માટે સત્યના સ્વીકારની, ઉપકારી પ્રત્યે નમ્રતા અને કૃતજ્ઞભાવની, અનુપકારી અને અપકારી પ્રત્યે મધ્યસ્થતા અને ઉદાસીનતા કેળવવાની પહેલી શરત છે. એના સિવાય

કષાયમંદતા, અંતર્મુખતા તથા એવા બીજા આધ્યાત્મિક સદ્‌ગુણોની પ્રાપ્તિ થતી નથી.

શ્રી તીર્થંકર ભગવંતો આપણા સહુના અનન્ય ઉપકારી છે. જીવનમાં કે જગતમાં જે કાંઈ સારૂં છે, તે તેમના પ્રભાવે જ છે. એટલે કલ્યાણકામીએ તેઓશ્રીનાં સ્મરણ, મનન, ચિંતન, ભજન અને પૂજન આદિ દ્વારા પોતાનાં સમય શક્તિ અને શ્વાસોચ્છ્‌વાસ સાર્થક કરવાં જોઇએ.

શ્રી તીર્થંકર પરમાત્માને ભૂલી જઈને જીવ ભવમાં ભૂલો પડે છે અને જ્યાં ત્યાં અથડાય–રીબાય છે. શ્રી તીર્થંકર પરમાત્મા જેવા નાથને જેઓ ભજે છે, તેઓ જ સાચા સનાથ છે.

❋

> જ્યાં જ્ઞાન રહેલું છે, ત્યાં ગૌણપણે ક્રિયા પણ રહેલી છે. અને જ્યાં ક્રિયા મુખ્ય છે, ત્યાં ગૌણરૂપે જ્ઞાન પણ રહેલું છે.

# (૩૦)

## પ્રેરણાદાયી પ્રશ્નોત્તરી

(૧) આત્મા કેવો છે?

દેહથી ભિન્ન, ચૈતન્ય સ્વરૂપ.

(૨) દેહબુદ્ધિ ક્યારે છૂટે?

ઉપયોગ–સ્વરૂપ આત્માનો અનુભવ કરે ત્યારે. 'પરથી' ભિન્નતા જાણીને 'સ્વ'માં ઠરે ત્યારે સુખનો આસ્વાદ અનુભવે.

(૩) જીવે શાનો વિચાર નથી કર્યો?

પોતાના સ્વરૂપનો.

(૪) શ્રી અરિહંતનું નામ લેવાથી મિથ્યાત્વ જાય?

નામ સાથે તેનું સ્વરૂપ ઓળખવાથી જાય.

( But must realise nature. )

(૫) શ્રી અરિહંત, સિદ્ધ વગેરેની સાચી ઓળખ ક્યારે મળી ગણાય?

ઉપયોગ સ્વરૂપ આત્માને ઓળખો ત્યારે, આત્મા સદા ઉપયોગ વડે જીવે છે; માત્ર દેહ અને ખોરાક વડે નહિ.

(૬) સાચું સામાયિક અને પ્રતિક્રમણ ક્યારે થાય?

મિથ્યાત્વ છોડીને સમ્યક્ત્વ અંગીકાર કરે ત્યારે. શરીરથી આત્માને ઉપયોગ–સ્વરૂપ વડે ભિન્ન માને ત્યારે સમ્યક્ત્વ આવે; અને તે સહિત સામાયિક, પ્રતિજ્ઞા, પ્રતિક્રમણ વગેરે ધર્મરૂપ બને.

(૭) સમ્યગ્દર્શન એટલે શું ?

સમ્યગ્દર્શન એટલે આત્મસાક્ષાત્કાર વ્યક્તપણે આત્માનું સ્વસંવેદન, ઇન્દ્રિય અને મનથી, જે પરલક્ષ્ય થાય છે, તેને ફેરવીને મતિજ્ઞાનને સ્વ (Soul) માં એકાગ્ર કરતાં આત્માને પ્રત્યક્ષ અનુભવાય છે. તે પ્રગટ અનુભવીને સમ્યગ્દર્શની અને સમ્યગ્જ્ઞાની કહેવાય છે.

(૮) સૌથી મોટો રોગ કયો ?

દેહમાં આત્મભ્રાંતિ.

(૯) જીવ સાથી હેરાન થાય છે ?

આત્માના અજ્ઞાનથી.

(૧૦) સંસારમાં જીવને દુર્લભ શું ? અને અપૂર્વ શું ?

ત્રસપણું, પંચેન્દ્રિયપણું, સંજ્ઞીપણું, મનુષ્યપણું, ઉત્તમ જાતિ–કુળ, પંચેન્દ્રિય પૂર્ણતા, દીર્ઘાયુ અને સાચા દેવ–ગુરુ આ બધું દુર્લભ છતાં પૂર્વે મળ્યું છે. પછી આત્મરૂચિ કરી સમ્યગ્દર્શન પ્રગટાવવું તે દુર્લભ અને અપૂર્વ છે. મુનિપણું અને કેવળજ્ઞાન સૌથી દુર્લભ છે.

(૧૧) સુગુરુ કોને કહેવાય ?

જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપી ગુણોમાં જે મોટા તે સુગુરુ.

(૧૨) સાચું જૈનત્વ એટલે શું ?

સાચું જૈનત્વ એટલે સમભાવ અથવા સમદૃષ્ટિ–સત્યદૃષ્ટિ. સમભાવ એટલે અહિંસા અને સત્યદૃષ્ટિ એટલે અનેકાંત. અહિંસા આચારને નિર્મળ બનાવે છે. અનેકાંત વિચારને વિશુદ્ધ અને વિશાળ કરે છે.

(૧૩) શાસ્ત્ર એટેલે શું ?

શાસન કરી, સમજાવી, બીજાને બચાવે તે શાસ્ત્ર ! અને હણીને બીજાને બચાવવાની શક્તિ તે શસ્ત્ર !

(૧૪) કયી ચીજ એવી છે, કે જે વધ્યે જાય છે?
તૃષ્ણા.

(૧૫) કયી ચીજ એવી છે, કે જે ઓછી થતી જાય છે?
આયુષ્ય.

(૧૬) કયી ચીજ એવી છે, કે જે વધતી–ઘટતી નથી?
સંસાર.

(૧૭) કયી ચીજ એવી છે, કે જેમાં વધ–ઘટ થાય છે?
મોહ.

(૧૮) ગુરુની વ્યાખ્યા શી છે?

જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી ગુણોમાં જે મોટાં તે ગુરુ. શુદ્ધાત્માના ઉપદેશ વડે તેઓ ઉપકાર કરે છે.

(૧૯) શુદ્ધાત્માને જાણવાની રીત કઈ?

પોતાનાં સ્વાનુભવ વડે તે જણાય છે.

(૨૦) તજવા જેવી વસ્તુઓ કઈ?

જીવને અધોગતિમાં નાંખનાર કનક અને કામિની.

(૨૧) બંધાયેલો કોણ ?

પાંચે વિષયોમાં આસક્તિવાળો જીવ.

(૨૨) છૂટેલો કોણ ?

જેને વિષયો પ્રત્યે વૈરાગ્ય આવેલો છે, તે.

(૨૩) ઘોર નરક કઈ ?

પોતાનો જ દેહ જો એ દમાયેલો ન હોય તો....

(૨૪) સ્વર્ગાપવર્ગનું પગથિયું કયું ?

સર્વ તૃષ્ણાઓનો સમૂળ–ક્ષય.

(૨૫) જીવની સ્વાભાવિક ગતિ ઉર્ધ્વ, છતાં સંસાર–અવસ્થામાં તિર્ચ્છું કે અધોગમન થાય છે, તે શાથી ?

કર્મદ્રવ્યની અસરને લીધે જ તેમ થાય છે.

(૨૬) સર્વ દ્રવ્યો વેર વિખેર થઇને, અલોકમાં ફેંકાઈ જતાં કેમ નથી ?

એમાં કારણ તરીકે, ધર્મ–અધર્મ દ્રવ્યની અસર છે.

(૨૭) સંસારી જીવની અવગાહના શરીર પ્રમાણ જ કેમ ? અને લોકવ્યાપી કેમ નહિ ?

શરીરનામકર્મનું બંધન તેનું કારણ છે.

(૨૮) શુભ રાગપૂર્વક થતાં ધર્મનાં અનુષ્ઠાનો એ પરંપરાએ જો અક્રિયપદનો હેતુ થતાં હોય, તો તેને કર્મબંધન–કારક ક્રિયા કહેવાને બદલે કર્મક્ષયસહાયક ક્રિયા કે, અક્રિયા કહેવામાં શી હરકત ?

ક્રિયાથી કર્મબંધ જ થાય, પણ કર્મક્ષય ન થાય એ નિયમ વાસ્તવિક રીતે અશુભ ક્રિયાને જ લાગુ પડે. શુભ અને શુદ્ધ ક્રિયાને એ નિયમ બળજબરીથી કેવી રીતે લગાડાય? જેમ પારો પોતાની હાજરી માત્રથી અનાજને સડતું બચાવી લે છે, તેમ શુદ્ધ આત્માઓ પોતાની હાજરી માત્રથી દૃષ્ટાંતભૂત બનીને, જગતને અશુદ્ધિથી બચાવી લઈ શુદ્ધિ તરફ લઈ જાય છે.

(૨૯) પાપનું બળ વધારે કે પુણ્યનું?

મણ પાપ કરતાં પણ કણ પુણ્યનું બળ વધારે છે. કારણ કે, પુણ્યની સાથે વિશ્વની મહાસત્તા છે. સરકારનો એક નાનકડો સિપાહી પણ ગમે તેવા મોટાં માણસને પકડીને લઈ જઈ શકે છે. એમાં તેને કોઈ રોકી શકતું નથી, તેમ નાનકડા પણ પુણ્યને પડખે આખી મહાસત્તા રહેતી હોવાથી તેનું સામર્થ્ય ખૂબ જ વધી જાય છે.

---

જ્ઞાનરૂપ મંગલ વિના એકલું ક્રિયારૂપ મંગલ કે ક્રિયારૂપ મંગલ વિના એકલું જ્ઞાનરૂપ મંગલ મોક્ષમાર્ગ બની શકતું નથી.

# ધ્યાનથી કર્મક્ષયના ત્રણ દૃષ્ટાંત

મન એ વિષ સમાન, અગ્નિ સમાન અને જળ સમાન પણ છે. ત્રિલોક વ્યાપી મન એ ઝેર સમાન છે તેને ઠેઠ ડંખમાં લાવીને ઓકાવી દેવાનું કાર્ય, શોક–સંતાપ રુપી અગ્નિ સમાન મનને ઠારવાનું કાર્ય અને ભવ રુપી ભેજ વધારનારા જળ સમાન મનને શોષવાનું કાર્ય ધ્યાનથી થાય છે.

(૧) દેહ વસ્ત્ર આદિ પદાર્થોના મળને જેમ જળ દૂર કરે છે, તેમ ધ્યાન આત્માનાં કર્મમેલને દૂર કરે છે.

(૨) જીવરુપ સુવર્ણમાંથી કર્મકલંકને દૂર કરવા માટે ધ્યાન અગ્નિનું કામ કરે છે.

(૩) જીવ પર ચોંટેલ કર્મપંકને શોષવાનું કાર્ય, ધ્યાન રૂપી સૂર્ય વડે થાય છે.

(૪) કર્મરોગનું નિવારણ કરવા માટે ધ્યાન ઔષધની ગરજ સારે છે. જેમ ઔષધની પ્રક્રિયામાં લાંઘણ દોષોને પકવે છે, વિરેચન દોષોને દૂર કરે છે. અર્થાત્ પચન, શમન, નિવારણ કરી આરોગ્ય અર્પે છે, તેમ ધ્યાન કર્મરોગનું નિર્જરણ–સંવરણ કરી ભાવઆરોગ્ય અર્પે છે.

(૫) કર્મ રૂપી કાષ્ઠ બાળવામાં ધ્યાન અગ્નિ સમાન છે.

(૬) ધ્યાન રૂપી અનુકૂળ પવનથી કર્મવાદળ

વિખેરાઈ જાય છે. આત્મા શુદ્ધ રૂપથી જ્ઞાન માત્રના સ્વભાવવાળો છે. વસ્તુને માત્ર જોવી-જાણુવી એવો સ્વચ્છ સ્વભાવ આત્માનો છે એ ભાવનાને અંતરમાં સારી રીતે ભાવિત કરવામાં આવે, તો રાગાદિ દોષોનો ક્ષય થાય છે.

(૭) ધ્યાનના બળે ઈર્ષ્યા, વિષાદ, શોક આદિ માનસિક તાપ નાશ પામે છે.

(૮) ધ્યાનના બળે શારીરિક વેદના વખતે પીડાને બદલે આનંદ અનુભવાય છે.

(૯) ધ્યાન વડે મનસંકોચ અને મનોનાશ થાય છે. આખા શરીરે વ્યાપેલું ઝેર મંત્રના બળે ખેંચાઈ-તણાઇને ડંખના ભાગમાં આવી જાય છે અને પછી કાનમાં મંત્ર બોલવાથી ડંખવાળા ભાગમાંથી દૂર કરાય છે તેમ ધ્યાનના બળે મોહ-વિષને આત્માના પ્રદેશોમાંથી દૂર કરી શકાય છે.

ઘણાં લાકડાંથી મોટો અગ્નિ સળગતો હોય ત્યારે ક્રમશઃ લાકડાં ખેંચી લેવામાં આવે તો અગ્નિ ઓછો થતો જાય અને પછી બાકીનાં લાકડાં પણ ખેંચી લેવામાં આવે તો અગ્નિ શાંત થઈ જાય છે, તેમ મોહની સામગ્રી ઘટે છે કે ઘટાડવામાં આવે છે, તો મોહ આસ્તે-આસ્તે નિર્મૂળ થઈ જાય છે.

કાચી માટીના ઘડામાં ભરેલું પાણી ધીમે ધીમે ઝરીને ક્રમશઃ ઓછું થતું જાય છે તેમ અપ્રમાદના બળે કર્મ-શરીર, કાચી માટીના ઘડા જેવું પોચું (ઢીલું) બની જાય

છે; તેમાં ધ્યાન રૂપી જળ ભરવાથી તેનો નાશ થઈ જાય છે. યોગીઓનું મન પાણીની જેમ દ્રવણશીલ હોય છે.

ધ્યાન એ સકળ ગુણોનું સ્થાન છે. દૃષ્ટ–અદૃષ્ટ સુખોનું નિધાન છે, અત્યંત પ્રશસ્ત છે; તેથી સર્વ કાળ શ્રદ્ધેય જ્ઞેય અને ધ્યેય છે.

ધ્યાનનાં ફળઃ– શુભાશ્રવ, સંવર, વિપુલ નિર્જરા, સદ્‌ગતિનાં સુખ અને તેનાં અનુબંધવિશેષો છે, પરંપરાએ મુક્તિ છે.

卐卐卐

ધર્મ એ ઉત્કૃષ્ટ મંગલ છે. એ ધર્મમંગલ બે પ્રકારનું છે. એક ક્રિયારૂપ અને બીજું જ્ઞાનરૂપ.

# (૩૨)

# અહિંસા અને અનેકાંત

પ્રતિકૂળતામાં ક્રોધ, એ દુઃખથી બચવાનો ઉપાય નથી. પણ શાંતિ એ જ દુઃખથી બચવાનો ઉપાય છે.

જગતનો કોઇ શત્રુ, આપણી શાંતિને હણુવા સમર્થ નથી; તે શાંતિને આપણે પોતે જ ક્રોધ વડે શા માટે હણુતા હોઈશું ?

પ્રતિકૂળતાનો પ્રસંગ આવતાં સામા ઉપર જે ક્રોધ કરે છે, એ ક્રોધ વડે પોતે પોતાનાં ઘરની શાંતિને બાળે છે. પણ ક્રોધ રૂપી અગ્નિને ઠારી દઇને પોતે પોતાનાં શાંત સ્વભાવમાં રહે, તો તેને કાંઇ નુકસાન થાય નહિ, અને પોતાની આત્મિક શાંતિ જળવાઈ રહે.

આચારમાં અહિંસા અને વિચારમાં અનેકાંતને વસાવવાથી આવી શાંતિ સુલભ બને છે.

(૧) અહિંસાનો આચાર અને

(૨) અનેકાંતનો વિચાર

એ બે શ્રેષ્ઠ, અને સદા ઉપયોગી વસ્તુઓ, શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુ તરફથી, શ્રી જૈન સંઘને વારસામાં મળેલી છે.

આ વારસો અણુમોલ છે, સ્વ–પરને સદા ઉપકારક

છે, સંઘર્ષને ટાળનારો છે, દંભને દૂર કરનારો છે, સમતા-ભાવ બક્ષનારો છે.

એમ પણ કહી શકાય કે, સમભાવ એટલે અહિંસા અને યથાર્થદૃષ્ટિ એટલે અનેકાંત.

અહિંસા આત્માને નિર્મળ બનાવે છે. અનેકાંત વિચારને વિશુદ્ધ અને વિશાળ કરે છે.

અહિંસા ભોગ-તૃષ્ણાનો ત્યાગ કરીને વીતરાગતા કેળવવામાં સમાયેલી છે. ખંડ સત્યોમાં પણ અખંડ સત્યોનું આંશિક દર્શન, એ અનેકાંતદૃષ્ટિની દેન છે.

આવી પ્રતીતિ કરાવવી એ જ શાસ્ત્ર રચનાનો પ્રધાન ઉદ્દેશ છે.

અનેકાંત એ માત્ર વિચારનો જ વિષય નથી, પણ આચરણ સુદ્ધામાં તેનું સ્થાન છે. અનેક પ્રમાણિત દૃષ્ટિઓનો સમુચ્ચય, તે અનેકાંત....! તેને સંગ્રહનયથી બે વિભાગમાં સંગ્રહીએ તો તે વ્યવહારદૃષ્ટિ અને નિશ્ચયદૃષ્ટિ (પારમાર્થિક દૃષ્ટિ) એમ બે વિભાગમાં ગોઠવાઈ જાય છે.

પ્રથમ દૃષ્ટિ સ્થૂલ અનુભવ પર ઘડાયેલી છે. બીજી માન્યતા સૂક્ષ્મ અનુભવના આધારે નક્કી થાય છે.

સ્થૂલતાને કારણે પ્રથમમાં વિવિધ પ્રકારનાં અનુભવો હોય છે. બીજી દૃષ્ટિ સૂક્ષ્મ હોવાને કારણે, તેમાં અનુભવોની એકતા હોય છે.

પહેલી દૃષ્ટિમાં સાધ્ય-સાધનનો ભેદ, અને બીજીમાં અભેદ હોય છે.

પહેલી દૃષ્ટિના અધિકારી ઘણા હોય છે. બીજીના વિરલ હોય છે.

નિશ્ચયદૃષ્ટિને ધ્યાનમાં રાખીને, વ્યવહારદૃષ્ટિને અનુસરવાથી ક્રમિક વિકાસ સાધી શકાય છે.

પ્રયત્ન ચાલતો હોય ત્યારે પણ જેટલે અંશે પ્રયત્ન સિદ્ધ થયો હોય તેટલે અંશે ફળની પ્રાપ્તિ, પ્રાપ્ત થયેલી (ગણાય) છે.

આ માત્ર આશાવાદ નહિ પણ ગહન રહસ્યભૂત સત્ય છે. તેથી સ્થિરતા ટકી રહે છે અને અધીરાઈ આવતી નથી, એ અનેકાંતદૃષ્ટિનું ફળ છે.

પ્રયત્નનાં આરંભથી માંડીને સમાપ્તિની છેલ્લી ક્ષણ સુધી અખિલ પ્રયત્નધારા એ ફળ છે, નહિં કે પ્રયત્નના અંતે, તેનાથી નિષ્પન્ન થતું જુદું ફળ જ, ફળ છે.

કોઈપણ કાર્યના પ્રારંભથી તેની સમાપ્તિ સુધીનો જે પ્રયત્ન એ સાધન છે, અને અંતે નિષ્પન્ન થતું ફળ એ સાધનથી જુદું જ છે.

જ્યારે નિશ્ચયનયની દૃષ્ટિ કહે છે કે, યથાવિધિ પ્રયત્ન એ જ ફળ છે. આ માન્યતાને લીધે પરિણામ સુધી પહોંચી શકાય છે અને ફળનાં અધિકારી થઈ શકાય છે.

નિશ્ચયદૃષ્ટિ, ક્રિયાકાળ અને નિષ્ઠાકાળને એક જ માને છે. વ્યવહારદૃષ્ટિ બન્નેને ભિન્ન તરીકે સ્વીકારે છે; અને બન્ને દૃષ્ટિ મળીને જ કાર્યની સિદ્ધિ થાય છે.

અનેકાંતદૃષ્ટિ વસ્તુતત્ત્વની અખિલતાનું દર્શન કરાવીને જીવને મિથ્યા આગ્રહથી ઉગારી લે છે. આત્માનું અહિત કરનારા પૂર્વગ્રહોથી બચાવી લેનારી આ દૃષ્ટિ પ્રભુશાસનની મહાભેટ છે.

કલિકાલ સર્વજ્ઞ ભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા, 'सकलार्हत्'ની છઠ્ઠી ગાથામાં 'અનેકાંત'ને સાગર સમ વર્ણવતાં ફરમાવે છે કે,

अनेकांतमतांभोधिसमुल्लासनचन्द्रमाः ।
दद्यादमन्दमानन्दं भगवानभिनन्दनः ॥६॥

આવા અમંદ આનંદના અધિકારી બનવા માટે આચારમાં અહિંસા અને વિચારમાં અનેકાંતને વણવા પડે. વિચારમાંનો અનેકાંત આચારમાંની અહિંસાને પુષ્ટ બનાવે છે. આચારમાંની અહિંસા એકાંતવાદથી આત્માને ઉગારી લે છે. આચારમાંની અહિંસા જીવનમાં શાંતિની પ્રતિષ્ઠા કરે છે. વિચારમાંનો અનેકાંત મનનાં ચંદ્રને નિર્મળ બનાવે છે.

અહિંસા અને અનેકાંત રૂપી બે પાંખો વડે આત્મા મોક્ષની દિશામાં સફળ ઉડ્ડયન આદરીને વિશ્વોપકારી બને છે.

❀

# (૩૩)

# ચાર પ્રકારની ચીજો

(૧) ધર્મધ્યાનના ચાર ભેદ છે.

આજ્ઞા, અપાય, વિપાક અને સંસ્થાન.

ધર્મધ્યાનના ચાર આલંબન છે.

વાચના, પૃચ્છના, પરિવર્તના અને ધર્મકથા.

ધર્મધ્યાનની ચાર અનુપ્રેક્ષા છે.

એકત્વ, અનિત્ય, અશરણુ અને સંસાર.

ધર્મધ્યાનના ચાર લક્ષણુ છે.

આજ્ઞારુચિ, નિસર્ગરુચિ, સૂત્રરુચિ અને ઉપદેશરુચિ.

( શ્રી ઉવવાઈ સૂત્ર )

(૨) (અ) આર્તધ્યાનના ચાર પાયા છે.

(૧) મનોજ્ઞ વસ્તુની અભિલાષા.
(૨) અમનોજ્ઞ વસ્તુના વિયોગની ઇચ્છા.
(૩) રોગાદિ અનિષ્ટોના વિયોગની ઇચ્છા અને
(૪) પરભવનાં સુખ માટે નિદાન કરવું તે.

(બ) આર્તધ્યાનના ચાર લક્ષણુ છે.

(૧) ચિંતા–શોક કરે.
(૨) અશ્રુપાત કરે.
(૩) આક્રંદ–વિલાપ–શબ્દ કરીને રોવે.
(૪) છાતી–માથું કૂટીને રોવે.

(૩) (અ) રૌદ્રધ્યાનના ચાર પાયા છે.

(૧) હિંસા (૨) જુઠ (૩) ચોરી (૪) પરિગ્રહમાં આનંદ માનવો.

(બ) રૌદ્રધ્યાનના ચાર લક્ષણ છે.

(૧) થોડા અપરાધ પર ઘણો ગુસ્સો.
(૨) ઘણા અપરાધ પર અમર્યાદ ગુસ્સો.
(૩) દ્વેષ રાખવો.
(૪) જીવે ત્યાં સુધી દ્વેષ રાખવો.

(૪) શુકલધ્યાનના ચાર પાયા છે.

(૧) દ્રવ્યમાં અનેક પર્યાયનો વિચાર.
(૨) અનેક પર્યાયોમાં એક દ્રવ્યનો વિચાર.
(૩) યોગ-નિરોધ
(૪) સૂક્ષ્મક્રિયા નિરોધ.

(૫) શુકલધ્યાનના ચાર લક્ષણ છે.

(૧) દેવાદિ ઉપસર્ગથી ચલિત ન થાય.
(૨) સૂક્ષ્મભાવમાં સંદેહ ન કરે.
(૩) શરીર અને આત્માને ભિન્ન ચિંતવે.
(૪) પરપુદ્ગલનો ત્યાગ કરે.

(૬) શુકલધ્યાનના ચાર આલંબન છે.

૧. ક્ષમા ૨. નિર્લોભતા ૩. નિષ્કપટતા ૪. નિર્માનતા

(૭) અજીર્ણ ચાર જાતના છે.

(૧) તપનું અજીર્ણ ક્રોધ છે.

(૨) જ્ઞાનનું અજીર્ણ માન છે.
(૩) ભોજનનું અજીર્ણ અધિક આહાર છે.
(૪) માનનું અજીર્ણ તુચ્છકાર છે.

(૮) ચાર પ્રકારનાં પુરૂષ છે.

(૧) પોતાનો અવગુણ દેખે, પણ પરનો ન દેખે.
(૨) પોતાનો અવગુણ ન દેખે, પણ પરનો દેખે.
(૩) પોતાનો અવગુણ દેખે અને પરનો અવગુણ પણ દેખે.
(૪) પોતાનો અવગુણ ન દેખે અને પારકાનો અવગુણ પણ ન દેખે.

(૯) ચાર પ્રકારનાં કારણે જીવ ધર્મ પામે નહિ.

૧. અહંકાર ૨ ક્રોધ ૩. રોગ ૪. પ્રમાદ.

(૧૦) ફળોનું નરમ કે કઠણપણું ચાર પ્રકારે હોય છે.

(૧) શ્રીફળ :– બહાર કઠણ, અંદર પોચું.
(માતાની જેમ)

(૨) બોર :– બહાર પોચું, અંદર કઠણ.
(ઓરમાન માની જેમ)

(૩) દ્રાક્ષ :– અંદર પોચી અને બહાર પણ પોચી.
(સાધુ પ્રમાણે)

(૪) સોપારી :– અંદર કઠણ અને બહાર પણ કઠણ.
(પાપી પ્રમાણે)

(૧૧) કષાયનાં ચાર સ્થાનો :

(૧) ક્રોધ કપાળમાં (૨) માન ગરદનમાં (૩) માયા હૈયામાં (૪) લોભ સર્વાંગ શરીરમાં હોય છે.

(૧૨) આ ચાર પ્રકારનાં ગુણોવાળાં થોડાં હોય છે.

(૧) પરદુઃખે દુઃખિયા (૨) પરોપકારી (૩) ગુણગ્રાહી અને (૪) ગરીબ સાથે સ્નેહ રાખનારા.

(૧૩) ચાર પ્રકારનાં ગરણાં છે.

(૧) ધરતીનું :– ઈર્યાસમિતિ
(૨) મતિનું :– શુભધ્યાન
(૩) વચનનું :– ભાષાસમિતિ
(૪) પાણીનું :– સરખું જાડું વસ્ત્ર

(૧૪) મોક્ષના ચાર દરવાજા છે.

(૧) જ્ઞાન (૨) દર્શન (૩) ચારિત્ર (૪) તપ.

(૧૫) સંત–સેવાના ફળ પણ ચાર છે.

(૧) મંગળની વૃદ્ધિ (૨) પાપનો નાશ
(૩) યશ પ્રસાર (૪) ભગવદ્ દર્શન

---

જ્ઞાન પ્રકાશક છે, ક્રિયા સ્થૈર્યજનક છે. બન્ને મળીને આત્મસુખનું કારણ બને છે.

## ❀❀ 'आणाए धम्मो' ❀❀

'આણાએ ધમ્મો' નો સામાન્ય અર્થ 'ધર્મ એ શાસ્ત્રાજ્ઞાથી બંધાયેલો છે' એવો થાય છે, અને વિશેષ અર્થ 'ધર્મ અંતરાત્માથી આજ્ઞાથી બંધાયેલો છે. કેમકે, શાસ્ત્ર માત્ર દિશાસૂચન કરે છે. દિશાની પસંદગી પોતે જ નક્કી કરવાની હોય છે.

પોતાની શુદ્ધ બુદ્ધિ વડે થયેલી પસંદગીથી ધર્મ આત્મસાત્ બને છે, આત્મસાત્ ધર્મ જ સમ્યકત્વમાં પરિણમે છે અને સમ્યકત્વ સહિત સર્વ અનુષ્ઠાનો મુક્તિસાધક બને છે.

જ્ઞાનપૂર્વક ક્રિયાનો અર્થ–આત્મૌપમ્ય દૃષ્ટિપૂર્વક જીવનમાં અપ્રમાદ. અર્થાત્ ચાર પ્રકારના સામાયિક :–

(૧) સમ્યકત્વ સામાયિક (૨) શ્રુત સામાયિક
(૩) દેશવિરતિ સામાયિક અને (૪) સર્વવિરતિ સામાયિક.

મધુર પરિણામ સમ્યકત્વરૂપ છે, તુલા પરિણામ જ્ઞાનરૂપ છે, અને ખીરખંડ યુક્ત પરિણામ ચારિત્રરૂપ છે.

આમ આજ્ઞાના આંતર–બાહ્ય સ્વરૂપમાં યથાર્થ રમણતા કેળવીને વ્યક્તિ–ધર્મારાધક બને છે. ધર્મસ્વભાવી સ્વભાવથી ભિન્ન સઘળાં ભાવોથી પર બને છે.

જૈન ધર્મ, પરમાત્માને પૂર્ણ અને શુદ્ધ જ્ઞાનમય, પરમ આત્મભાવને પામેલા માને છે, અને એ ધર્મ,

પરમાત્માને—જગતને વિશ્વતત્ત્વનો પ્રકાશ કરનાર તરીકે સ્વીકારે છે, અર્થાત્ જૈન ધર્મ પરમાત્મભાવ પામવા માટે પરમાત્માને ભજવાનો સાચો માર્ગ બતાવે છે.

પરમાત્મભાવ પામવાનો સાચો માર્ગ, બહિરાત્મ-ભાવમાંથી નીકળી અંતરાત્મભાવમાં આવવું, અને અંતરાત્મ-ભાવમાં સ્થિર થઈ પરમાત્મભાવનું અંતરમાં ભાવન કરવું તે છે. તે માટે તપ, ત્યાગ, સંયમ અને મૈત્ર્યાદિની સાધનામાં નિમગ્ન રહેવું, એ સાધનાનાં માર્ગદર્શક તરીકે પરમોપકારી પ્રકાશ—પ્રદાયક તરીકે પ્રભુને હૃદયમાં સ્થાપન કરવા.

હિંસાદિ પાપને પાપ ન માનવું તે મિથ્યાત્વ. પાપની છૂટ હોવી યા રાખવી તે અવિરતિ તથા દુષ્ટ એવા પ્રમાદ, કષાય અને યોગ તે કર્મબંધનનાં હેતુ છે.

શ્રી જિનેશ્વર દેવોની આજ્ઞા તેનાથી બચવાનો માર્ગ બતાવે છે માટે તે કલ્યાણકારી છે.

શ્રી જિનાજ્ઞાપાલનના અધ્યવસાયથી હિંસાદિ આશ્રવોથી બચવા રૂપ લાભની સાથે પરમોપકારી શ્રી જિનેશ્વર દેવોનો અત્યંત વિનયબહુમાન થાય છે, તે નિર્જરાનો હેતુ છે. શ્રી જિનાજ્ઞાપાલનના અધ્યવસાયથી અશુભનો સંવર અને વિનય વડે વિપુલ કર્મનિર્જરા સધાય છે.

મનુષ્યોને માન કષાય દુર્નિવાર છે, તે આઠેય પ્રકારના કર્મોનો બંધ કરાવે છે. યોગ્યનો વિનય, તે માન કષાયનો

પ્રતિકાર હોવાથી વિનયને આઠ કર્મોનો ક્ષય કરાવનાર 'પરમ' ગુણ તરીકે વર્ણવ્યો છે.

એક વિનયગુણમાં, મહા મોહનીય આદિ દુષ્ટ કર્મોનો ક્ષય કરાવવાનું સામર્થ્ય છે. તેથી 'विनयमूलो धम्मो' એ શાસ્ત્રવચન છે.

શ્રી જિનાજ્ઞા પાળવાથી આ વિનય પળાય છે. શ્રી જિનાજ્ઞાનો ભંગ કરવાથી, અવિનય ઉદ્ધત્તતા, ઉદ્દંડતા અને અશુભ કર્મોની પરંપરા વડે આત્મા લેપાય છે. માટે શ્રી જિનાજ્ઞા, સર્વકાળ અને સર્વક્ષેત્રમાં આરાધ્ય છે, ઉપાદેય છે.

નમ્ર જીવો જ સલામતી પૂર્વક ઉંચાણ ઉપર ચઢી શકે છે.



# (૩૫)

# ધર્મધ્યાનનાં દ્વાર

ધર્મધ્યાન કરવાની અમુક મર્યાદાઓ છે. તે સંબંધી બાર દ્વારો નીચે મુજબ છે.

[૧] ભાવના દ્વાર :– દર્શન–જ્ઞાન–ચારિત્ર અને વૈરાગ્ય જોઈએ.
[૨] પ્રદેશ :– એકાંત અને સાધના યોગ્ય ભૂમિ જોઈએ.
[૩] આસન :– શરીરનું અવસ્થાન સુખાકારી જોઈએ.
[૪] કાળ :– સંધ્યાકાળ.
[૫] આલંબન :– વાંચના, પૃચ્છના, પરાવર્તના અને આવશ્યક આદિ જોઈએ.
[૬] ક્રમ :– શરીર, વાણી અને મનોગુપ્તિ.
[૭] ધ્યાતવ્ય–ધ્યેય :– અર્હં ૐકારાદિ.
[૮] ધ્યાતા :– અપ્રમાદી, નિર્મોહી, જ્ઞાની.
[૯] અનુપ્રેક્ષા :– સ્વાધ્યાય, ધ્યાન.
[૧૦] લેશ્યા :– તેજો, પદ્મ અને શુક્લ.
[૧૧] લિંગ :– આજ્ઞા, રુચિ આદિ.
[૧૨] ફળ :– આત્મજ્ઞાન, શુદ્ધાત્માનો સાક્ષાત્કાર

દ્વારમાં થઈને દહેરાસરમાં દાખલ થઈ શકાય છે. તેમ આ બાર દ્વાર વાટે 'ધર્મભવનમાં' દાખલ થવાય છે. આ પ્રત્યેક દ્વાર સર્વમંગળકારી ધર્મનું દ્વાર છે તેની સાથેઆંતર–બાહ્ય રીતે આત્માને જોડવો તે આરાધકનું કર્તવ્ય છે. અધર્મનાં ધ્યાનથી છુટવા માટે આ પ્રત્યેક દ્વાર સબળ સહાયક પુરવાર થાય છે. તેથી તેની સાથેનો સંબંધ ગાઢ કરવો તે હિતાવહ છે.

## ધર્મધ્યાનની સ્થિરતા માટે :

ચાર ભાવના અને ચાર શરણુ વડે ધર્મધ્યાન સ્થિર થાય છે.

ધર્મધ્યાન, ભાવનાઓ દ્વારા ગુણુસમૃદ્ધ બને છે અને શરણો સ્થિરતા લાવે છે.

**પહેલું શરણુ :–** શ્રી અરિહંતનું : શ્રી અરિહંતનું શરણુ ગ્રહણુ કરવાથી, ચાર ઘાતી કર્મોથી રહિત આત્માવસ્થા હાંસલ કરવાની દિશામાં આગળ વધી શકાય છે.

**બીજું શરણુ :–** શ્રી સિદ્ધ પરમાત્માનું : શ્રી સિદ્ધ પરમાત્માના શરણે જવાથી ચાર ઘાતી અને ચાર અઘાતી એમ કુલ આઠેય પ્રકારના કર્મોથી રહિત થવા માટે આત્મવીર્ય સ્ફૂરાયમાન થાય છે.

**ત્રીજું શરણુ :–** શ્રી સાધુ ભગવંતનું : સાધુ ભગવંતનું શરણું સ્વીકારવાથી પાંચ પ્રકારનાં આશ્રવથી રહિત થવાની યોગ્યતા ખીલવી શકાય છે.

**ચોથું શરણુ :–** કેવળી પ્રરુપિત ધર્મનું : ધર્મનું શરણું એટલે અઢાર પાપ સ્થાનકોથી રહિત, પરમ વિશુદ્ધ અને સચરાચર વ્યાપી શબ્દાતીત શક્તિનું શરણું.

જે જેના શરણે જાય તે તેના જેવો થાય....! ‘જેવો સંગ તેવો રંગ....!’ જેવી સોબત તેવી અસર, એ ન્યાય અહીં કામ કરે છે.

આ ચાર શરણુને મંગલના મહાકેન્દ્ર કહ્યાં છે. અને મૈત્રી આદિ ચાર ભાવનાઓ તેમાં જરૂરી સહાય પૂરી પાડે છે.

# આત્મૌપમ્ય ભાવ

### સમ્યગ્દર્શન :

વ્યવહારથી સમ્યગ્દર્શન ગુણની પ્રાપ્તિ તો જૈન કુળમાં જન્મ્યા ત્યારથી કહી શકાય. પરંતુ ગ્રંથિભેદ જનિત 'નિશ્ચયથી' સમ્યગ્દર્શન ગુણની પ્રાપ્તિ તો જીવના પ્રબળ પુરુષાર્થથી જ થઇ શકે. તે પ્રાપ્તિ વખતે અપૂર્વ આનંદ અનુભવાય છે.

સમ્યગ્દર્શન તત્ત્વરુચિ રૂપ છે. સમ્યકત્વની દશ પ્રકારની રૂચિમાં તત્ત્વરુચિ ઉપરાંત ધર્મરુચિ, સંક્ષેપરુચિ, વિસ્તારરુચિ વગેરે છે. તે બધી રૂચિઓમાં તત્ત્વરુચિ મુખ્ય છે.

તત્ત્વમાં પણ આત્મતત્ત્વ મુખ્ય છે આત્મત્વેન આત્મ-તત્ત્વનું દર્શન થવું દુર્લભ છે. સામાન્ય ધર્મથી આત્મતત્વને સદ્દહ્યા વિના વિશેષ ધર્મથી આત્માનાં અનેક પ્રકાર યાવત્ ૫૬૩ પ્રકારો જાણવા છતાં નિશ્ચયથી જ્ઞાન કે શ્રદ્ધા ઉત્પન્ન થતાં નથી.

'અધ્યાત્મસાર' ના વૈરાગ્ય ભેદ પ્રકરણમાં કહ્યું છે કે,

एकांतेन हि षट्काय-श्रद्धानेऽपि न शुद्धता ।
संपूर्णपर्यायलाभात, यन्न याथात्म्य-निश्चयः ॥

વિશેષ વિનાનું સામાન્ય જ્ઞાન કે સામાન્ય વિનાનું વિશેષ જ્ઞાન શશશૃંગવત્ છે.

આપણને જીવોનો વિશેષ પ્રકારનો બોધ છે પણ સામાન્યથી તે જીવત્વ એક પ્રકારનું પણ છે, એવો અભેદથી બોધ થતો નથી અને કવચિત્ થાય છે તો પણ તે સાધનોપયોગી બની શકતો નથી. એથી આપણો ધર્મ મૈત્ર્યાદિભાવ સંયુક્ત બનવો જોઈએ તે બની શકતો નથી.

### મૈત્રીભાવનું માહાત્મ્ય :

આત્મૌપમ્ય કે અભેદની દૃષ્ટિ આવ્યા વિના અહિંસાદિ કે ક્ષમાદિ ધર્મો ધર્મરૂપ બની શકતા નથી

અભેદની દૃષ્ટિ પ્રાણી માત્ર પ્રત્યે મૈત્રીભાવ કેળવવાથી જ પુષ્ટ બની શકે અને એવો મૈત્રીભાવ કેળવાય તો જ દુઃખીનાં દુઃખ દૂર કરવાની કરુણાવૃત્તિ, ગુણાધિક પ્રત્યે પ્રમોદવૃત્તિ, અને તદ્દન જડ જેવા અપાત્ર પ્રત્યે માધ્યસ્થ કે તટસ્થવૃત્તિ સંભવી શકે એવી વૃત્તિ આવે તો જ અહિંસાદિ અને ક્ષમાદિ ધર્મો સાર્થક બની શકે છે અર્થાત્ ક્ષાયોપશમિક ભાવના બની શકે છે.

### દર્શનગુણનું આવરણ :

સામાન્ય વિશેષ ઉભય ધર્મથી આત્મતત્ત્વનો બોધ પરિપાક પામે ત્યારે જ સમ્યગ્દર્શન ગુણની પ્રાપ્તિ સુલભ બની શકે છે અને તો જ દર્શનગુણનું આવરણ ખસી શકે.

દર્શનાવરણીય કર્મનો ક્ષયોપશમ મિથ્યાત્વ અવસ્થામાં પણ સુલભ છે. આત્મત્વેન આત્માનું આત્મૌપમ્યભાવે દર્શન થવું તે દર્શનગુણ છે.

આ ગુણને આવરનારું દર્શન મોહનીય કર્મ તીવ્રતમ પ્રબળતમ પુરુષાર્થ ફોરવ્યા વિના ટળી શકે નહિ. તે કર્મનો ઉદય હોય ત્યાં સુધી નવ પૂર્વનું જ્ઞાન કે ક્રોડ પૂર્વનું ચારિત્ર પણ મિથ્યાજ્ઞાન રૂપ કે કેવળ કાયકષ્ટ રૂપ બને છે એમ શાસ્ત્રકાર મહર્ષિઓ ફરમાવે છે.

એટલે દર્શન ગુણને પ્રગટાવવા માટે અવિરત પ્રયત્ન અપ્રમત્તપણે શ્રી જિનાજ્ઞા મુજબ થતો રહે એ જરૂરી છે.

## આત્મૌપમ્યભાવની ભૂમિકા :

અધ્યાત્મ શાસ્ત્રો માને છે કે,–

અવ્યવસ્થા જગતમાં નથી પણ જીવની પોતાની જાતમાં છે. તેને દૂર કરવાથી જગત એક વ્યવસ્થિત ન્યાયપૂર્ણ આનંદમય અને નિયમબદ્ધ જણાય છે. તેમાં દોષ કાઢવા જેવું કાંઈ પણ લાગતું નથી. તેથી આવી દૃષ્ટિવાળા અંતરંગ શાંતિને અનુભવે છે અને પોતાનાં દોષો જે કારણોથી ટકે છે તે કારણોને દૂર કરવા માટે જ પોતાનાં સમય અને શક્તિનો યથાર્થ સદુપયોગ કરે છે.

દોષો તે રાગ દ્વેષ અને મોહ તે દોષો છે.

મોહ, અજ્ઞાન, સંશય વિપર્યય રૂપ છે. તે તેના પ્રતિપક્ષી જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્રથી ટળે છે.

મોહનો અર્થ અહિં આસક્તિ કે રાગ સમજવાનો નથી. કેમકે રાગને એક સ્વતંત્ર દોષ તરીકે કહ્યો જ છે. તેથી મોહ શબ્દ અજ્ઞાન, સંશય અને વિપર્યયવાચક છે.

વસ્તુ માત્રનું યથાર્થ સ્વરૂપ, ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યયુક્ત છે. તેનું અનુભવ અને યુક્તિથી વારંવાર ચિંતન કરવા વડે તે દોષ વિલીન થઈ જાય છે.

કષાય અને સંક્લેશજન્ય વિકૃતિથી મુક્ત થઈ, જીવ જેમ જેમ અધ્યવસાયની વિશુદ્ધિ પામતો જાય છે તેમ તેમ બીજા જીવો સાથે આત્મૌપમ્યભાવ વધારે સ્પષ્ટ થતો જાય છે, અને તે જીવનમાં પણ ઉતરતો જાય છે.

## ધર્મનું મૂળ :

સર્વ મંગલોમાં પ્રથમ મંગલ ધર્મ છે. ધર્મ એ આત્માનો સ્વભાવ છે. સર્વ પ્રાણીને આત્મા સમાન જોવાં, આત્મા રૂપે જોવા, પોતાનાં અંગ રૂપ માનવા—અનુભવવા એ ધર્મ છે, ઉત્કૃષ્ટ મંગળ છે.

આ આત્મૌપમ્ય દૃષ્ટિમાંથી જ પરમ કૃપાળુ શ્રી તીર્થંકર પરમાત્માઓએ વિશ્વને અહિંસા, સંયમ અને તપ રુપ ધર્મ આપ્યો છે.

મતલબ કે, આત્મૌપમ્ય દૃષ્ટિ એ ધર્મનું મૂળ છે. તેના જતનમાં ધર્મનું જતન છે. તેના વિકાસમાં ધર્મનો વિસ્તાર છે. તેના જયમાં ધર્મનો જય છે.

★

> જ્યાં નમસ્કારભાવ નથી, ત્યાં નમ્રતા નથી અને જ્યાં નમ્રતા નથી, ત્યાં સૌમ્યતા નથી.



# (૩૭) વિષયોની વિરક્તિ અને દેવ-ગુરુની રતિ

મહામોહની સામે સર્વથા નિર્મોહના અનુગ્રહનો ભાવ જ બાથ ભીડી શકે. આવરણ પ્રચુર આત્માનું બળ કેટલું ? અને સર્વથા નિરાવરણ વિશુદ્ધ પરમાત્માનું, તેમના અનુગ્રહનું, તે અનુગ્રહને ઝીલનારનું બળ કેટલું ?

મહાબળવાન મોહની સામે, અનંતબળી ભગવદ્-અનુગ્રહ જ ટકી શકે, અણનમ રહીને વિજય અપાવી શકે. આંશિક પણ મોહથી વ્યાપ્ત આત્મા, સ્વયમેવ મોહને જીતવામાં પ્રાયઃ સફળ નથી થઈ શકતો પણ તે મોહને મહાત કરવા માટે તેને મહામોહજેતા શ્રી અરિહંત પરમાત્મા અને તેમની આજ્ઞા અનુસાર સર્વવિરતિપણું અંગીકાર કરનારા સાધુ ભગવંતોરૂપી ગુરૂ તત્ત્વનું શરણું સ્વીકારવું પડે છે.

એટલે સાચો વિરાગી, દેવ-ગુરૂનો મહારાગી હોય, હોવો જોઇએ. દેવ-ગુરૂનો રાગી બનનાર જ વિષયોનો વિરાગી બની શકે. નિર્વિષયી એવા દેવ-ગુરૂની રતિ જ વિષયોની રતિને બાળી શકે.

જેના જીવનમાં દેવ-ગુરૂની રતિ નથી તેની વિરતિમાં વિષયની રતિ હશે. વિષયોની રતિને દેવ-ગુરૂ સ્વરૂપ મહાવિષયો-શ્રેષ્ઠ વિષયોની રતિ જ નિવારી શકે.

જેઓને નમસ્કાર કરવા માત્રથી જ અગણિત પાપ-રાશિઓ, પાપવાસનાઓ, વિષયોની રતિ અને કષાયોના

મહાદાવાનળો શાંત થઈ જતા હોય છે તે નિર્વાસન નિરંજન દેવ-ગુરૂ આપણાં સૌથી મોટાં હિતચિંતક છે. એમાં વિવાદ ન જ હોઈ શકે. મતલબ કે, એ નિર્વિવાદ હકીકત છે.

અનંતકાળનાં આપણાં અનંત દારિદ્રયને દફનાવી દેનાર દેવ-ગુરૂ જ હોય અને બીજું કોઈ ન હોય તો તેમના ઉપર મહારતિ ઉત્પન્ન કેમ ન કરવી?

જીવના ખરા સ્નેહી કોણ? દેવ, ગુરૂ કે દુનિયા? પરમ હિતસ્વી જો દેવ-ગુરૂ જ છે, તો તેમના પર સર્વાધિક સ્નેહ થવો જોઇએ, અને જો ન થતો હોય તો દેવ-ગુરૂની કિંમત કરતાં બીજા સ્નેહીઓની કિંમત અંતરમાં વધારે આંકી છે એમ સિદ્ધ થાય છે; એ મિથ્યાત્વ જ જીવને અનંતકાળ ભવસાગરમાં ભટકાવનાર થાય છે.

વિષયોની વિરક્તિને ટકાવવા માટે દેવ-ગુરૂ રૂપી મહાવિષયો પર રતિ કેળવવી જ પડશે. જો નહિ કેળવાય તો વિષયરતિ (વિષયો પ્રત્યેનો રાગ-સ્નેહ) કેડો મૂકશે જ નહિ.

વિષયોમાં રતિનો અર્થ જ વિષયોની કિંમત વધુ આંકવી એ છે.

બધાં વિષયોમાં પ્રધાન વિષય દેવ-ગુરૂ છે. તેનું કારણ, સૌથી વધુ હિતૈષી તેઓ છે. તેઓનું નામસ્મરણ કરતાં જ જીવોની પાપરાશિઓ, અજ્ઞાન અને મોહની રાશિઓ પળ માત્રમાં વિલીન થઇ જાય છે.

આત્માનું હિત કરે તે જ હિતૈષી કહેવાય. આત્માનું

હિત, દેવ-ગુરુના આલંબને જ થાય છે, તેથી અન્ય વિષયોની રતિને દૂર કરી દેવ-ગુરુને વિષે મહારતિ કેળવવી એ જ વિરક્તિને મેળવવાનો, ટકાવવાનો, વધારવાનો અને પરમ વિરક્તિને ધારણ કરનાર વીતરાગ પદની પ્રાપ્તિનો અનન્ય ઉપાય છે.

### ભક્તિ અને કૃપા :

વાસનાની શાંતિ વિના ભક્તિ નહિ, અને ભક્તિ વિના વાસનાની શાંતિ નહિ. આ અન્યોન્યાશ્રય દોષને તોડવાનો ઉપાય ગુરુકૃપા છે.

ગુરુ એ લુહાર છે, તેમની કૃપા એ હથોડો છે અને ભક્તિ એ એનું મૂલ્ય છે. ભક્તિથી કૃપા અને કૃપાથી અન્યોન્યાશ્રય દોષનું નિવારણ થાય છે.

કાયાથી થતી ગુરુની ભક્તિ આત્માની મુક્તિમાં કારણ બને. શિષ્યની ભક્તિ મુખ્યત્વે ગુરુની કાયાને ઉદ્દેશીને હોય છે અને ગુરુની કૃપા શિષ્યના આત્માને ઉદ્દેશીને થાય છે, તેથી ગુરુની કૃપા શિષ્યના ચિત્તની સમાધિનું કારણ બને છે.

ભક્તને ભક્તિ નિર્વિષયતા અને નિષ્કષાયતાના આનંદનો અનુભવ કરાવે છે. એ આનંદની આગળ દુનિયાનાં સઘળાં સુખો તુચ્છ લાગે છે.

ગુરુકૃપા એ માતાને સ્થાને છે. તેના ખોળામાં વિશ્રાંતિ લેનારને વાસનાના જાળાં સતાવી શકતાં નથી. ગુરુકૃપાને કશું અસાધ્ય નથી.

કૃપા ભક્તની ભક્તિને આધીન છે, ભક્તિથી કૃપા વધતી જાય છે. ગુરુકૃપા જેને પ્રાપ્ત થાય છે તેના ચિત્તમાથી એક બાજુ વિષયરતિ નાશ પામે છે અને બીજી બાજુ વીતરાગ-ભક્તિ જન્મ પામે છે. ગુરુકૃપા જ મોહનીય કર્મનો ક્ષયોપશમ કરી શકે છે; તેના પ્રભાવે વિષય-વિરક્તિ અને શ્રી જિનેશ્વરદેવની ભક્તિ પ્રાપ્ત થાય છે.

## દેવ-ગુરૂની ભક્તિ :

નામસ્મરણ અને પૂજાપાઠ એ ભક્તિનાં બાહ્ય લક્ષણો છે.

ભક્તિનું આંતરલક્ષણ આજ્ઞાપાલન અને સર્વસમર્પણ છે. જ્ઞાન એક સાધન છે. સાધ્ય સર્વમંગલ છે. જેને દેવ પર પરમ ભક્તિ છે અને દેવ ઉપર છે તેવી જ પરમ ભક્તિ જેને ગુરુ ઉપર પણ છે, તેને આ પદાર્થો (તત્ત્વો) પ્રકાશિત થાય છે, પૂર્ણરૂપે સમજાય છે.

यस्य देवे पराभक्तिः यथा देवे तथा गुरौ ।
तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥

દેવ ઉપર જેવી પરમ પ્રીતિ (ભક્તિ), તેવી જ ગુરુ ઉપર જેને હોય, તે મહાન આત્માને જ પદાર્થો (તત્ત્વો) સાચી રીતે સમજાય છે, પ્રકાશિત થાય છે.

દેવ-ગુરુ ઉભય ઉપર પરમ પ્રીતિ (ભક્તિ) ખાસ જરૂરી છે. ગુરુને એક વ્યક્તિરૂપે ન માનતાં વિશ્વનાં એક પરમ તત્ત્વરૂપે માનવા જોઇએ.

ગુરુતત્ત્વ દ્વારા જ દેવતત્ત્વની પ્રાપ્તિ થઈ શકે છે. ગુરુતત્ત્વનો મહિમા અપૂર્વ છે; જીવનમાં ગુરુ ઉપરનો અનુરાગ સકળ કાર્યની સિદ્ધિ કરાવનારો છે. દેવ અને ગુરૂ પાસેથી મારે શું મેળવવું છે, એ વિચારો આવવાને બદલે 'શું આપવું છે' એ વિચારો વધુ આવવા જોઇએ. લેવાનાં વિચારો સહુ કોઇ કરે છે, ખરેખરા વિચારો તો આપવાનાં કરવાના છે. આપનારને જ જગતની ઉત્તમ ચીજો ભરપૂર રીતે મળે છે. આપવાનાં વિચારો કરો એટલે જે કાંઈ માંગો છો તે બધું જ, અવસરે આવીને મળશે.

દેવ-ગુરૂને જે આપવાનું છે તે સેવા, પ્રેમ, ભક્તિ, લાગણી, વિનમ્રતા વગેરે છે. એનાં વિચારો કર્યા સિવાય મેળવવાનાં વિચારો કેવી રીતે સફળ થઈ શકે?

સમર્પણભાવ શિષ્યનું કલ્યાણ કરનારો છે. 'અહં' અને 'મમ'નાં દ્વંદ્વથી છોડાવનારો છે; સાધક જીવનની નિશ્ચિંતતાને આકર્ષનારો છે, નિર્ભયતાને પ્રગટ કરનારો છે.

દેવ અને ગુરૂની આરાધનાથી મુક્તિ નજીક આવે છે, અર્થાત્ શિષ્ય મુક્તિની વધુ નજીક પહોંચે છે. શાસ્ત્રનાં રહસ્યો તેનાં હૃદયમાં આપોઆપ પ્રકાશિત થવા લાગે છે.

દેવ-ગુરૂ ઉપર ભક્તિ અને પ્રેમનો રસ એવો તીવ્ર બનવો જોઇએ કે એમનાં ધ્યાનનાં રસથી વિષયોનો રસ આપોઆપ ઘટી જાય.

કહ્યું છે કે :—

ભયી મગનતા તુમ ગુણરસ કી,
કુણ કંચન કુણ દારા;
શિતલજિન મોહે પ્યારા.

મીનની જળ સાથેની પ્રીતિ જેવી પ્રીતિ દેવ-ગુરુ સાથે બાંધીને સર્વ બંધનોમાંથી મુક્ત થવાની શક્તિ મેળવી શકાશે.

સૌમ્યતા એટલે સમભાવ, સમભાવ વિના કોઈપણ સદ્ગુણનો સાચો વાસ આત્મામાં થઈ શકતો નથી.

# (૩૮)

# મૈત્ર્યાદિ ભાવનાઓનું સામર્થ્ય

રાગ-દ્વેષાદિ ક્લેશ કહેવાય છે અને ઈર્ષ્યા-અસૂયાદિ ઉપક્લેશ કહેવાય છે. ક્લેશનું મૂળ ઉપક્લેશ છે.

સુખી પ્રત્યે ઈર્ષ્યા, દુઃખી પ્રત્યે ઉપેક્ષા, ગુણી પ્રત્યે અસૂયા અને પાપી પ્રત્યે તિરસ્કાર જેમાંથી જન્મે છે તે ઉપક્લેશ છે.

'સઘળું સુખ મને જ મળે અને સઘળું દુઃખ મારું જ ટળે,' એ રીતે સુખ પ્રત્યે અનંત રાગ અને દુઃખ પ્રત્યે અનંત દ્વેષ એ ક્લેશ માત્રનું મૂળ છે.

'મારું દુઃખ ટળો તેમ બીજાનું પણ ટળો,
મને સુખ મળો એમ બીજાને પણ મળો.'
એ વિચારથી ક્લેશ મંદ થાય છે.

મંદ ક્લેશને નિવારવા માટે, દુઃખદ્વેષને દુઃખનાં મૂળ પાપદ્વેષમાં, અને સુખરાગને સુખના મૂળ ધર્મરાગમાં વાળવાની જરૂર છે કારણ કે, દુઃખ એ પાપનું ફળ છે અને સુખ એ ધર્મનું ફળ છે.

ધર્મનો રાગ પુણ્યવાન પ્રત્યે, અસૂયાને બદલે અનુરાગ પેદા કરે છે તથા પાપનો દ્વેષ પાપી પ્રત્યે તિરસ્કારને બદલે અનુકંપા યુક્ત માધ્યસ્થ્ય પેદા કરે છે. પુણ્યવાન્

હર્ષ, અને પાપી પ્રત્યે માધ્યસ્થ્ય એ અનુક્રમે પ્રમોદ અને ઉપેક્ષાભાવ છે.

આ રીતે રાગદ્વેષને નિર્મૂળ કરવાનું સામર્થ્ય મૈત્ર્યાદિ ભાવનાઓમાં રહેલું છે.

મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય આ ચાર ભાવનાઓમાં પ્રથમ નંબરે મૈત્રીભાવના છે, અને પછી પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ્ય છે.

## મૈત્રીભાવનું સામર્થ્ય :

મૈત્રીભાવનાની પરાકાષ્ટાનું નામ પૂર્ણ અહિંસા છે, અને એ મૈત્રીભાવનાનો જ્યાં જ્યાં જેટલા પ્રમાણમાં અભાવ, અને તે અભાવને દૂર કરવા માટેનાં પ્રયાસની ખામી ત્યાં ત્યાં તેટલા પ્રમાણમાં હિંસા. પછી ભલે તે વ્યક્ત હોય, કે અવ્યક્ત હોય, જાણપણે હોય કે અજાણપણે હોય.

હિંસાનો સંબંધ, કેવળ પ્રાણનાશ સાથે છે, એવું નથી; પણ અન્ય જીવોનાં રક્ષણ અંગેનાં ઉપયોગની ખામી સાથે ય છે. જૈન શાસનમાં જેટલો જેટલો ઉપયોગ તે ધર્મ છે અને ઉપયોગની ખામી એટલો અધર્મ છે.

મતલબ કે, અહિંસા, દયા, જીવમૈત્રી એ ધર્મનો પાયો છે. મૈત્રીભાવના વગરના કઠોર હૈયામાં કરૂણા આદિ ભાવનાઓ ઉગી શકતી નથી.

## કરૂણાભાવનું સામર્થ્ય :

કરૂણાભાવનું સામર્થ્ય બે પ્રકારે કાર્ય કરે છે. એક તો, જીવમાં કરૂણાભાવ પ્રગટે છે જે જીવમાં 'પાપાકરણ નિયમ' પ્રગટાવે છે; અને બીજું, જે જીવો ઉપર કરૂણા પ્રગટે છે તે જીવોનાં ચિત્તમાલિન્યની નિવૃત્તિ કરે છે.

તે જીવો ત્રણ પ્રકારનાં હોય છે. શત્રુ, મિત્ર અને ઉદાસીન.

એ ત્રણે પ્રકારનાં જીવોમાં રહેલી, અપરાધ કરવાની વૃત્તિ દૂર થાય છે. ભગવાન શ્રી મહાવીર સ્વામીની કરૂણાએ ચંડકૌશિક સર્પનાં અપરાધની નિવૃત્તિ કરી હતી, એ દૃષ્ટાંત છે.

પ્રભુનાં અતિશયોનું રહસ્યભૂત તત્ત્વ પણ મૈત્રી આદિ ચાર ભાવનાસ્વરૂપ પ્રભુની અદ્ભૂત યોગસંપદા છે, એમ શ્રી વીતરાગ સ્તોત્રના ત્રીજા પ્રકાશના અંતે, મૂળકાર, ટીકાકાર અને અવચૂર્ણિકારે સ્પષ્ટ કહેલું છે.

## પ્રમોદભાવનું સામર્થ્ય :

પોતાનાં હજાર અવગુણને અવગણીને પણ માનવી પોતાના નાનકડા ગુણને આગળ કરીને હરખાતો હોય છે. તેમ જે માનવીના હૃદયમાં પ્રમોદભાવ પ્રગટે છે તે પરનાં નાનકડાં પણ ગુણની પ્રશંસા કરે છે. આ પ્રશંસા એ પ્રમોદભાવનું વ્યક્ત સ્વરૂપ છે.

આ પ્રમોદભાવ જેનાં હૈયામાં હોય છે, તે પોતે સુકૃતરાગી બનીને, પરમાં સુકૃતકરણની વૃત્તિને જગાડવાનું સુકૃત પણ કરતો હોય છે.

જે વ્યકિતના જીવનના મૂળમાં મૈત્રીનો અમી સિંચાયેલો હોય છે, તે પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ્ય ભાવની પાત્રતા પ્રગટાવીને સ્વ–પર શ્રેયસ્કર જીવન જીવી જાય છે.

## માધ્યસ્થ્યભાવનો પ્રભાવ :

હિંસા, ચોરી, જુઠ આદિ પાપો ભયંકર છે. એવાં પાપો કરીને પોતાનાં આત્માને કલંકિત કરનારા જીવો તરફ્ જેમને માધ્યસ્થ્યભાવને બદલે, ઘૃણા યા તિરસ્કાર જાગે છે તેમને જીવમૈત્રીનો સ્પર્શ થયો હોતો નથી, નહિતર પોતાનાં સંતાનની કસુરને જે આંખે એની માતા જુએ છે, એ જ આંખે જોવાની સહજ વૃત્તિ જીવમૈત્રી વાસિત હૈયાવાળા જીવને થવી જોઈએ.

પાપીમાં પાપી જીવ પ્રત્યે પણ અનુકંપા યુકત માધ્યસ્થ્યભાવ જાગવાથી, સ્વભૂમિકાની પુષ્ટિ થવા ઉપરાંત પરને એટલે કે તેવા પાપીને પણ પાપ નહિ કરવાની સદ્બુદ્ધિ જાગે છે.

માટે મૈત્ર્યાદિભાવો છોડીને સ્વાર્થ આદિમાં મનને જવા દેવું, એ આર્ત અને રૌદ્રધ્યાનનું સેવન કરવાનો અહિતકારી માર્ગ છે.

## સર્વ જીવોનું હિતચિંતન :

સર્વ જીવોના હિતચિંતનનો ભાવ નિસર્ગથી કે અધિગમથી જાગ્યા વિના આત્મ-સમ-દર્શિત્વ અને તેમાંથી ફલિત થતાં ક્ષાન્ત્યાદિ ધર્મો કેવી રીતે પ્રાપ્ત થઇ શકે ?

કોઈની સાથે વેર ન હોવું એ જ મૈત્રી છે વેર ન હોવું એટલે અહિત ચિંતનનો અભાવ હોવો. અહીં 'બે નિષેધ પ્રકૃત અર્થને કહે છે' એ ન્યાયે હિતચિંતનનો ભાવ જ આવીને ઊભો રહે છે.

સર્વનું સુખ ઈચ્છવું એ મોહરૂપ નહિ પણ વિવેકરૂપ છે. શ્રી સંઘને ઉદ્દેશીને શાસ્ત્રકારોએ "पुत्रमित्र भ्रातृकलत्र... नित्यं प्रमोद कारिण:, नरपतयश्चाक्षीणकोष्ठागारा भवन्तु ।" વગેરે સૂત્રો રચ્યા છે, અને બ્રહ્મલોકની શાંતિ ચાહી છે, તે કેવળ ઉપદ્રવના અભાવરૂપ જ નહિ પણ સ્વાસ્થ્યના સદ્ભાવરૂપ પણ છે.

દર્દી વૈદ્ય પાસે જાય છે તે સમયે તેના મનમાં દર્દથી મુકત થઇને શારીરિક સુખાકારી મેળવવાનો ભાવ હોય છે.

દર્દના હોવાપણામાં આરોગ્યનો અભાવ છે, અને દર્દના દૂર થવામાં આરોગ્યનો સદ્ભાવ છે, તેમ શાંતિની બાબતમાં સંપત્તિની બાબતમાં અને લોકોત્તર સમતા આદિ ગુણોની બાબતમાં પણ સમજી લેવાનું છે.

સર્વત્ર હિતચિંતન રૂપ મૈત્રી અને સકલ સત્ત્વ હિતાશય એ ધર્મમાત્રનો, યોગમાત્રનો અને અધ્યાત્મમાત્રનો પાયો છે.

શ્રી જિનાજ્ઞા પોતાનાં તુલ્ય પરને અને પરમાત્મ તુલ્ય પોતાને, નિશ્ચયથી માનવાનું ફરમાવે છે. તે આજ્ઞાનો અસ્વીકાર અને સ્વીકાર એ અનુક્રમે ભવ અને મોક્ષનું બીજ બને છે.

જીવને આર્તધ્યાનથી છોડાવી અને ધર્મધ્યાનમાં જોડવા માટે તથા શ્રેણિ અને શુક્લધ્યાન સુધી પહોંચાડનાર સકલ સત્ત્વ વિષયક સ્નેહ અને હિતચિંતાનાં પરિણામ છે. તેથી તે સ્વયં ધર્મધ્યાન રૂપ છે અને ધર્મધ્યાનનો હેતુ પણ છે.

શુક્લધ્યાનનું બીજ ધર્મધ્યાન છે અને ધર્મધ્યાનનું બીજ મૈત્ર્યાદિભાવો છે. મોક્ષમાં તે ભાવો નથી પણ સર્વાનુગ્રહકારક પરાર્થ સાર એવો સ્વભાવ, મોક્ષમાં પ્રગટે છે તે પ્રકર્ષભાવને પામેલા મૈત્ર્યાદિભાવોનું જ પરિણામ છે.

સારાંશ કે, મૈત્ર્યાદિભાવો એ ધર્મમય જીવનનું જીવન છે. તેના સેવનમાં સ્વ-પર કલ્યાણ સમાયેલું છે.

卐

નમસ્કારભાવનો એક અર્થ ક્ષમાયાચના થાય છે. ક્ષમાયાચનાથી ચિત્ત પ્રસન્ન બને છે. અર્થાત્ ચિત્તમાંથી ખેદ, ઉદ્વેગ, વિષાદાદિ દોષો ચાલ્યા જાય છે.

(૩૯)

# વસ્તુ અને વાસના

ઘરના આંગણે કચરો હોય એ ગંદકી ગણાય છે. એ જ કચરો ખેતરમાં ખાતર ગણાય છે; એ ન્યાયે ધન પણ સ્વયં પોતે સારું કે નરસું નથી. એ કયા સ્થાને વપરાય છે એ ઉપરથી તે સારું યા ખરાબ ઠરે છે.

સ્ત્રી એ મોહીની રૂપે ભલે ભયંકર હોય પણ, માતા રૂપે મહાકલ્યાણિની છે. કીર્તિ એ કામના રૂપે ભલે કાળી નાગણ હોય કિંતુ સત્યની કાંતિ રૂપે પરમ સોહામણી છે.

મતલબ કે, વસ્તુમાં પાપ નથી પરંતુ વસ્તુની વાસનામાં પાપ છે.

વસ્તુ, જ્યારે કોઈની વાસનાનું સ્વરૂપ ધારણ કરે છે ત્યારે તે વસ્તુ પાપ યા પુણ્યનું પ્રબળ નિમિત્ત બની જાય છે.

એકની એક વસ્તુને, ભિન્ન ભિન્ન માણસો પોતાની આંતરિક યોગ્યતા અનુસાર જોતા, તેમજ મૂલવતા હોય છે. વસ્તુને તેનાં સ્વરૂપે જોવી, તે યથાર્થદૃષ્ટિ છે. તે વસ્તુને વાસના ઇચ્છા કે મમતા વડે જોવી એ મિથ્યાદૃષ્ટિ છે.

સંપત્તિને ભોગ અર્થે વાપરનારાઓનો તુટો નથી કિંતુ તેની મુર્ચ્છાથી મુક્ત રહી જગત-કલ્યાણ અર્થે વાપરનારા મહાન સામર્થ્યને સર્જે છે તેથી લક્ષ્મી, એ દોષ નથી પણ આદર્શ વિનાના વાસનાગ્રસ્ત મનુષ્યોના હાથમાં, તે દોષરૂપ, બંધનરૂપ કે સારહીન બને છે.

જે વસ્તુઓ વાસનાના સાધનરૂપે વિષને પ્રસારે છે તે જ વસ્તુઓ સત્યના સાધનરૂપ બને ત્યારે અમૃતને વરસાવે છે.

વસ્તુ તો તેની તે જ રહે છે પણ, તેના તરફ જેવો ભાવ હૃદયમાં હોય છે, યા જોતાં જેવો ભાવ તેના પ્રત્યે જાગે છે, તેવું વાતાવરણ માણસની અંદર-બહાર તે વસ્તુ સર્જે છે.

પશુત્વ બીજાના ભોગે પોતે જીવવા ઇચ્છે છે. મનુષ્યત્વ પોતાના ભોગે બીજાને જીવાડવા ઇચ્છે છે, અથવા પોતે જેમ જીવવાને ઇચ્છે, તેમ બધા જીવો પણ જીવવાને ઇચ્છે છે, એમ સમજીને બધાની સાથે આત્મ તુલ્ય વ્યવહાર કરે છે.

# (૪૦)

# કસોટીનો ડર

કસોટીએ ચડવાનો પ્રસંગ આવે છે ત્યારે માણસ ગભરાય છે અને એ પ્રસંગ ટાળવા મથે છે. એને એ ડર સતાવતો હોય છે કે, હું કદાચ કસોટીમાં નહિ ટકી શકું તો........?

પણ, આમ સત્યનો ડર રાખ્યે કેમ ચાલશે? પોતાનું ખરું સ્વરૂપ, પોતાને અને જગતને જાણવા દેવામાં જ સદા કલ્યાણ છે. મધુર અસત્ય કરતાં કડવું સત્ય વધારે પથ્ય નીવડે છે.

આપણે ક્યાં છીએ અને શું છીએ એ જાણ્યા વિના, ક્યાં જવું અને શું થવું એ ભાગ્યે જ સમજાય છે. તત્ત્વ–ચિંતકો કહે છે કે, જીવન એ તો આત્મસાક્ષાત્કારની એક મહત્ત્વની પ્રક્રિયા છે. એ પ્રક્રિયાનો પરિચય કરી લેવાની એક રીત એ કસોટી છે.

કસોટીથી ડરનાર, બહિર્મુખ હોય છે. એ અંગત સુખ–દુઃખનો જ ફક્ત ખ્યાલ કરી અણગમતાં પરિણામોથી ગભરાયા કરે છે.

કસોટી માટે તત્પર રહેનાર, અંતર્મુખ હોય છે. તે અંગત સુખ–દુઃખનો ખ્યાલ છોડી દઈ શ્રેયસ્કર જીવનની ઝંખના કરતો રહે છે.

સુખ એ તો આનુસંગિક બાબત છે. એ કાંઈ જીવનનું ધ્યેય નથી. 'સતત વિકાસ અને અંતે આત્મસાક્ષાત્કાર એ જ સાચું જીવન છે, જીવનનું સાચું ધ્યેય છે.

આટલું બરાબર સમજનારને પ્રત્યેક કસોટી હંમેશાં શ્રેયસ્કર નીવડે છે. જ્યારે તે કસોટીમાં સફળ થાય છે ત્યારે તેનામાં આત્મશ્રદ્ધા પ્રગટે છે, અને નિષ્ફળ નીવડે છે ત્યારે તે પોતાની નિર્બળતાઓને પારખી લે છે. આમ બન્ને સ્થિતિમાં તેની તો પ્રગતિ જ થાય છે.

કસોટીએ ચઢતા જવું, પોતાનું મૂલ્યાંકન કરતાં જવું અને મૂલ્ય વધારવા મથતા જવું, એ આત્મોન્નતિની નિસરણીના ક્રમિક પગથિયા છે.

જેને આત્મોન્નતિ સાધવી છે, આત્મસાક્ષાત્કાર પામવો છે તેને કસોટીથી ડર્યે નહિ ચાલે.

કસોટીથી દૂર ભાગવું એ કાયરતા છે. ઉલટભેર કસોટીને આવકારવી એ મર્દાનગી છે. કંચનને ક્યારેય કસોટીનો ડર નથી જ સ્પર્શતો.

*

નમસ્કારભાવ વડે પરના ઉપકારનો સ્વીકાર કરાય છે અને પરને ગુણ કરવાની વૃત્તિ પેદા થાય છે. એમાં એકનું નામ કૃતજ્ઞતા છે, બીજાનું નામ ઉદારતા છે.

# (૪૧)

# નયવાદની ઉપયોગિતા

જૈન દર્શનમાં વસ્તુનું જ્ઞાન, પ્રમાણ અને નય–ઉભયથી કરવાનું ફરમાવ્યું છે. '**प्रमाणनयैरधिगमः**' એ, વાચક શ્રી ઉમાસ્વાતિજીનું પ્રસિદ્ધ વચન છે.

જૈન દર્શનમાં પાંચ જ્ઞાન, પ્રમાણ સ્વરૂપ છે. તેનાં નામ અનુક્રમે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન છે.

તેમાં પ્રથમનાં બે જ્ઞાન, પરોક્ષ પ્રમાણ છે, અને પછીનાં ત્રણ જ્ઞાન પ્રત્યક્ષ પ્રમાણ છે.

પ્રત્યક્ષ એટલે, કેવળ આત્માથી જણાય તે. પરોક્ષ એટલે જે જાણવા માટે આત્માને, ઈન્દ્રિયો અને મનની સહાય લેવી પડે તે.

મતિજ્ઞાન પાંચ ઈન્દ્રિયો અને મનની સહાયથી થાય છે; અને શ્રુતજ્ઞાન એકલાં મનની સહાયથી થાય છે; પણ બન્ને પરોક્ષ પ્રમાણ જ્ઞાન છે.

નય એ શ્રુતજ્ઞાનનો જ એક પ્રકાર છે.

જે જ્ઞાન વસ્તુના એક અંશને ઈતર અંશોનાં અપલાપ કર્યા વિના જણાવે તે નયશ્રુત છે.

સ્વાભિપ્રેત અંશને જણાવવાની સાથે ઈતર અંશોનો

જે અપલાપ કરે તે દુર્નયશ્રુત છે. અને વસ્તુના સમગ્ર અંશોને જણાવે તે સ્યાદ્વાદશ્રુત છે.

આ જ વાત આપણે એક દૃષ્ટાંતથી સમજીએ.

ધર્મનાં અનુક્રમે ચાર પ્રકાર છે. દાન, શીલ, તપ અને ભાવ. એ ચારમાંથી કોઈ એકને જ ધર્મ તરીકે સ્થાપન કરવો તે નયશ્રુત છે.

એકને ધર્મ તરીકે સ્થાપી બીજાનાં ધર્મ સ્વરૂપનો નિષેધ કરવો તે દુર્નયશ્રુત છે.

અને ક્રમશઃ ચારેય (દાન, શીલ, તપ અને ભાવ) ને ધર્મ તરીકે વર્ણવવા તે સ્યાદ્વાદશ્રુત છે.

વળી ધર્મને આરાધવા માટે અનુક્રમે ત્રણ ગુણોની, અથવા ત્રણ તત્ત્વોની આવશ્યકતા રહે છે.

દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણ ગુણો છે. દેવ, ગુરૂ અને ધર્મ એ ત્રણ તત્ત્વો છે. તેમાંના કોઈ એકનો સ્વીકાર તે સુનય, તે નય સાથે બીજાનો તિરસ્કાર, તે દુર્નયઃ અને ત્રણેનો સ્વીકાર તે સ્યાદ્વાદ.

જ્ઞાન એ મોક્ષનો માર્ગ છે, એ વાકય સાચું છે. પણ 'એ એક જ મોક્ષમાર્ગ છે' એમ કહેવું એ સાચું નથી. પરંતુ જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણે મળીને મોક્ષનો માર્ગ બને છે.

તેવી જ રીતે દેવાધિદેવની પૂજા એ મોક્ષનો માર્ગ છે, એ વાકય સાચું છે. પણ એ એક જ વાકય સાચું છે

એવું નથી. ગુરુવંદન પણ મોક્ષમાર્ગ છે, એ વાક્ય પણ સાચું છે, અને દેવ ગુરૂ અને ધર્મ એ ત્રણેનો મોક્ષનાં માર્ગ તરીકે સ્વીકાર એ સ્યાદ્‌વાદશ્રુત છે.

ત્રણમાંથી કોઈ એકને સ્વીકારનાર નયશ્રુત છે, અને કોઈ એકને સ્વીકારી અન્યનો નિષેધ કરનાર દુર્નયશ્રુત છે. આ જ વાતને વ્યાવહારિક દૃષ્ટિએ સમજવા માટે લાડવાનું દૃષ્ટાંત છે.

ઘી, ગોળ અને આટો એ ત્રણેના વિધિપૂર્વકના મિશ્રણથી લાડવો બને છે. એ ત્રણમાંથી કોઈ એકને મોદકનું કારણ કહેવું એ નય છે; એકને કહીને બીજાનો નિષેધ કરવો એ દુર્નય છે; ત્રણેનું સ્થાપન કરવું એ સ્યાદ્‌વાદ છે.

બીજું દૃષ્ટાંત ઘરનું છે.

કોઈપણ ઘર અથવા મકાન તેનાં પાયાની, ભીંતની અને છાપરાની અપેક્ષા રાખે છે.

ઘર માટે પાયાનો સ્વીકાર કરવો, પાયા સિવાય બીજાનો ઇન્કાર કરવો, અને ત્રણેનો સ્વીકાર કરવો એ ત્રણે વાક્યો દેખીતી રીતે જ ભિન્ન છે; એ ત્રણે વાક્યોને અનુક્રમે નય, દુર્નય, અને સ્યાદ્‌વાદની સંજ્ઞા આપી શકાય.

આ રીતે સ્યાદ્‌વાદ, નયવાદ અને દુર્નયવાદ પ્રત્યેક સ્થળે વિચારી શકાય છે.

દુર્નયવાદ એ એકાંતવાદ છે, સ્યાદ્‌વાદ એ અનેકાંતવાદ છે અને નયવાદ એ અનેકાંતવાદનો જ એક અંશ છે.

શ્રી જૈન દર્શનમાં એકાંતવાદને મિથ્યા ઠરાવ્યો છે. મોક્ષમાર્ગમાં તે વિઘ્નભૂત છે, અનર્થકર છે, અસદ્ અભિનિવેશને પોષનારો છે.

જયારે અનેકાંતવાદ મિથ્યા અભિનિવેશને ટાળનાર છે, માધ્યસ્થ પરિણુતિને પોષનાર છે, તથા મુમુક્ષુઓને સર્વ પ્રકારની વિરાધનાઓથી બચાવી આરાધનાના માર્ગે ચઢાવનાર છે.

નયવાદની ઉપયોગિતા પ્રવૃત્તિમાં દૃઢતાને લાવનારી છે તથા સાચાં કારણોનો સ્વીકાર કરી અન્ય પણ તેટલાં જ સાચા કારણોનો ઈન્કાર કરાવતાં બચાવી લેનાર નીવડે છે. કેવળ 'જ–કાર' દ્વારા બીજાં કારણોનો ઉચ્છેદ કરતાં અટકાવનારી પુરવાર થાય છે. ઘોર અંધારી રાતે દીવા જેટલું ઉપકારક આ જ્ઞાન મુમુક્ષુઓને માર્ગદર્શક નીવડે છે.

જૈન શાસ્ત્રકારોના અભિપ્રાય મુજબ આ નયવાદ અને સ્યાદ્વાદનું રહસ્યપૂર્ણ જ્ઞાન નહિ થવાને લીધે જ જીવ અનાદિકાળથી એકાંતવાદમાં તણાઈ આ ભવાટવીમાં પરિભ્રમણ કર્યા કરે છે.

એકાંતવાદના આ અંધકારમાંથી જીવને બચાવી લેનારું સમ્યગ્જ્ઞાન, નયવાદ અને સ્યાદ્વાદને તેના સાચા સ્વરૂપમાં વિસ્તારથી સમજાવનાર, પૂર્વાચાર્યોના અનેક ગ્રંથ રત્નો આજે પણ મોજુદ છે. તેમાં **શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ** રચિત '**સમ્મતિતર્ક**' ગ્રંથ સૌથી મોખરે છે.

બીજો શ્રી મલ્લવાદીનો 'नयचक्र' નામે ગ્રંથ છે. તદુપરાંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી રચિત 'अनेकांत जय पताका' વાદીદેવસૂરિજીનો "प्रमाण नय तत्त्व लोकालङ्कार" કલિકાલ સર્વજ્ઞ ભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીનો 'स्याद्वाद मंजरी' નામની ટીકાવાળો અન્ય યોગ વ્યવચ્છેદ દ્વાત્રિંશિકારૂપ તથા પ્રમાણ મીમાંસા, ઉપાધ્યાય શ્રી યશોવિજયજી વિરચિત शास्त्रवार्ता समुच्चय ની ટીકા સ્વરૂપ સ્યાદ્વાદ કલ્પલતા તથા બીજાં પણ नय प्रदीप, नय रहस्य, नयोपदेश ઇત્યાદિ નાનાં નાનાં પ્રકરણો અનેક છે.

આ બધાં ગ્રંથો તેમજ પ્રકરણોને ગુરૂગમથી ભણવા અને સમજવા માટે જેઓ સાચા અંતઃકરણથી પ્રયાસ કરે છે, તેઓને નવો જ્ઞાનનો કોઇ નવો દિવ્ય-પ્રકાશ પ્રાપ્ત થાય છે, કે જેના તેજ વિસ્તારમાં અજ્ઞાનરૂપી અંધકાર નાશ પામે છે અને સમ્યગ્જ્ઞાનરૂપીભાનુ સહસ્ર કિરણો વડે અંતરમાં અજવાળાં પાથરે છે.

સન્માર્ગે ચઢાવી મોક્ષમાર્ગમાં આગળ વધારનાર નયવાદના મર્મને હૃદયસાત્ કરવાથી મુઝબુઝ સહુને વહેલી સ્પર્શો!

卐

| |
|---|
| જીવની અનાદિકાળની અયોગ્યતાને અર્થાત્ અપાત્રતાને શાસ્ત્રકારો સહજમલના શબ્દથી સંબોધે છે. |

## (૪૨)

# સુખ–દુઃખ મીમાંસા

જે ન ઇચ્છવા છતાં આવે તે દુઃખ છે.

જે ઇચ્છવા છતાં ચાલ્યું જાય તે સુખ છે.

એ રીતે દુઃખનું આવવું અને સુખનું જવું, એ વૈભાનિક છે.

દુઃખ તથા સુખ એ વાસ્તવિક જીવન નથી. દુઃખ સ્વભાવથી અપ્રિય છે માટે વાસ્તવિક જીવન નથી સુખમાં સ્થિરતા નથી માટે તે પણ વાસ્તવિક જીવન નથી.

વાસ્તવિક જીવન સુખ તથા દુઃખ બન્નેના સદુપયોગમાં રહેલું છે.

સુખનો સદુપયોગ દુઃખીઓની સેવામાં છે; દુઃખનો સદુપયોગ 'અહં' ને 'મમ' ના નાશમાં છે, તેને સમભાવ–પૂર્વક સહન કરવામાં છે.

સુખ–દુઃખમાં જીવનબુદ્ધિ સ્વીકારવી એ ભૂલ છે. અને સુખ–દુઃખનો સદુપયોગ એ વિકાસનું મૂળ છે.

દુઃખથી ભયભીત થવું અને સુખમાં આસક્ત રહેવું એ માનવ મનનો પ્રમાદ છે.

દુઃખનો મહિમા તે જ સમજી શકે છે કે, જેણે દુઃખના પ્રભાવથી સુખની આસક્તિનો સર્વાંશે ઉચ્છેદ કર્યો છે.

સુખની દાસતાને જીવતી રાખવી અને દુઃખની નિંદા કર્યાં કરવી એ દુઃખ પ્રત્યેની મોટી કૃતઘ્નતા છે; કારણ કે દુઃખ આપણાં અશુભને ખપાવે છે, તેથી તેનો તે અપેક્ષાએ ઉપકાર માનવો જોઇએ.

જે સુખ ઇચ્છવા છતાં ન રહે તેની ગુલામી કરવી અને જે દુઃખ સર્વતોમુખી વિકાસ કરે, તેનાથી ભયભીત રહેવું તે મોટામાં મોટો પ્રમાદ છે.

સુખાસક્તિ એ સમસ્ત વિકારોની ભૂમિ છે; જ્યારે સમભાવપૂર્વક સહેલું દુઃખ વિકાસની ભૂમિ છે.

પ્રકૃતિના નિયમ મુજબ જે આવે છે તે અવશ્ય જાય છે; રહે છે તે, કે જેમાં આવવા જવાની વાત હોતી નથી; માટે જે આવે ને જાય તેનો સદુપયોગ અને જે કાયમ રહે તેના પર પ્રેમ કરવો એ કર્તવ્ય ઠરે છે.

વિશ્વભરમાં સુખ યા દુઃખ દેખાય છે તે સ્થિર નથી, બન્ને પરિવર્તનશીલ છે.

સુખનું પ્રલોભન છે, ત્યાં સુધી દુઃખ અવશ્ય રહેવાનું. જેને દુઃખનો અંત કરવો છે, તેને સુખની ઇચ્છાનો પણ અંત કરવો જરૂરી છે.

દુઃખની અપરિહાર્યતા અને ઉપયોગિતાના સ્વીકારમાં જ સુખની આસક્તિનો અંત છે.

દુઃખની આવશ્યકતાને ન સ્વીકારવી અને તેનાથી સતત ડરતા રહેવું એ ભયંકર ભૂલ, ઉપરાંત કાયરતા પણ છે જ.

દુઃખની વાસ્તવિકતાનો સ્વીકાર કરી સુખ–દુઃખથી પર જીવનની સાથે અભિન્ન થવું, એ માનવ જીવનનું સર્વોચ્ચ ધ્યેય છે.

સુખ–લોલુપતાનો નાશ કરવામાં દુઃખની ઉપયોગિતા છે. સર્વોત્કૃષ્ટ સ્થિતિ પ્રાપ્ત કરવામાં દુઃખ પરમ હેતુ બને છે, તેથી અનિચ્છાએ પણ દુઃખાનુભૂતિ કરાવનાર તત્ત્વ પ્રત્યે કૃતજ્ઞ રહેવું, તે માનવ માત્રનું કર્તવ્ય છે.

અનુકૂળતા એટલે સુખ અને પ્રતિકૂળતા એટલે દુઃખ એવી સમજ ઐહિકભાવજન્ય છે, પરંતુ ભૂત, વર્તમાન અને ભવિષ્ય એ ત્રણેય કાળની અપેક્ષાએ સુખ એ છે, જે સ્થિર રહે છે, દુઃખ એ છે, જે સ્વ–પરને સ્વભાવભ્રષ્ટ કરે છે.

આવવા જવાના સ્વભાવવાળા સુખ–દુઃખ સાથે આરાધક આત્મા કદીયે બંધાતો નથી, પણ એમાંથી બોધ ગ્રહણ કરીને આત્મપક્ષે અધિક સ્થિરતા ખીલવીને માનવજન્મને સાર્થક કરે છે.

☆

સહજમલના કારણે જીવ કર્મના સંબંધમાં આવે છે, અને કર્મનો સંબંધ જીવને વિષયાભિમુખ બનાવે છે.

# (૪૩)

# પ્રકૃતિનું મહાશાસન

વિશ્વનું વિધાન પ્રાણીમાત્રના કલ્યાણ માટે સતતપણે ચાલી રહ્યું છે.

આ વિધાનનું સમ્યગ્જ્ઞાન મળવાથી જીવ ભયાનક સંસારસાગરને રત્નત્રયના સાધન વડે તરી જાય છે. સમ્યગ્-જ્ઞાનનાં બળે જીવ આ સંસારમાં પણ આરોગ્ય બોધિલાભ અને સમાધિની સિદ્ધિ મેળવી શકે છે.

વિરાટ વિશ્વનું જ્ઞાન વીતરાગતાથી પ્રાપ્ત કરી શકાય છે. વીતરાગતા પ્રાપ્ત કરવાનું સાધન અહિંસા, સંયમ અને તપની સાધના છે.

સંકલ્પ-વિકલ્પના તરંગ શાંત થવાથી આત્મામાં વિશ્વ પ્રતિબિંબિત થાય છે, એ વિદ્યાનું નામ ચિત્રકારી વિદ્યા નહિં પરંતુ વિચિત્રકારી વિદ્યા છે.

પૂર્ણજ્ઞાન અને વિજ્ઞાન અધ્યયનથી પ્રાપ્ત થતું નથી, કિન્તુ શાંતતા અને શુદ્ધતાના અભ્યાસ વડે પ્રાપ્ત થાય છે.

અગ્નિને ઠારવાની શકિત જળમાં છે એવો બોધ ઘડાના પાણીથી થઇ શકે છે, પરંતુ પર્વતના દાવાનળને શમાવવાની શકિત ઘડાના જળમાં નથી, પણ મેઘની ધારામાં છે.

અહિંસા, સંયમ અને તપની સાધના સકામ યા અકામ ભાવથી પરોપકારપ્રધાન બનનારને સિદ્ધ થાય છે. તેથી

પરોપકાર-પરાયણતા જ સંસારદાવાનળને શમાવવામ
મેઘધારાનું કાર્ય કરે છે.

પરોપકાર-પરાયણતાનું બીજું નામ ધર્મ મહાસત્તાનુ
આરાધન છે.

સ્વની જેમ સર્વની હિતચિંતા એ જ ધર્મ મહાસત્તાન
શરણાગતિ છે.

ધર્મ મહાસત્તા વિશ્વના પ્રાણીઓનું હિત કરનારી છે
તેથી તે રત્નત્રયી છે.

ધર્મ મહાસત્તાની પૂર્ણ વફાદારી વડે ત્રિલોકનાથ
તીર્થંકર પદની પ્રાપ્તિ કરીને તીર્થંકરો ધર્મતીર્થની સ્થાપના
કરે છે અને વિશ્વતંત્રના નિયમ અનુસાર દેવેન્દ્ર, નરેન્દ્ર
મુનીન્દ્ર અને યોગેન્દ્રના યોગક્ષેમકારક પદને પામે છે.

વિશ્વપ્રકૃતિ તેમના જન્મકલ્યાણકને ઉજવે છે, અતિશયે
અને સમવસરણાદિ સમૃદ્ધિને સમર્પે છે. તેઓશ્રી ચાર
નિક્ષેપો વડે ત્રણ કાળ પૂજાય છે. શાશ્વત-અશાશ્વત ચૈત્યોમ
તેઓશ્રીની ભક્તિ થાય છે.

સત્ય શાસ્ત્રોની રચના તેઓશ્રીના ઉપદેશથી થાય છે.
સત્ય અને શાશ્વત મંત્ર, યંત્ર, તંત્રાદિ પ્રગટ થાય છે
અને તે દ્વારા પ્રકૃતિનું મહાશાસન વિશ્વકલ્યાણનું કાર્ય કરે છે
અને તીર્થંકરદેવોની ભક્તિ વગેરે સહજ ક્રમાનુસારે થાય
છે. માટે, પરમાર્થ-પરાયણ જીવનમાં આપણે 'જીવન
માણવું જોઈએ.

❋

(૪૪)

# સર્વ – સમર્પણભાવની આરાધના

ભવક્ષય–વાસનાક્ષય માટે ધ્યાનાદિની પ્રબળ આવશ્યકતા છે, તેમજ જીવનમાં સદ્ગુણોની પણ મોટી આવશ્યકતા છે. તેના વિના જીવન જળ વિનાના સરોવર જેવું સુક્કું ભઠ્ઠ બની જાય.

સદ્ગુણ અને ધ્યાનાદિના સુપ્રભાવે જીવનમાં સંતપણું પ્રગટે છે.

સંતપણું એટલે :– સદ્ગુણ, સંયમ, પરોપકાર, વિશાળ હૃદય, ઈશ્વરપરાયણતા.

સંતપણું પ્રગટાવવા માટે વિવિધ અંગોની જરૂરિયાત છે.

સંજોગવશાત્, અજ્ઞાનવશાત્ યા વાસનાવશાત્ બાહ્ય પ્રવૃત્તિઓ રહેવાની. પણ આત્મજ્ઞાન એ જ જીવનનું મુખ્ય લક્ષ્ય રહેવું જોઇએ. આ જીવનમાં તે ન થયું, તો આવી સુંદર તક ફરી ક્યારે મળશે?

તેને માટે વ્યાકુળતા જોઇએ. તે સિવાય બાહ્ય પ્રવૃત્તિઓ વચ્ચે નિર્લેપતા ટકવી મુશ્કેલ છે.

દેવ–ગુરુની કૃપા એ જ સાચું શરણું છે. તેને સમર્પિત થઇને ચાલવાથી આત્મવિકાસની સાધના માટેની સામગ્રી તે પોતે જ મેળવી આપે છે.

નિર્વિચાર દશામાં શાંતિ મળે પણ આત્મામાં પરમાત્માના તાદાત્મ્યનો અનુભવ તો સમર્પણભાવથી જ થાય. પરમાત્માના સાન્નિધ્યના અનુભવમાં શાંતિ, શક્તિ અને ભક્તિ ત્રણે વસ્તુ સમાઇ જાય છે.

પરમાત્મા સર્વોત્તમ અને સર્વ સ્વરૂપ છે, એમ માનીને તેમને સર્વ-સમર્પણ ભાવથી આરાધવામાં આવે તો સફળતા મળે જ.

જીવનમાં સારું તો નહીવત્ જ હોય છે, અને જે હોય છે તે દેવ-ગુરુના અનુગ્રહનું જ પરિણામ હોય છે. આત્મામાં અશુભનો ભંડાર અનાદિકાળથી ચાલ્યો આવે છે. બાહ્ય સંયોગો પણ મોટે ભાગે એના જ સહાયક અને ઉત્તેજક હોય છે.

પરમાત્મા અને સદ્‌ગુરુનાં બળથી જ આ બધાં બળોની સામે થઈ શકાય છે. એમનું બળ જ્યારે મળે છે ત્યારે જીવન કેવું સ્વસ્થ અને શાંત બની જાય છે! અનુગ્રહના તે સામર્થ્યનું વર્ણન શક્ય નથી.

આગમ-વાંચનથી વૈરાગ્યભાવના પરિપુષ્ટ બને છે. તેમજ સંયમની વિશુદ્ધિ સાથે મોક્ષનો આદર્શ પણ સ્ફુટ થતો જાય છે. એ રમણતામાં આનંદ રહે છે. સાથે સદ્‌ગુણ-વિકાસ અને વાસનાદિ ક્ષય માટે યોગમાર્ગ, ધ્યાનમાર્ગ પણ પરમ સહાયક બને છે.

સદ્‌ગુણ-વિકાસ, સદાચાર-નિર્માણ અને આત્મજ્ઞાન એ ત્રણે મળીને મોક્ષમાર્ગ બને છે.

આત્મજ્ઞાન માટે ધ્યાનાદિનો અભ્યાસ અનિવાર્ય છે.

પિંડસ્થાદિ ધ્યેયોના ધ્યાનથી માંડીને 'न किंचिदपि चिन्तयेत् ।' પર્યંત ધ્યાનનો વિકાસ, ક્રમિક અભ્યાસ વડે થવો જોઇએ. તેને જ શાસ્ત્રીય પરિભાષામાં સાલંબન અને નિરાલંબન શબ્દોથી સંબોધેલ છે.

સ્વાર્થભાવનો સમૂળ ઉચ્છેદ કરવામાં પરમાત્માનું ધ્યાન કૃપાણ સમાન છે. માટે પરમાત્માને સમર્પિત થવું એ આત્મોન્નતિનો ઉત્તમ ઉપાય છે.

આપણે કોને સમર્પિત થઇને હરખાઇએ છીએ તેના ઉપર આપણા આત્માની ઉન્નતિ યા અવનતિ અવલંબેલી છે.

દુન્યવી આકાંક્ષાઓને સમર્પિત થઇશું, તો સંસારમાં સબડીશું. પરમ કૃપાળુ પરમાત્માને સમર્પિત થઈશું તો પરમ પદ પામીશું. એમ સમજીને પરમાત્માને શરણે જવું એ પરમ કર્તવ્ય છે.

*

આપણી હીનતા અને ક્ષતિઓની બેધડક કબુલાત વિના નમસ્કારભાવની ઝાંખી પણ થઇ શકતી નથી. નમસ્કારભાવ વિનાની કોરી નમ્રતા અહંકારભાવની જનેતા છે અને તે ઠગારી હોય છે.

# (૪૫)

# દોષ અને ગુણ

દોષ એ દિવાલ છે.

ગુણુ એ દ્વાર છે.

દિવાલ દ્વારા ઘરમાં પ્રવેશ કરનાર ચોર ગણાય છે અને પ્રવેશ કરે છે તો પણુ તેને ઘરમાંથી બહાર કાઢવાના પ્રયાસો થાય છે.

આ નિયમ દોષના માધ્યમ દ્વારા બીજાના હૃદયરૂપી ઘરમાં પ્રવેશ કરનારને લાગુ પડે છે.

ગુણુ એ પુરુષ અને દોષ એ પડછાયો છે. પડછાયો પુરુષને ઓળખાવે તેટલી જ તેની કિંમત છે.

જ્યાં દોષરૂપી પડછાયો હોય, ત્યાં ગુણુ પણુ હોય જ. જ્યાં ગુણુ હોય, ત્યાં પડછાયો હોય યા ન પણુ હોય.

મધ્યાન્હ સમયે પુરુષ હોય છે, પણુ તેનો પડછાયો હોતો નથી. અન્ય સમયે પુરુષ અને પડછાયો બંને હોય છે.

ગૌરવર્ણવાળા પુરુષનો પડછાયો શ્યામ હોય છે. લોકમાં પડછાયાની કિંમત કોઈ ગણતું નથી, તેમ લોકોત્તરમાં દોષની કિંમત કોઈ જ નથી.

દોષને પકડવાથી દોષ જ આવે છે. ગુણુને પકડવાથી ગુણુ પકડાય છે. દોષને વજન ન આપતાં ગુણુને જ વજન આપવાથી તે ધર્મમાર્ગ બને છે.

છદ્મસ્થપણાને કારણે આચાર્ય, ઉપાધ્યાય, સાધુ પ્રમત્તાદિ ગુણસ્થાનકોએ પ્રમાદ, કષાય, નોકષાયાદિ દોષવાળા હોવા છતાં, તેમના ગુણોને આગળ કરીને જ આરાધના થાય છે. તેમ જીવરાશિ પ્રત્યે મૈત્રીભાવ, જીવમાં રહેલા ગુણને આગળ કરવાથી જ સાધી શકાય છે.

મૈત્રી એ સ્નેહપરિણામરૂપ છે. દ્વેષ તે પરિણામને શોષવી નાખે છે. 'द्वेषी गुणान् न पश्यति' એ નિયમ છે.

એટલે દ્વેષીમાં મૈત્રીભાવ ટકતો નથી. 'मित्ती मे सव्व भूएषु' એ ભાવ તો જ ટકે, જો જીવમાત્રમાં રહેલ ગુણને જોવામાં આવે.

એ ગુણ 'અક્ષરનો અનંતમો ભાગ જીવમાત્રમાં ઉઘાડો છે,' એ વચનને આગળ કરવાથી જોઈ શકાય છે, અને એ રીતે જોનાર જ મૈત્રીભાવ વડે જીવમાત્રને ગુણદૃષ્ટિ વડે જોઇને આરાધક બને છે.

દોષ જોવાથી દોષ આવે છે અને ગુણ જોવાથી ગુણ આવે છે.

ભગવાન જીવમાત્રમાં પ્રચ્છન્નપણે રહેલા કેવળજ્ઞાનાદિ ગુણોને જ્ઞાનના બળથી જોઈ શકે છે. તેથી તેમનામાં સ્નેહભાવ સુકાતો નથી પણ અખંડ રહે છે.

સ્નેહભાવને શોષવી નાખનાર દ્વેષરૂપી દાવાનળને ડામવા માટે દોષદૃષ્ટિને દૂર કરી ગુણદૃષ્ટિ કેળવવી જોઇએ.

ગુણ દૃષ્ટિવાન સદાય સાચી આત્મકમાણી કરે છે. દોષ દૃષ્ટિવાન સદાય ખોટમાં રહે છે. 卐

卐

(૪૬)

# અનુમોદનાથી અનુબંધ

આપણે જે અનુષ્ઠાન કરીએ છીએ, તે અનુષ્ઠાન જ્યાં જ્યાં થતું હોય, તેની અનુમોદના કરવી જોઇએ. કેમકે ત્રિકરણયોગથી ધર્મ પરિપૂર્ણ બને છે.

કોઈ પાપ કરે છે તો તેને તે પાપનો બંધ પડે છે, તેમ તે પાપની પ્રશંસા યાને અનુમોદના કરનાર અને કરાવનાર બધાને તે પાપનો બંધ પડે છે.

પાપની અધિક પ્રશંસા કરનારને અધિક પાપ લાગે છે, કારણ કે આત્માનું અહિત કરનારા પાપની પ્રશંસા કરીને તે પોતે પાપ તો બાંધે જ છે, પરંતુ તે પાપનાં ભારોભાર વખાણ કરીને બીજા ભદ્રિક તેમજ વિશ્વાસુ માણસોને પણ તેમ કરવા પ્રેરીને તે અધિક પાપ વડે બંધાય છે.

પાપના કરનારને પળ આવે પસ્તાવો થવાથી યા સદ્‌ગુરુના સદુપદેશથી યા નિમિત્તના જોગે પાપથી પાછા ફરવાનું બને છે, પણ પાપની અનુમોદના કરનારને તો પાપ વધતું જ જાય છે.

એવી જ રીતે ધર્મમાં પણ સમજવું. ધર્મ કરનાર પોતે તે પુણ્ય બાંધે છે, પણ તે ધર્મ કરાવનાર અને તેની

અનુમોદના કરનારા પણ પુણ્ય બાંધે જ છે, એટલું જ નહિ પણ ક્યારેક ધર્મના કરનારા કરતાં પણ અધિક પુણ્ય બાંધે છે.

વાત એમ બને છે કે, ધર્મના કરનારને (મેં આટલો ધર્મ કર્યો એ મતલબના) અહંકારનો સંભવ રહે છે. જ્યારે કરાવનારને લઘુતા (નમ્રતા) રહે છે. છતાં ક્યારેક અહંકાર સ્પર્શી જાય છે. (જોયું! મારી પ્રેરણાથી કેવો ધર્મ થઇ રહ્યો છે!) એ મતલબનો.

જ્યારે સાચા દિલથી અનુમોદના કરનારને, આવા કોઈ અહંકાર આદિ દોષની સંભાવના ન રહેતી હોઇને તેને ઘણો મોટો લાભ થાય છે.

એનો અર્થ એ નથી કે ધર્મ કરવો અને કરાવવો ન જોઈએ, પણ કરવા અને કરાવવાની સાથે તેની અનુમોદના પણ અવશ્ય કરવી જોઇએ.

જે ધર્મ કરવો ગમે, કરાવવો ગમે, તે જ ધર્મની અનુમોદના ન કરી શકીએ તો આપણો ધર્મ અધૂરો રહે.

ત્રણે કાળ અને ત્રણે લોકના ધર્મની (શ્રી જિનવરોપદિષ્ટ અનુષ્ઠાનોની) અનુમોદના થવી જોઇએ, તે અધિક ફળદાયક બને છે.

કરણ (કરવું, તે) બિંદુ છે. અનુમોદન સિંધુ છે.

અનુમોદન એ મહોર (છાપ) લગાવવા રૂપ હોઇને તેનાથી શ્રેષ્ઠ અનુબંધ પડે છે.

ધર્મની (ધર્મ કરવાની) સામગ્રી મળવા છતાં, તેનો ઉપયોગ પ્રમાદમાં થાય છે, કારણકે કરેલ ધર્મનો અનુબંધ નથી પડયો.

આપણુ જાતે કરતા હોઇએ, કે બીજા કરતા હોય, પણ તે ધર્મની અનુમોદના જો ચૂકી જવાય છે, તો તે ફોરો પડી જાય છે. તેની અસર ઉપરચોટિયા બની જાય છે.

ધર્મનું મૂળ મળ્યા પછી, જો ધર્મને ભૂલી જવાય તો તે નિરનુબંધ ધર્મ છે. અનુબંધ અનુમોદનથી પડે છે.

પ્રતિજ્ઞામાં એક પણ કરણ અધુરૂં હોય તો તે ન ચાલે, તેમ ધર્મ પણ ત્રિકરણયોગે થવો જોઇએ.

અનુમોદનપૂર્વક કરણ સમ્યગ્ બને છે. આપણે જે ધર્મ કરીએ છીએ તે જ ધર્મ શ્રી સંઘમાં, કે અન્યત્ર કોઈ કરતો હોય તો એની પણ હૈયામાં અનુમોદના હોય તો જ તે ધર્મ સફળ કહેવાય છે:

પણ જો પોતાના કે પોતાને ત્યાં થઈ રહેલા ધર્મનો હર્ષ હોય અને બીજાને ત્યાં થઈ રહેલા ધર્મ કે ધર્મી પ્રત્યે, અણગમો કે અપ્રીતિ હોય, તો પોતે કરેલ ધર્મ નિષ્ફળ છે અર્થાત્ તે ધર્મ મુક્તિરૂપી ફળ આપી શકતો નથી.

ઉત્તમ દૃશ્ય યા પ્રસંગ જોતાંવેંત હૃદયમાંથી હર્ષના

ઉદ્‌ગાર નીકળી પડે છે. તે એમ સૂચવે છે કે ઉત્તમની અનુમોદના કરવાની યોગ્યતા આપણી અંદર તો છે જ!

ઉત્તમોત્તમ એવાં ધર્માનુષ્ઠાનો થતાં જોઈને, કે થયેલાં સાંભળીને તે યોગ્યતા સોળે કળાએ ખીલી ઉઠવી જોઈએ, આપણા હૈયામાં હર્ષની ભરતી આવવી જોઇએ. આપણી જબાનમાં મિઠાશ છુટવી જોઇએ, આપણી આંખોમાં હર્ષાશ્રુ નીકળવાં જોઈએ.

આ બધાંથી અનુમોદના પ્રાણવંતી બને છે, અનુબંધ ગાઢ બને છે, ઉત્તમ ધર્મકરણી માટેની લાયકાત પુષ્ટ થાય છે અને ઉત્તમ દેશકાળાદિના યોગે ઉત્તમ આરાધના દ્વારા કર્મો ખપાવીને આત્મા મુક્તિગામી બને છે.

કૃતજ્ઞતા ગુણ વડે અપાત્રતા દૂર થાય છે અને ઉદારતા ગુણ વડે પાત્રતા વિકાસને પામે છે.

# (૪૭)

# મૂર્તિ, મંત્ર અને શાસ્ત્ર

શાસ્ત્ર, મૂર્તિ કે મંત્ર, શાસ્ત્રનાં આદિ પ્રરૂપક–મૂર્તિના સ્થાપ્ય દેવ, કે મંત્રના વાચ્ય પરમાત્મા સાથે કાર્ય–કારણ, સ્થાપ્ય–સ્થાપક અને વાચ્ય–વાચક ભાવનો સંબંધ ધરાવે છે. તેથી તે દરેકને આગળ કરવાથી તેના કારણ, સ્થાપ્ય અને વાચ્યને જ આગળ કરાય છે, અને તેને આગળ કરવાથી તેની સાથે દ્રવ્ય, ગુણ અને પર્યાય વડે સામ્યને ધારણ કરનાર નિજ આત્માને જ આગળ કરાય છે.

નિજ આત્માને આગળ કરવાથી અનાત્મતત્ત્વ પ્રત્યેની પ્રીતિનો વિલય થાય છે, આત્મતત્ત્વ પ્રત્યે પ્રીતિ–ભક્તિ જાગે છે અને તેના પરિણામે કર્મબંધનના હેતુ છુટી જાય છે અથવા કર્મક્ષયના હેતુ આવી મળે છે.

કર્મક્ષયનો પ્રધાન હેતુ આત્મજ્ઞાન છે અને આત્મ-જ્ઞાનનો સીધો ઉપાય આત્મધ્યાન છે. આત્મધ્યાનનું આલંબન પરમાત્મધ્યાન છે; પરમાત્મધ્યાનનું આલંબન શાસ્ત્ર, મૂર્તિ અને મંત્રમાં રહેલું છે. તેના અનુષ્ઠાન વડે, અનુષ્ઠાનને બતાવનાર શાસ્ત્ર અને શાસ્ત્રના આદ્ય પ્રકાશક શ્રી તીર્થંકર પરમાત્મા અને ગણધર ભગવંત આદિનું ધ્યાન થાય છે.

એ ધ્યાન વડે આત્મજ્ઞાન થાય છે. આત્મજ્ઞાન વડે સકળ કર્મનો ક્ષય થઈ, મોક્ષનો લાભ થાય છે.

આ રીતે મૂર્તિ, મંત્ર અને શાસ્ત્ર, જીવને શિવપુરીમાં પહોંચાડનાર શ્રેષ્ઠ આલંબનરૂપ સિદ્ધ થાય છે. તે પૈકી કોઇ એકની પણ ઉપેક્ષા કર્મવૃદ્ધિમાં પરિણમે છે. કર્મ વધતાં જીવનો સંસાર વધે છે; સંસારના ત્રિવિધ તાપમાં જીવને શેકાવું પડે છે, રીબાવું પડે છે.

માટે વિવેકી આત્માએ સદા હર્ષોલ્લાસપૂર્વક મૂર્તિ, મંત્ર અને શાસ્ત્રની અનુક્રમે પૂજા, જાપ અને સ્વાધ્યાયની રૂચિ વધારીને સંસાર ઘટાડવો જોઈએ.

આત્મા એ એક મહામહિમાશાલી દ્રવ્ય છે, તેથી જ તેને ઓળખાવનાર પરમાત્મા પ્રત્યે ભક્તિ જાગે છે. એ ભક્તિ ક્રિયા તરફ આદર જગાડે છે અને એ આદર પ્રયત્નમાં પરિણામ પામે છે.

(૪૭)

# ભવ્યત્વ પરિપાકના ઉપાયો

ભવ્યત્વ (આત્માના મુક્તિગમન–યોગ્યત્વ)ના પરિપાક માટે જ્ઞાની ભગવંતોએ ત્રણ ઉપાયો બતાવ્યા છે. ૧. દુષ્કૃતગર્હા ૨. સુકૃતાનુમોદન ૩. શરણુગમન

જ્યારે જ્યારે દુઃખ કે પ્રતિકૂળતા આવે ત્યારે ત્યારે 'એ મારાં જ પૂર્વકૃત પાપનું ફળ છે' એમ માનીને બીજા કોઇ ઉપર દ્વેષ ન કરવો, તે દુષ્કૃતગર્હા છે.

દુઃખ આવે છે, પાપના ઉદયથી. પાપનો ઉદય પાપ કરવાથી થાય છે. પાપ આપણે પોતે કરીએ છીએ. એમાં કોઇનું અનુમોદન હોતું નથી, કારણુ કે, લોકમાં પાપ નિંદ્ય છે. પાપ કરે એની લોકો પણુ નિંદા કરે છે માટે પાપના કટુ ફળ વખતે બીજાને દોષ ન દેવાય પણુ એને સમભાવે વેદવું જોઇએ.

પ્રતિકૂળતા વખતે બીજાને દોષ દેવાની આપણી ટેવ છે, તે ખોટી છે.

અનુકૂળતા બીજાને કારણે મળે છે, તેમાં અનેકની સહાય હોય છે; તે વખતે પણુ પાપ કરીએ તો તેની જવાબદારી પોતાની છે.

પાપના ફળમાં દોષ પોતાનો હોવા છતાં, બીજાને દોષ દેવાની વૃત્તિ તે જ મિથ્યાત્વ છે.

દુઃખમાં વજ્ર જેવા કઠોર બનવું જોઈએ. પોતાના દુઃખમાં બીજાને શા માટે તકલીફમાં મૂકવા? એ વિચારથી આવતી નમ્રતા દુષ્કૃતગર્હા છે. તેનાથી પાપનો અનુબંધ અટકે છે.

ભવ્યત્વ પરિપાકના ત્રણ ઉપાયો પૈકી દુષ્કૃતગર્હાની વિચારણા પછી, હવે આપણે **સુકૃતાનુમોદના** ઉપર વિચારીએ.

આપણે જે સુકૃત કરીએ છીએ, તેની અનુમોદના કરનાર હોય તો તે સુકૃત સારી રીતે થાય છે. તે જે બીજાએ અનુમોદના કરી તેનો હર્ષ ધારણ કરવો તે સુકૃતાનુમોદના.

પોતાના પુણ્યના ઉદયની અનુમોદના નથી કરવાની પણ આપણને શુભમાં જે સહાય કરે છે, તેનું અનુમોદન થવું જોઇએ.

સારા કુળમાં જનમ્યા તે માતાપિતાના પુણ્યથી છે એમ માનવું જોઇએ તો જ નમ્રતા આવે છે કારણ કે પુણ્ય પણ બીજાની સહાયથી મેળવેલ છે.

દાન આપવું હોય તો લેનાર જોઈએ.

પૂજા કરવી હોય તો પૂજ્ય વ્યક્તિ જોઇએ.

દીક્ષા લેવી હોય તો ગુરૂ જોઇએ.

ભણવામાં બીજાનાં (રચેલાં) શાસ્ત્રો ભણીએ છીએ.

આપણા આત્મહિત માટે જેમણે સહાય કરી છે તેનું

અનુમોદન તે સાચી સુકૃતાનુમોદના છે.

આટલી સ્થિતિએ પહોંચવામાં કેટકેટલાની સહાય લીધી છે?

બીજાના ઉપકારને કૃતજ્ઞભાવે માથે ચઢાવવામાં આપણે ઉણા ઉતરીએ છીએ પણ આપણે બીજા ઉપર જે ઉપકાર કરીએ છીએ તેની ઠેર ઠેર જાહેરાત કરવાનું ચુકતા નથી.

સાચા સાધકે દરેકનો ઉપકાર માનવો જોઇએ.

આપણી ભૂલ બીજા ખમી શકે તો આપણે પણ બીજાની ભૂલ ખમવી જોઇએ. આપણી ભૂલ ખમી ખાનારનો પણ ઉપકાર માનવો જોઇએ.

## શરણગમન :

શરણગમનથી દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદના ફળે છે

શ્રી અરિહંતાદિ ચારે ય આપણને શરણ આપે છે પણ આપણે લેતા નથી કારણ કે તેઓ 'આપણને શરણ આપે છે' એવી શ્રદ્ધા જ નથી.

દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનથી અંતઃકરણ શુદ્ધ થયા પછી જ, શ્રી અરિહંતાદિના શરણે જવાની યોગ્યતા પ્રગટ થાય છે.

ભીંત સામે ઊભા રહેવાથી કંઈ ન દેખાય.

દર્પણ સામે ઊભા રહેવાથી આપણું ભૌતિક સ્વરૂપ દેખાય છે તેમ શ્રી અરિહંતો આપણને આપણું વાસ્તવિક સ્વરૂપ બતાવે છે. તેઓના સ્મરણ વડે આપણા સ્વરૂપનું સ્મરણ થાય છે તે જ સાચું શરણ છે અને એ શરણ

દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનથી અંતઃકરણ શુદ્ધ થયા પછી જ પ્રાપ્ત થાય છે.

શ્રી અરિહંત પરમાત્મા ૧૩ મા ગુણસ્થાનકે રહેલા છે.

શ્રી સિદ્ધ પરમાત્મા ૧૪ મા ગુણસ્થાનકે રહેલા છે.

સાધુ ભગવંતો ૬–૭ મા ગુણસ્થાનકે રહેલા છે. એ બધા નિર્મળ આત્માઓમાં ધર્મ રહેલો છે.

તેમના સ્મરણથી આત્માના સાચા સ્વરૂપનું ભાન અને જ્ઞાન થાય છે.

રૂપ દેખાડે તે દર્પણ.

આત્મસ્વરૂપ દેખાડે તે અરિહંત–સિદ્ધ.

એ આત્મસ્વરૂપ જોવા પ્રયત્ન કરવો જોઇએ.

આત્માનું શુદ્ધ સ્વરૂપ, અરિહંત–સિદ્ધ રૂપ છે. એ જાણ્યા પછી ભય રહેતો નથી કારણ કે આ જાતનો આત્મા આપણી સાથે જ રહેવાનો છે.

આત્મસ્વરૂપને જાણવા આપણા જ્ઞાનચક્ષુને વિકસિત કરવા જોઇએ.

વ્યવહારથી આપણો આત્મા સંસારી અને નિશ્ચયથી સિદ્ધ સ્વરૂપી છે. એ બંને સ્વરૂપો અત્યારે મોજુદ છે.

શુદ્ધ નયની ભાવના માટે શ્રી અરિહંતાદિનું શરણુ લેવાનું છે. તેથી જ બધી ફરીયાદો દૂર થઇને આત્મોન્નતિ થાય છે.

—※—

# (૪૮)

# ધર્મારાધનની પાયાની રીત

ધર્મ નવ કોટીએ પૂર્ણ બને છે.

ત્રણ કરણ :– કરવું ( કરણ ), કરાવવું ( કરાવણ ), અનુમોદવું ( અનુમોદન ).

ત્રણ યોગ :– મન, વચન અને કાયા.

ત્રણ યોગમાં મુખ્ય મન છે કારણ કે તે સૂક્ષ્મ છે. મનપૂર્વક ( મન દઇને ) કરે તે ધર્મક્રિયાનું ફળ વધારે. મન વગરની ક્રિયાનું ફળ ઓછું.

દરેક ક્રિયામાં પ્રધાનતા કાયાની હોવા છતાં તેમાં મન ભળે છે ત્યારે જ તેની અસરકારકતા (સારી યા નરસી) વધે છે.

ધર્મકાર્યમાં કાયાની પ્રધાનતા હોઇને તેને વશમાં રાખવી પડે. જે પોતાની કાયાને વશમાં ન રાખી શકે તે વચન અને મનને વશમાં કઈ રીતે રાખી શકે ?

સ્થૂલ કાયા ઉપર પણ કાબુ ન આવે તો સૂક્ષ્મ મન ઉપર કાબુ કઈ રીતે આવી શકે ?

કાયા અને વચન કરતા મન વધારે ચંચળ છે, માટે મનને વશ કરવા સહુથી પહેલા કાયા અને વચન ઉપર કાબુ મેળવવો જોઇએ.

અસ્થિર અને ચંચળ મન જેમ દુર્ગતિનું કારણ છે તેમ સ્થિર અને પ્રશાંત મન સદ્દગતિનું પણ કારણ છે.

કદાચ કાયબળ ઓછું હોવાથી કાયિક ધર્મ ઓછો થાય, પણ અશક્ત કાયામાં ય, મન તો અવશ્ય બળવાન બની શકે છે માટે અશક્ત દેહાવસ્થામાં પણ મનથી સુંદર ધર્મારાધન થઈ શકે છે.

ધર્મને પરિપૂર્ણ કરવા માનસિક અનુમોદન (બધાનું) થવું જોઈએ.

સોયમાં નહિ પરોવાયેલા ઉત્તમ પ્રકારના દોરાથી પણ ફાટેલું વસ્ત્ર સંધાતું નથી, તેમ કર્મક્ષયકારક ધર્માનુષ્ઠાનની અનુમોદનામાં નહિ ભળેલા એવા મનથી આત્માનો મેલ કપાતો નથી, આત્મશુદ્ધિ થતી નથી.

માટે મનને સુકૃતમાં જોડવાનો ખાસ પ્રયત્ન બાલ્યકાળથી જ થવો જોઈએ.

卐

સંસાર એટલે કર્મકૃત અવસ્થા. એને ટાળવાનો ઉપાય તે ધર્મ. તે ધર્મનું સાધન માત્ર મનુષ્યભવમાં સમ્યક્ત્વ કે મંદ મિથ્યાત્વની હાજરીમાં જ થઈ શકે છે.

# (૪૯)

# ભાવ – માહાત્મ્ય

જૈન સાધુ જગતની દૃષ્ટિએ મહાન સુખી છે કારણ કે ચોવીસે કલાક તેઓ શ્રી જિનાજ્ઞાના પાલનમાં પસાર કરે છે. શ્રી જિનાજ્ઞાપાલન એ જ સાચી પ્રભુભકિત છે.

પ્રભુઆજ્ઞાના પાલક સાધુને જોઇને જગત રાજી થાય છે, અનેકને પ્રભુભક્તિના કોડ જાગે છે.

દેવ અને ગુરુ આપણા આત્માને ચાહે છે, આપણા આત્માનું હિત ઇચ્છે છે. છતાંય આપણી પાસે કોઈ અપેક્ષા રાખતા નથી. એમના નિર્વ્યાજ સ્નેહના કારણે જ એમના તરફ આપણને ભક્તિ જાગે છે.

ભકિતયોગ એટલે ભાવ આપવો.

ભાવ આપવો એટલે હૃદય સોંપવું, હૃદયના સિંહાસન પર ઇષ્ટને પ્રતિષ્ઠિત કરવા.

જે સામગ્રી મળી છે, એ સામગ્રીનો ભકિત કરીને સદુપયોગ કરવો જોઇએ.

રાત્રે ઊંઘતા પહેલાં વિચારવું જોઇએ કે, આજે મારી કઈ વસ્તુ બીજાના ઉપયોગમાં આવી ?

**દેતાં શિખો, પણ માગો નહિ.**

**Give me, I lack.** ( એ માગણી છે. )

**Use me, I have.** ( એ દાન છે. )

આપવા છતાંય આપવાનો ભાવં વધતો જતો હોય, તો જ્ઞાન સફળ છે.

બધાં ધર્મી જીવો આપણને ભાવ–આત્મ–સ્નેહ આપે જ છે, પૂર્વ પુરુષોનું બધું આપણને કામ આવે છે.

માટે મળેલી સામગ્રીને પરહિતમાં સાર્થક કરવાની પ્રત્યેક પળને સાધી લો.

મોક્ષમાં આપવાનું જ છે, લેવાનું નથી. અહીં લેવડ–દેવડ બન્ને છે. પણ લેવામાં જ્ઞાન, દેવામાં ભાવ હોવો જોઇએ આ બે મુદ્દા અતિ મહત્ત્વના છે.

ભાવથી પ્રભુભક્તિ કરતાં રહીને જગતના જીવોને ભાવ આપવાને લાયક બનીએ.

ભવસ્થિતિને પકવવામાં ભાવદાન એ રામબાણ ઇલાજ છે.

શ્રી તીર્થંકર પરમાત્માએ, આપણાં બધાં ઉપર કરેલા ઉપકારોનો કોઈ સુમાર નથી. તેમજ આજે, તેમજ ભવિષ્યમાં પણ એમનાં ઉપકારોની અમીવૃષ્ટિ, અનવરતપણે ચાલુ જ છે અને ચાલુ રહેવાની છે.

માટે, શ્રી તીર્થંકર પરમાત્માની આજ્ઞાને જીવનમાં ખાસ અગ્રીમતા (Special priority) આપવી જોઇએ.

જે કાંઈ કરીએ તે, આજ્ઞાપાલનના ઉદ્દેશપૂર્વક કરવાની જાગૃતિ કેળવવી જોઇએ.

દરેક કાર્યમાં વચ્ચે શ્રી તીર્થંકર પરમાત્મા આવવા જોઇએ.

પરમાત્માના ધ્યાનનું આલંબન ક્રિયા દ્વારા સાંપડે છે, માટે ક્રિયા, કરવા યોગ્ય છે.

શ્રી તીર્થંકર દેવની આજ્ઞાના પાલનની બુદ્ધિથી જે કાંઈ કરીએ છીએ, તે બધું ધ્યાન છે. માટે જે ધર્મકાર્ય કરવાનું હોય તે કરીને પછી વિશેષ ધ્યાન માટે પ્રયત્ન કરીએ તો ધ્યાન ફળે, અને તે ધ્યાનયોગ કહેવાય.

મસ્તક જ્ઞાનનું સાધન છે.

હૃદય ભક્તિનું સાધન છે.

ભાવ હૃદયમાં ઉત્પન્ન થાય છે.

ક્રિયા શરીરમાં થાય છે.

દરેક ક્રિયામાં મન, વચન, કાયા વપરાય છે, એટલે ત્રણે યોગની સાધના થાય છે. ત્રણ યોગથી ઓછા યોગની સાધના 'અધુરી' ગણાય છે.

આ સાધનાનો બદલો લેવાની જે ઇચ્છા રહે છે તે ન રહેવી જોઇએ. કારણ કે અનંત ઉપકારી શ્રી તીર્થંકર પરમાત્માની આજ્ઞાના પાલન રૂપ ધર્મસાધના એ ઋણ (કર્મ) મુક્તિનો ઇલાજ છે એટલે ઋણ ચૂકવતાં ચૂકવતાં 'બદલો'

માગવા રૂપી નવું ઋણ કોઇ વિવેકી આત્મા પોતાને માથે ન જ ચઢવા દે.

હા, બીજા ઉપબૃંહણા કરનારા હોય તો વધારે ઉલ્લાસ રહે છે. બધા એવા મળે તો દરેક ધર્મક્રિયામાં ઉલ્લાસની માત્રા વધતી જ જાય છે.

બધાં જ ભાવ (Genuine Love or Inner good-will) માગે છે. જ્ઞાન નથી માગતા.

માણુસ માત્રને મુખ્ય જરૂર ભાવની છે, જ્ઞાનની તે પછી. ભાવની ભૂખ બધાને છે અને ભાવ આપતાં થાક લાગે છે. જ્ઞાન આપતાં (શિખામણ સલાહ વગેરે) ભાગ્યે જ કોઇ થાકે છે.

હિતકર બાબત એ છે કે જ્ઞાન લેવું અને ભાવ આપવો જોઈએ. પણ આપણે ઉંધું કરીએ છીએ. સવળીને બદલે અવળી ચાલ ચાલીને આત્મપ્રગતિ સાધવાનો મિથ્યા પ્રયાસ કરીએ છીએ.

માગવા છતાં ન આપે તે કૃપણ કહેવાય. અને માગે તે ભિખારી.

આપણે ભાવના ભિખારી છીએ અને આપવામાં કૃપણ છીએ.

મતલબ કે ભાવ આપવાને બદલે યાચીએ છીએ. જ્ઞાન ગ્રહણ કરવાને બદલે આપવા માટે અધીરા બની જઇએ છીએ.

શ્રી તીર્થંકર પરમાત્મા જગતના બધા જીવોને ભાવ આપે છે. અને એ ભાવ પણ સ્વતુલ્યતાનો; એથી જરા પણ ઓછો નહિ.

સમ્યકત્વી પણ શ્રી સંઘને ભાવ આપે છે.

ભાવ આપવો, આત્મસ્નેહ આપવો, શુદ્ધ સદ્‌ભાવ આપવો, આંતરિક આદરભાવ આપવો.

જ્ઞાન ઓછું હોય તો હજીયે ચાલે પણ ભાવની ન્યૂનતા ન ચાલે. ભાવને સમ્યગ્દર્શન સાથે અવિનાભાવ સંબંધ છે, અને સમ્યગ્દર્શનને મુક્તિનું અવંધ્ય બીજ કહેલું છે એ હકીકતને લક્ષ્યમાં લેતાં ભાવનું કેટલું બધું મહત્ત્વ મુક્તિમાર્ગમાં છે તે સ્પષ્ટ થઈ જાય છે.

યોગી થવાની પ્રથમ શરત.

'ખામેમિ સવ્વ જીવે............
શિવમસ્તુ સર્વ જગતઃ............'

કોઈ પણ જીવ સાથે અમૈત્રી નહિ. એટલું જ નહિ, પણ સર્વ જીવો સાથે મૈત્રી જોઈએ જ.

અને આવી આત્મીયતા જ 'શિવમસ્તુ સર્વ જગતઃ' બોલાવી શકે, કે જે બોલમાં સચ્ચાઈ હોય, હૈયું હોય, સંવેદન હોય; દંભ–કપટ કે માયાચારનો અંશ પણ ન હોય !

જીવનમાં ક્ષમા અને મૈત્રીની મુખ્યતા એટલા માટે

છે કે કૃપણુતા, ક્ષુદ્રતા, કટુતા, ભવાભિનંદિતા, એ અનાદિથી આપણા સ્વભાવભૂત બની ગયા છે, જે વાસ્તવમાં વિભાવરૂપ છે, એટલે તેને દૂર કરવા માટે ક્ષમા–મૈત્રી આદિ વડે જીવનને રંગવું જ પડે; તે સિવાય ધર્મનો રંગ ન બેસે, ન ઉઘડે.

માંગનારને ક્ષુદ્ર કહેવાય અને હોવા છતાં ન આપનારને કૃપણુ કહેવાય, તે દોષ આપણામાં અનાદિના છે.

આપણુને બીજાના દોષો અને મમ્મણુ શેઠની કૃપણુતા દેખાય છે પરંતુ મનુષ્યભવમાં ભાવનો અખૂટ ખજાનો મળવા છતાં પણુ આપણે ભાવ આપવામાં કેટલી કેટલી કંજુસાઇ કરીએ છીએ તે દેખાતું નથી !

ભાવ એટલે..................આત્મસ્નેહ.

તે ભાવ આપવામાં ઉદાર નબવું જોઈએ.

---

ચારેય ગતિના ભિન્ન ભિન્ન કાર્યો છે. સુખ ભોગવવા માટે સ્વર્ગ, દુઃખ ભોગવવા માટે નરક, અવિવેકીપણે વર્તવા માટે તિર્યંચ અને વિવેકસહિત ધર્મ કરવા માટે મનુષ્ય ભવ છે.

# (૫૦)

# શ્રી પંચપરમેષ્ઠિમય અનુષ્ઠાન

શ્રી તીર્થંકર પરમાત્માએ પ્રરૂપેલા પ્રત્યેક અનુષ્ઠાનમાં પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે પાંચેય પરમેષ્ઠિ ભગવંતોનું સ્મરણ થઈ જ જાય છે.

શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોનાં સ્મરણ યુક્ત અનુષ્ઠાન જ મોક્ષનું કારણ બની શકે છે.

પ્રત્યેક અનુષ્ઠાનમાં શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતો કઇ રીતે પ્રતિષ્ઠિત છે તેની સ્પષ્ટતા :—

(૧) અઢીદ્વિપમાં જ્યાં જ્યાં જે જે અનુષ્ઠાન થાય છે તેનાં પ્રકાશક શ્રી અરિહંત પરમાત્મા પોતે હોય છે એટલે અનુષ્ઠાનના આરંભ સાથે જ શ્રી અરિહંત સંકળાયેલા હોઇને તેમનું મંગળકારી સ્મરણ થાય છે. આ રીતે પ્રથમ પદનું સ્મરણ થાય છે.

(૨) શ્રી અરિહંત પરમાત્માએ પ્રરૂપેલ પ્રત્યેક અનુષ્ઠાનનું લક્ષ્ય સિદ્ધપદ હોય છે. સકળ કર્મનો ક્ષય કરીને સિદ્ધપદને પામવાનું હોય છે. આ રીતે અનુષ્ઠાનમાં બીજા પરમેષ્ઠિ ભગવંતનું સ્મરણ થાય છે.

(૩) દરેક અનુષ્ઠાન આચાર સ્વરૂપ છે. વળી વર્તમાનમાં એ અનુષ્ઠાનોનો બોધ કરાવનાર આચાર્ય ભગવંત જ છે તેમજ અનુષ્ઠાન પરંપરાને ટકાવી રાખનારા પણ

ભૂતકાળમાં થઈ ગયેલા સમર્થ આચાર્ય ભગવંતો જ છે. એ રીતે ત્રીજા પદે બીરાજમાન આચાર્ય ભગવંતનું સ્મરણ અનુષ્ઠાનમાં થાય છે.

(૪) અનુષ્ઠાન ત્યારે સદ્અનુષ્ઠાન બને, કે જ્યારે તે વિધિ અને વિનયપૂર્વક કરવામાં આવે. આ વિધિ અને વિનયનાં પ્રતીક પૂ. ઉપાધ્યાય ભગવંતો છે અને તેમની એ આરાધનારીતિ (વિનય) ને અનુસરીને જ આપણાં અનુષ્ઠાન સદ્અનુષ્ઠાન બનતાં હોય છે. આ રીતે અનુષ્ઠાનમાં ચોથા પદે બિરાજેલા ઉપાધ્યાય ભગવંતનું સ્મરણ પણ થાય છે.

(૫) અનુષ્ઠાનની સફળતા ત્યારે જ છે કે જ્યારે એ અનુષ્ઠાન નહિ કરતારને આપણે સહાયક બનીએ. એક અનુષ્ઠાનને ત્રણ કરણ પૂર્વક કરવા માટે પણ બીજાને ધર્માનુષ્ઠાનમાં સહાયક થવું જ પડે છે. 'સહાય કરે એ સાધુ' એ વાક્યનો મર્મ ધર્માનુષ્ઠાન કરનારે આ રીતે ઝીલવાનો રહે છે.

મતલબ કે ધર્મકરણમાં બીજાને સહાયક બનીને સાધુપદનું પણ સ્મરણ કરીએ છીએ.

દૂધમાં ઘી ની જેમ સકળ અનુષ્ઠાનોમાં આ રીતે શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતો ઓતપ્રોત છે.



# (૫૧)

# ભક્તિના ભેદ

યોગ એટલે ચિત્તવૃત્તિનો નિરોધ. ચિત્તવૃત્તિને અશુભમાંથી શુભમાં જોડવી, તે એક પ્રકારનો ભક્તિયોગ છે.

'નમો અરિહંતાણું' પદમાં ભક્તિયોગ છે.

જ્યાં ભક્તિ હોય ત્યાં જ્ઞાન અને વૈરાગ્ય પણ હોય જ.

આપણી જાતને અલ્પજ્ઞ માનીને સર્વજ્ઞ, સર્વદર્શી શ્રી અરિહંત પરમાત્માને જે નમસ્કાર કરીએ તે ભક્તિયોગ છે.

સમર્પણભાવપૂર્વક ચિત્તને એક સ્થાને જોડવું તે ભક્તિયોગ છે.

જ્ઞાનપૂર્વક ચિત્તને એક સ્થાને જોડવું તે જ્ઞાનયોગ છે.

વૈરાગ્યવાન અને જ્ઞાનવાનની ભક્તિ તે સાચી ભક્તિ છે.

જ્યાં ભક્તિ હોય ત્યાં ગૌણપણે વૈરાગ્ય અને જ્ઞાન પણ હોય છે.

વૈરાગ્યમાં ત્યાગ છે તેમાં પણ ગૌણપણે ભક્તિ અને જ્ઞાન રહેલાં છે.

ભગવાનના વચન પ્રત્યે સદ્ભાવ રાખીને જે ત્યાગ

કરવામાં આવે છે એમાં ભગવાન પ્રત્યે ભક્તિ પ્રગટ થાય છે કારણ કે એ ત્યાગના મૂળમાં ભગવાનના વચનનો સદ્ભાવ-પૂર્વકનો સ્વીકાર હોઈને એ વચનના દાતા એવા ભગવાન તરફ, વચન કરતાં પણ વધુ સદ્ભાવ યાને અહોભાવ જાગે તે સ્વાભાવિક છે.

શ્રી જિનવચન અનુસારનો બોધ અને ત્યાગ એ જ વાસ્તવમાં જ્ઞાન અને વૈરાગ્ય રૂપે પરિણમે છે.

ચોથે ગુણઠાણે ભક્તિ 'પ્રધાન' લેખાય છે.

પાંચમે છઠ્ઠે વૈરાગ્ય 'પ્રધાન' લેખાય છે.

પછીના ગુણઠાણે જ્ઞાન 'પ્રધાન' લેખાય છે.

તાત્પર્ય કે, શ્રી અરિહંત પરમાત્મામાં મન પરોવાઈ જાય, ઓતપ્રોત થઈ જાય તો માનવભવ જરૂર સફળ થાય.

★

સર્પનું ઝેર ઉતારવાનો જેમ મંત્ર હોય છે, તેમ મોહરૂપી સર્પના વિષને ઉતારવા માટે પણ મંત્ર હોય છે અને તે દેવ-ગુરૂનું ધ્યાન છે.

શિવમસ્તુ સર્વ-જગતઃ,
પરહિતનિરતા ભવન્તુ ભૂતગણાઃ ।
દોષાઃ પ્રયાન્તુ નાશં,
સર્વત્ર સુખી ભવતુ લોકઃ ॥ ૧ ॥

સર્વ જગતનું કલ્યાણ થાઓ,
સર્વ જીવો પરોપકારી બનો,
સર્વનાં દોષો નાશ પામો,
સર્વત્ર સર્વ જીવો સુખી થાઓ.

ખામેમિ સવ્વજીવે,
સવ્વે જીવા ખમન્તુ મે ।
મિત્તિ મે સવ્વભૂએસુ,
વેરં મજ્ઝં ન કેણઈ ॥ ૨ ॥

હું સર્વ જીવોની ક્ષમા માંગુ છું,
સર્વ જીવો મને ક્ષમા આપો,
મારે સર્વ જીવો સાથે મૈત્રી છે,
મારે કોઈ સાથે વેર નથી.

## પૂજ્ય પંન્યાસજી શ્રી. ભદ્રંકરવિજયજી ગણિવરશ્રીનાં પ્રગટ થયેલાં પુસ્તકોની

# સૂચિ


૧ જૈન માર્ગની પીછાણ
૨ નમસ્કાર મહામંત્ર
૩ પરમેષ્ઠિ નમસ્કાર અને સાધના
૪ અનુપ્રેક્ષા
૫ નમસ્કાર મીમાંસા
૬ નમસ્કાર દોહન
૭ જિન ભક્તિ
૮ દેવ દર્શન
૯ પ્રતિમા પૂજન
૧૦ પ્રાર્થના
૧૧ ધર્મ શ્રદ્ધા
૧૨ પ્રતિક્રમણની પવિત્રતા
૧૩ આરાધનાનો માર્ગ
૧૪ આસ્તિકતાનો આદર્શ
૧૫ તત્ત્વ દોહન
૧૬ તત્ત્વ પ્રભા
૧૭ મનન માધુરી
૧૮ મંગલ વાણી

# દેવાધિદેવનાં દર્શન-પૂજનની સાચી સમજ

## વાંચો - વિચારો - અનુસરો

(૧) જિનમંદિરમાં પેસતાં ત્રણવાર નિસીહી બોલવી જોઈએ. નિસીહી એટલે નિષેધ (ત્યાગ.)

પહેલી નિસીહી દહેરાસરના મુખ્ય દ્વારમાં પેસતાં. આ નિસીહીથી ઘરનાં તમામ કામકાજનો ત્યાગ થાય છે.

બીજી નિસીહી મુખ્ય ગભારા આગળ. આ નિસીહીથી દહેરાસર સંબંધી અન્ય કામકાજનો ત્યાગ થાય છે.

ત્રીજી નિસીહી ચૈત્યવંદન કરતાં પહેલાં. આ નિસીહીથી દ્રવ્યપૂજનનો ત્યાગ થાય છે. દૂરથી પ્રભુનું મુખ જોતા જ બે હાથ ભેગા કરી મસ્તકે લગાડી મસ્તક નમાવી "નમો જિણાણં" એમ બોલવું.

(૨) પ્રભુસ્તુતિ શાંતિ અને મધુર સ્વરે બોલવી.

(૩) શારીરિક અને માનસિક ચોક્ખાઈ રાખવી. વિવેકહીન વસ્ત્રો પહેરવાં નહિ.

(૪) **અષ્ટપ્રકારી પૂજાનો ક્રમ :-**

જલપૂજા (પ્રક્ષાલ) કેસરપૂજા, ફૂલ (પુષ્પ) પૂજા, ધૂપપૂજા, દીપકપૂજા, અક્ષત (ચોખા) પૂજા, નૈવેદ્યપૂજા, ફળપૂજા.

(૫) **અષ્ટપ્રકારી પૂજાના દુહા :-**

(અ) **જલપૂજા :**

જલપૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ

જલપૂજા ફલ મુજ હજો, માગો એમ પ્રભુ પાસ
જ્ઞાન કલશ ભરી આતમા, સમતા રસ ભરપૂર
શ્રી જિનને નવરાવતાં, કર્મ થાયે ચકચૂર

(બ) **ચંદનપૂજા :**

શીતળ ગુણ જેહમાં રહ્યો શીતળ પ્રભુ સુખ રંગ
આત્મ શીતળ કરવા ભણી, પૂજો અરિહા અંગ

(ક) **પુષ્પપૂજા :**

સુરભિ અખંડ કુસુમ ગ્રહી, પૂજો ગત સંતાપ
સુમજંતુ ભવ્ય જ પરે, કરીએ સમકિત છાપ

(ડ) **ધુપપૂજા :**

ધ્યાનઘટા પ્રગટાવીએ, વામ નયન જિન ધૂપ;
મિચ્છત્ત દુર્ગંધ દૂર ટળે પ્રગટે આત્મ સ્વરૂપ.

(ઇ) **દીપકપૂજા :**

દ્રવ્યદીપ સુવિવેકથી, કરતાં દુઃખ હોય ફોક,
ભાવપ્રદીપ પ્રગટ હુએ, ભાસિત લોકાલોક.

(ઈ) **અક્ષતપૂજા :**

શુદ્ધ અખંડ અક્ષત ગ્રહી નંદાવર્ત વિશાલ,
પૂરી પ્રભુ સન્મુખ રહો, ટાળી સકલ જંજાલ.

(ઉ) **નૈવેદ્યપૂજા :**

અણાહારી પદ મેં કર્યાં વિગ્ગહગઈ ય અનંત,
દૂર કરી તે દીજીયે, અણાહારી શિવ સંત.

(૭) ફળપૂજા :

ઇન્દ્રાદિક પૂજા ભણી, ફળ લાવે ધરી રાગ,
પુરૂષોત્તમ પૂજી કરી, માગે શિવફલ ત્યાગ.

**ઉપરોક્ત દુહા ધીમા સ્વરે શાંતિથી થુંક ન ઉડે એમ બોલવા.**

(૬) **જળપૂજાર્થે આટલા નિયમો ધ્યાનમાં રાખવા** —

મ્યુનિસિપલ નળનું પાણી પ્રક્ષાલમાં લેવાય નહિ. ટાંકી કે બોરીંગનું પાણી પૂજામાં વાપરવું જોઇએ.

(૭) ન્હવણવાળા હાથે પૂજા કરાય નહિ.

ન્હવણના ડબ્બામાંથી વાટકી લઈ ચોખ્ખા પાણીથી ધોઈ પછી તેમાં કેસર લેવું.

(૮) ન્હવણ ખૂબ જ પવિત્ર અને પૂજ્ય છે. તેથી કોઇનો પગ એની ઉપર આવવો જોઇએ નહિ.

(૯) પૂજા કરવા જતી વખતે પુરૂષોએ માત્ર ધોતી અને ખેસ પહેરવાં જોઈએ. આ વસ્ત્રો હંમેશા ધોવાયેલાં સ્વચ્છ હોવાં જોઇએ. પ્રભુજીને ખેસનો અષ્ટપડો મુખ કોસ બાંધીને જ પૂજા કરવી. સીવેલા વસ્ત્ર ભગવાનની પૂજા માટે વપરાય નહિ. ( કોઇના પહેરેલા વસ્ત્ર ન પહેરાય )

પૂજા કરતા આપણું શરીર કે હાથ પ્રભુજીને લાગવું કે ઘસાવું ન જોઇએ, કપડાં પણ અડવાં ન જોઇએ.

(૧૦) શક્ય હોય ત્યાં સુધી પૂજાની સામગ્રી કેસર, દૂધ, વાસક્ષેપ, ચોખા, બદામ, ફૂળ વિગેરે ઊંચામાં ઊંચી સામગ્રી ઘેરથી જ લઈ જવી. વર્તમાનકાળમાં શુદ્ધ અત્તર કે કેસર મળવું દુર્લભ હોઈ ચોકસાઈ કરીને શુદ્ધ લાવી પૂજામાં વાપરવું.

(૧૧) દહેરાસરમાં સાધારણ ખાતેથી રાખેલ કેસર, સુખડ, દૂધ, ધૂપ, દીપ વિગેરે પણ બને ત્યાં સુધી ન વાપરવાં. શક્તિસંપન્ને પૂજાની દરેક સામગ્રી પોતાના દ્રવ્યે જ લાવવી જોઇએ. પૂજા કરતાં કેસરના છાંટા ભગવંત ઉપર કે બાજુમાં પડવા જોઇએ નહિ. કેસર નખને લાગવું જોઈએ નહિ. કેસરમાં આંગળી એ રીતે બોળવી કે કેસર નખમાં ભરાઈ ન જાય. ખૂબજ શાંતિથી પૂજા કરવી.

(૧૨) પૂજામાં તાજાં, સુગંધી અને સ્વચ્છ ફૂલો વાપરવાં જોઇએ. જમીન પર પડેલાં કે વાસી પુષ્પો ભગવાનને ન ચઢાવાય.

(૧૩) ધૂપદાનીમાં અગરબત્તી સળગતી હોય તો નવી અગરબત્તી સળગાવવી નહિ.

(૧૪) આરતી અને મંગળ દીવો દરરોજ ઉતારવો. આરતી ઉતારવાથી આત્મિક, શારીરિક અને માનસિક પીડાઓ દૂર થાય છે. મંગળદીવો ઉતારવાથી આપણું ભાવ મંગળ થાય છે.

(૧૫) મંગળદીવો ડાબી બાજુએથી ઊંચે લઈ જઇને જમણી બાજુએ ઉતારવો, તેમજ નાભિની નીચે અને મસ્તકની ઉપર લઈ જવો જોઇએ નહિ. ઉલ્ટી રીતે ઉતારવાથી આશાતના થાય છે.

(૧૬) આંગીની તથા ઘીની બોલીની રકમ શક્ય હોય તો તેજ દિવસે અથવા સંઘે ઠરાવેલ મુદ્દત દરમ્યાન ચુકવી દેવી જોઇએ. ઠરાવેલી મુદ્દતથી જેટલા દિવસ રકમ આપવામાં વિલંબ થાય તેટલા દિવસનું વ્યાજ આપવું જોઇએ. અન્યથા દેવદ્રવ્ય ભક્ષણનો દોષ લાગે.

(૧૭) પ્રભુની પૂજા કરતાં પહેલાં પોતાના કપાળ ઉપર અવશ્ય તિલક કરવું જોઇએ. એ તિલક દ્વારા સૂચિત થાય છે કે "હે પ્રભુ! તારી આજ્ઞા હું માથે ન ચડાવું તો તને અડવાનો પણ મને અધિકાર નથી" તે સિવાય બે કાન ઉપર, ગળા ઉપર, હૃદય ઉપર અને નાભિ ઉપર, પણ કેસરથી તિલક કરાય છે એનો અર્થ એ છે કે મારા બે કાન તારા સિવાય બીજા કોઈના વચન ઉપાદેય તરીકે સાંભળશે નહિ. મારૂં ગળુ સાચા અર્થમાં દેવ, ગુરૂ, ધર્મ વિના બીજા કોઇના ગુણ ગાશે નહિ, મારૂં હૃદય તારા વિના અને તારા મત વિના બીજા કોઇને સમર્પિત થશે નહિ, અને ઠેઠ નાભિ સુધી તારી આજ્ઞાને જ હું ધારણ કરીશ.


તિલકનું કેસર જુદું હોવું જોઇએ.

(૧૮) જિનબિંબને વાળાકુંચી સખ્ત અને ઝડપી હાથે કરવી નહિ. પ્રથમ ભીના કપડાથી સાફ કરી જરૂર પડે ત્યાં જ પોચા હાથે વાળાકૂંચીનો ઉપયોગ કરવો. જે રીતે દાંતમાં ભરાયેલ વસ્તુ કાઢવા સાવધાનીપૂર્વક સળીનો ઉપયોગ કરીએ છીએ તેમ ખૂણે ખાંચરે રહેલ કેસર આદિ દૂર કરવા જ વાળાકૂંચીનો ઉપયોગ કરવો જોઈએ.

(૧૯) વાસક્ષેપ પૂજા અંગુઠો અને અનામિકા (જેનાથી પૂજા કરીએ છીએ તે) આંગળી વડે કરવી.

(૨૦) દર્શન કરનારા બધા પ્રભુજીનું મુખ જોઈ શકે તે માટે અને વિધિ સચવાય તે માટે પુરૂષોએ જમણી બાજુથી અને સ્ત્રીઓએ ડાબી બાજુએથી દર્શન કરવાં.

(૨૧) પ્રભુની પૂજા બાદ સાથીઓ અવશ્ય કરવો જોઇએ.



સાથીઓ કરવાથી પ્રભુ સમક્ષ પોતાનું દર્દ અને પોતાની ભાવના પ્રગટ કરવાની છે. સાથીઆનાં ચાર પાંખડા ચાર ગતિના સૂચક છે. ત્રણ ઢગલીઓ જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ રત્નોની સૂચક છે અને ઉપર કરવામાં આવતો અર્ધચંદ્રાકાર સિદ્ધશિલાની અને એની ઉપર થતી અક્ષત શ્રેણી એ સિદ્ધ ભગવંતની સૂચક છે. સાથીઆ કરતાં આપણે આપણું દર્દ રજુ કરવાનું છે કે, "હું આ ચાર ગતિમાં ભમી રહ્યો છું. એ ભ્રમણ દૂર કરવા જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ઔષધનું

મારે સેવન કરવાનું છે અને એના દ્વારા પરમ આરોગ્ય રૂપ મોક્ષ–સિદ્ધગતિને મારે પ્રાપ્ત કરવી છે. તારી પૂજાથી મને તારા જેવા બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાવ." સ્વસ્તિક કરવા માટે ચોખાના દાણા ક્ષત વગરના એટલે આખા જોઈએ કારણ એ દ્વારા આપણે અક્ષયપદ મેળવવું છે.

**સાથિઓ કરતી વખતે બોલવાનો દુહો —**

ચિંહુંગતિ ભ્રમણ સંસારમાં, જન્મ મરણ જંજાળ
અષ્ટકર્મ નિવારવા, માગુ મોક્ષ ફલ સાર
અક્ષત પૂજા કરતા થકા સફલ કરૂં અવતાર
ફલ માંગુ પ્રભુ આંગણે, તાર તાર મૂજ તાર
દર્શન જ્ઞાન–ચારિત્રના, આરાધનથી સાર
સિદ્ધશિલાની ઉપરે, હો મુજ વાસ શ્રીકાર.

(૨) કાચના પટ ઉપર પૂજા ન કરવી. પૂજા કરવાથી પટ બગડી જાય છે અને ઢંકાઈ જાય છે.

**પૂજાના ત્રણ પ્રકાર છે.**

૧. અંગપૂજા ૨. અગ્રપૂજા ૩. ભાવપૂજા

(૩) યક્ષ–યક્ષણી આદિની પણ પૂજા છેલ્લે અને માત્ર કપાળ પર તિલક કરીને કરવી, નવઅંગે ન કરવી. ત્યારબાદ ભગવંતની પૂજા કરાય નહિ.
મંદિરમાંથી નીકળતા ભગવાનને પુંઠ ન થાય તેનું ધ્યાન રાખવું.

(૨૪) દહેરાસરમાં સધાર્મિક તરીકે ગરીબ-ધનવાનને એક સરખા ગણી સહુનું સન્માન જાળવવું અને વિવેક તથા ઔચિત્ય પૂર્વકનું વર્તન રાખવું જોઇએ.

(૨૫) દહેરાસરમાં ઇલેકટ્રીક લાઈટ, લોખંડના હૂક, સળિયા, દરવાજાનું લોખંડનું ફીટીંગ કે ડબ્બીઓ રખાય જ નહિ. શકય હોય તો તેને દહેરાસરમાંથી દૂર કરવું.

(૨૬) શ્રાવકે ત્રિકાળ પૂજા કરવી જોઇએ.

**સવારે-**

પ્રતિક્રમણ કરી શુદ્ધ વસ્ત્ર ધારણ કરી વાસક્ષેપ પૂજા કરવી અને ધૂપ-દીપ કરી ચૈત્યવંદન વિ. ભાવસ્તવ કરવું.

**બપોરે-**

મધ્યાહ્ન સમયે સ્નાન કરી ઉંચ પ્રકારના સ્વચ્છ વસ્ત્ર પહેરી પ્રભુની અષ્ટપ્રકારી અંગ-અગ્ર પૂજા કરવી.

**સાંજે-**

ધૂપ - દીપ - આરતી - મંગલદીવો ચૈત્યવંદન વિગેરેથી સાન્ધ્ય પૂજા કરવી.

પૂજામાં મન-વચન-કાયાની શુદ્ધિ હોવી જોઇએ. સ્વસ્તિક પર મૂકાતા ફલ-નૈવેદ્ય શુદ્ધ અને ઉંચી જાતના હોવા જોઇએ.

(અહીં એક વાત અવશ્યક છે કે મૂકેલા ફળ નૈવેદ્ય એવા હોવા જોઇએ કે એને વેચતા પૂરી કિંમત ઉપજે અને એ પૈસા દેવદ્રવ્યમાં જમાં કરવા —પૂજારીને આપવાની પ્રથા અશાસ્ત્રીય છે.)

(૨૭) વૈ. સુદ ૩ અક્ષયતૃતીયાને દિને કરાતો ઈક્ષુરસનો પક્ષાલ તથા અઢાર અભિષેક ઈત્યાદિ પ્રસંગે વિવિધરસ વિગેરેના પક્ષાલ પછી જલનો અભિષેક ખૂબ ઉપયોગ–પૂર્વક કરવો. (આજુબાજુ પડેલા છાંટાની પણ જયણા કરી લેવી) જેથી રસ વિગેરેની મીઠાસ, સ્નિગ્ધતાથી જીવની વિરાધના ન થાય.

"××× ततो घृतेक्षुरसदुग्घदधिसुगन्धिजलपञ्चामृतैः स्नात्राणि ॥

ત્યાર પછી ઘી–શેરડીનો રસ, દૂધ, દહીં અને સુગંધી પાણી–આ પંચામૃતથી સ્નાત્ર કરવું.

ધર્મસંગ્રહ–પ્રત–ભા. ૧ પૃ. ૧૩૯/૧ મહામહોપાધ્યાય શ્રીમાન વિજયજી મહારાજ કૃત.

(૨૮) દહેરાસરના દરેક કામો જેવાં કે કેસર ઘસવું, અંગલૂછણાં કરવાં, દહેરાસર સાફ કરવું વગેરે બધા કામો શ્રાવકે જાતે કરવાં. દર મહિને ધાતુની પ્રતિમાને દહીંથી સાફ કરવી જોઇએ. પોતાનો આંતરિક અહંભાવ, દ્વેષભાવનો ત્યાગ કરી ખૂબજ પ્રેમપૂર્વક, વધારેમાં વધારે સમય પ્રભુભક્તિ કરવી જોઇએ. ઈન્દ્ર

જેવા ઈન્દ્ર પણ ભગવાનની ભક્તિ કરવા ઈન્દ્ર મટી પશુનું રૂપ ધારણ કરતા હતા, ત્યાં આપણી શી વાત?

(૨૯) ભગવાન પાસે સંસારની કોઈપણ ચીજ માંગવી નહિ. સંસારના ફળો માંગી માંગીને જ આપણે હજુ રખડી રહ્યાં છીએ. માંગવું જ હોય તો એક માત્ર મોક્ષ અને મોક્ષને અપાવનાર ભગવાનના શાસનની દીક્ષા માંગવી અથવા પ્રાર્થના સૂત્રમાં જણાવેલી ચીજો માંગવી